R.N.I. No. 14593/1957

પગદંડી

PAGDANDI

તંત્રીઓ : અશ્વિન માલદે ❋ શાંતિ રાંભિયા ❋ ચંદ્રકાન્ત નંદુ

VOL.64 ISSUE NO. 9 - DECEMBER 2021 - 60 PAGES - RS. 15/-

Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 2371 4674 / 2377 3032 Email : ksevasamaj@gmail.com

WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

CA Dilip Haria	CA, CFP Rajesh Gada	CA Vipul Bheda	Vikas Vira
Village: Bada	Village: Bada	Village: Samaghoga	Village:Nagalpur
98202 96135	98676 23250	98202 22750	98205 20268
dhharia@gmail.com	rajesh@gadaharia.com	vipul@gadaharia.com	vikas@gadaharia.com

પગદંડી

ડિસેમ્બર ૨૦૨૧

અનુક્રમણિકા

લેખ	લેખક	પાના નં
તંત્રી સ્થાનેથી		
સોશિયલ મીડિયાનો શિષ્ટાચાર.............	....	૫
પ્રમુખશ્રીની કલમે	ડો. મંજુલા વી. શાહ.....................	૯
પગદંડીને પત્ર		
મારો લેખ મારો વિચાર........................	જયંતીલાલ પાસડ.......................	૧૩
પગ મેં ભમરી	લીલાધર માણેક ગડા	૧૪
પુરુષનો તેજોદ્વેષ.................................		
ગતિ...	ડૉ. ગિરીશ વીછીવોરા..................	૧૮
'અંબોળ' કે 'અંબોર' શબ્દ સાંભળ્યો છે ?..........	ગુલાબ દેઢિયા...........................	૨૦
કાશ	CA સંજય વિસનજી છેડા..............	૨૨
કોલકત્તાની સફરે..	જ્યોતિ મોતા	૨૬
શોધ કોને કહેવાય ?.....................................	તલક શાહ................................	૩૨
'આત્મઅવલોકન' એટલે શું ?........................	ઍડ્વોકેટ અરુણા કલ્યાણજી સાવલા	૩૮
કલાકાર કલાકારનું ગૌરવ જાળવે છે.................	શાંતિલાલ ગઢિયા.......................	૪૦
''દીકરી''..	કસ્તૂર જે. કારાણી	૪૧
ભૂખ...	રાજેશ સાવલા...........................	૪૨
ભોજનની થાળીમાં સોય અને પાણી ભરેલો વાડકો	નીલ વીરેન્દ્ર ગાલા.......................	૪૩
આન પાન પીપળ પાન..................................	વિસનજી જાદવજી ધરોડ 'અબૂધ'....	૪૪
પપ્પા..	કાંતિલાલ રતનશી ગંગર..............	૪૬
સારવાર	ડૉ. મણિલાલ ગડા.......................	૪૮
	ડૉ. દીપ્તિ શાહ (ગડા).................	
ઉર્મિલલહર...	સંપાદન : વિશન નાગડા..............	૫૧
સાંત્વન..	....	૫૬

પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨

Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati bapat Marg, Lower Parel, Mumbai -400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

"આજે લગ્નમાં શું જમવાનું હશે ?"
એ ઉત્સુકતાનો અંત આવે જ્યારે મહેમાન
ગાલા કેટરર્સ નો ટેગ જોયે
"જે હશે બધુ ભાવતું જ હશે !"

અમે કાઠીયાવાડી, ગુજરાતી, કચ્છી, પંજાબી, સાઉથ ઈન્ડીયન તેમજ કોન્ટીનેન્ટલમાં થાઈ, મેક્સીકન, ઈટાલીયન અને ચાયનીઝ, પ્યોર વેજેટેરીયન વાનગીઓ પિરસીએ છીએ.

આજકાલનો નવો ટ્રેન્ડ

ડેસ્ટીનેશન વેડિંગ

આપના પ્રસંગોને બનાવો યાદગાર.

૨૦૦ થી ૨૫૦૦ કેપેસીટીના ભારતનાં કોઇપણ સ્થળે હોટેલ, રિસોર્ટ, તથા ક્લબમાં સંગીત સંધ્યા, મહેંદી રસમ, સમુર્તા, લગ્ન, રીસીપ્શન એરેંજ કરી, વિવિધ વાનગી પિરસી પ્રસંગને યાદગાર બનાવશું

કાર્પોરેટર સેમીનાર, એકઝીબીશન માટે

૧૦,૦૦૦ થી વધુ મેહમાનોને કેટરીંગ સર્વિસ આપવા સક્ષમ

Some of our Corporate Clients:
RELIANCE INDUSTRIES LTD, PARLE AGRO PVT.LTD
THE PHOENIX MILLS LTD., ACHARYA PRODUCTS
CAMBRIDGE SHIRTS, GODAVARI PAINTS MAYKA GROUP,
JUST IN TIME, GANGAR EYENATION ETC.

color-spac.com

Gala Caterers
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977

પ્રવીણ ગાલા : 9892183338

૫, નટરાજ બિલ્ડીંગ, લક્ષ્મી નારાયણ લેન, માટુંગા (સે.રેલ્વે), મુંબઈ-૧૯. ફોન : ૨૪૦૨ ૫૩૧૬, ૨૪૦૧ ૩૫૪૪
E: galacaterers@gmail.com, ksevasamaj@gmail.com • W: www.galacaterers.in

Google

અતુલ ગાલા : 9322221205 • રાજેશ ગાલા : 9820032010 • નિમેશ ગાલા : 9322226085
રોહિત ગાલા : 9820099251 • ચિરાગ ગાલા : 9702029280 • જયમેશ છેડા : 9819818170

સોશિયલ મીડિયાનો શિષ્ટાચાર

જૂના જમાનામાં વર્ષો પહેલાં પાષાણયુગ, લોખંડયુગ વગેરે થઈ ગયા. હાલમાં કૉમ્પ્યુટરયુગ ચાલી રહ્યો છે એમ કહી શકાય અને એમાં પણ જાણે હાલમાં આપણે સોશિયલ મીડિયા યુગમાં આપણે જીવી રહ્યા છીએ.

Whats App, Face Book, Twitter, Instagram, Internet, Google, Email વગેરે વગેરે પ્લૅટફૉર્મ આપણા જીવનનાં અભિવાજય અંગ બની રહ્યાં છે.

અને એમાં પણ સ્માર્ટ ફોન આવ્યા પછી તો આ સંખ્યા અધધ..... જેટલી વધી ગઈ છે.

આ બધી ચીજોનાં સારાં નરસાં પાસાં હોઈ શકે. એના ફાયદા-ગેરફાયદા હોઈ શકે.

પરંતુ આજે એ બધાની વાત નથી કરવી. એ બધી વાતો વખતો વખત થઈ છે અને બીજા ઘણા માધ્યમમાં પણ થઈ રહી છે. જે હોય તે....

પરંતુ આપણે આજના વખતમાં આ બાબતે નિસ્પૃહ રહી શકીએ નહીં.

ફેસ બુકની વાત કરીએ તો બધું સારુંસારું જ. જાણે ધરતી પર સ્વર્ગ, પતિ-પત્ની જાણે એકમેકના પૂરક, વડીલોને પૂરતો આદર, બધાં વૅકેશનો અને રજાઓ અને એમાં કરેલ મુસાફરી અદ્વિતીય, બધાના જન્મદિવસની ઉજવણી અને લગ્નતિથિઓની પણ ઉજવણી. બધીં જ સારુંસારું આપણે આ ફેસ બુકનો ઉપયોગ એટલા પૂરતો જ મર્યાદિત કરી નાખ્યો છે. ક્યારેક આપણે સારા લેખો નાખી શકીએ, ક્યારેક મંતવ્યો જણાવી શકીએ, પરંતુ આપણે ફેસ બુકના ફ્રેન્ડસ કેમ વધે એમાં જ રચ્યાપચ્યા છીએ અને આપણી પોસ્ટને કેટલા likes અને કેટલી comment મળી એની ગણતરીમાં પાવરધા.

ઈન્સ્ટાગ્રામ જાણે ફેસ બુકનો પિતરાઈ ભાઈ. એમાં પણ એવું બધું જ. થોડી વધારે સ્ટેટસવાળી. ઊંચે લોગ ઊંચી પસંદ.

ટ્વીટર : આપણો સમાજ મહ્દઅંશે આમાં ખાસ કાર્યરત નથી. આપણી પાસે દુનિયા સમક્ષ મુકવાં જેવા મંતવ્યો નથી. નહીં તો આપણે એવી વિચક્ષણ વ્યક્તિને ફોલો કરીએ છીએ કે પ્રવર્તમાન પ્રવાહોથી માહિતગાર રહીએ.

આપણે મહ્દઅંશે પ્રવૃત્તિમય છીએ **Whats App** પર

આપણે પાવરધા છીએ મૅસેજીસ ફોરવર્ડ કરવામાં અને તે પણ કોઈ પણ ચકાસણી સિવાય. તથ્ય જાણ્યા વગર, આપણને આ મૅસેજ સાથે શું લેવાદેવા છે તેની દરકાર કર્યા સિવાય.

અને આવા મૅસેજીસનો બેફામ મારો આપણા પર થઈ રહ્યો છે. આપણને પ્રભાવિત કરવા માટે, પોતાના સ્વાર્થ, પોતાની વિચારસરણી, ક્યારેક અર્ધસત્ય કે ક્યારેક જૂઠાણાં, ક્યારેક વૈમનસ્ય પ્રેરવા માટે, ક્યારેક કોઈ વ્યક્તિ વિરુદ્ધ, ક્યારેક કોઈ કાં. વિરુદ્ધ, ક્યારેક કોઈ વસ્તુ (Product) વિરુધ્ધ, ક્યારેક કોઈક સંપ્રદાય વિરુદ્ધ.

અને આપણે હોંશેહોંશે એના હાથા બનીએ છીએ. આપણે એ ન ભૂલવું જોઈએ કે બંધારણમાં આપણે જૈનો અલ્પસંખ્યક છીએ. અલ્પસંખ્યકના ફાયદા લઈ રહ્યા છીએ. કાલે કદાચ એ જૈનોને મળતા ફાયદા પણ કોઈકને ખૂંચશે. આજના આ ચૂંટણીલક્ષી રાજકારણમાં આપણા જૈનોનું વસતિની દૃષ્ટિએ ખાસ મહત્ત્વ નથી. આપણી વસતિ સમગ્ર દેશની વસતિના એક ટકા જેટલી પણ નથી એ ધ્યાનમાં રાખવું ઘટે.

હાલમાં રાજકીય પક્ષો પ્રેરિત ઘણાં બધાં ગ્રુપો બનાવવામાં આવી રહ્યાં છે. જેનો બહારનો દેખાતો હેતુ જે પણ હોય, પરંતુ મૂળ હેતુ તેમની વિચારસરણી પ્રેરિત સંદેશાઓનો મારો અને વારંવારના આ સંદેશાઓથી આપણે પ્રભાવિત થઈ જઈએ છીએ. આપણે આવા સંદેશોઓની તથ્યતા ચકાસવાની તુલનાત્મક શકિત વગેરેનો ઉપયોગ કરવાનું છોડી દઈએ છીએ અને ગાડરિયા પ્રવાહમાં જોડાઈ આવા સંદેશાઓ આગળ પણ ધપાવતા હોઈએ છીએ. વારંવાર બોલાતું જૂઠ ક્યારેક સત્ય લાગવા લાગે છે. પંચતંત્રની વાર્તા તો તમને યાદ હશે જ.

આ ફૉરવર્ડ મૅસેજીસમાં ઘણા Video પણ સામેલ હોય છે. ક્યારેક બોધના, ક્યારેક ગીતના, ક્યારેક રમૂજના, ક્યારેક માહિતીના, પરંતુ એ શું છે એ ક્યારે ખબર પડે ?

જ્યારે આપણે એ વીડિયો Download કરીએ ત્યારે અને આવા તો કેટલા વીડિયો. શું આપણે વીડીયો ફૉરવર્ડ કરતી વખતે એ શી બાબતનો છે એની બે લાઈનમાં માહિતી પણ સાથેસાથે ન આપી શકીએ.

આજે કોઈપણ તહેવારમાં એની શુભેચ્છાઓ મોકલવાની પ્રથા છે whatsapp ઉપર. દિવાળીના દિવસોમાં વાઘબારસથી શરૂ થઈ ભાઈબીજ સુધી દરરોજ અલગઅલગ સંદેશાઓ. આટલી બધી અધધ શુભેચ્છાઓથી આપણે પણ ધન્યધન્ય બની જઈએ અને આપણે પણ મોકલવાની પ્રક્રિયા શરૂ કરીએ. એમાં મોટા ભાગના શુભેચ્છા સંદેશમાં ફક્ત ફોટા, નામ નહી અને એના નંબર આપણી પાસે save કરેલા ન હોય તો આપણાને નામ ખબર જ ન પડે. પોતાના ડી.પી.માં પણ ફોટો ન હોય, અન્ય વિગત જ હોય. એટલે એ અનામી વ્યક્તિને અનામી પ્રત્યુત્તર આપવો પડે.

આપણા કોઈક ને કોઈક ગ્રુપમાં ક્યારેક ને કયારેક કોઈકના અવસાનના ખબર હોય. ક્યારેક સ્વજન હોય, ક્યારેક આપણી જાણીતી વ્યક્તિ હોય કે ક્યારેક તદ્દન બહારની વ્યક્તિ હોય. ક્યારેક ફક્ત માહિતી માટે હોય. પરંતુ આ સંદેશામાં બે હાથ જોડી Om Shantiનો પ્રત્યુત્તર આપવાની જાણે આપણી ફરજ છે પછી ભલે તે વ્યક્તિની કોઈ પણ સંબંધિત વ્યક્તિ એ ગ્રુપમાં ન પણ હોય.

જન્મતિથિ, લગ્નતિથિ વગેરેની શુભેચ્છાઓ આપવી અનિવાર્ય છે. કોઈક એકે ગ્રુપમાં આપી તો અન્યો માટે અનુસરવું જરૂરી છે અને એ વ્યક્તિ જો એક કરતાં વધુ ગ્રુપમાં હોય તો દરેક ગ્રુપમાં આપવી જરૂરી છે. આપણે આ શુભેચ્છાઓ એ વ્યક્તિ પ્રત્યે શુભેચ્છા વ્યક્ત કરવા આપીએ છીએ કે આપણે શુભેચ્છા વ્યક્ત કરીએ છીએ એની અન્ય સભ્યોને જાણ કરવા માટે.

શું આપણે આવા સંદેશાઓ એ જે તે વ્યક્તિને વ્યક્તિગત રીતે ન મોકલાવી શકીએ ? રૂબરૂ કે ફોન તો હવે ભુલાઈ જ ગયા છે.

એક અન્ય વાત......

બધા જ સોશિયલ મીડિયા આપણી પ્રાઈવસી, આપણી ગુપ્તતાનું બલિદાન છે. એમની પાસે આપણી બધી જ વિગતો હોય છે. આપણા ગમા-અણગમાની જાણ હોય છે તમો કોઈ માર્કેટિંગની સાઈટ તમારા મોબાઈલમાં ખોલો પછી એના સંદેશા તમને વારંવાર તમારા દરેક પ્લૉટફૉર્મ પર જોવા મળશે.

અને કદાચ ઘણીબધી એજન્સીઓ પણ, સરકારી નજર રાખી રહી હોય છે. તકેદારી રાખવી જરૂરી.

ઈન્ટરનેટ એક માહિતીનો ખજાનો છે. ગૂગલ સર્ચમાં કંઈ પણ ટાઈપ કરો તો મિનિટ નહીં પણ સેકન્ડમાં સામો પ્રત્યુત્તર મળી રહે છે.

પરંતુ એ બધી માહિતીનું મૂલ્યાંકન જરૂરી છે.

બીમારી હોય તો ઈન્ટરનેટ પર જાણકારી ભલે લઈએ, પરંતુ સારવાર માટે ડૉક્ટરનો અભિપ્રાય જ જરૂરી હોય છે.

દરેક માહિતી, જે ગૂગલ સર્ચમાં મળે, Wikependia પર મળે કે પછી True Callerમાં મળે એ આપણામાંથી કોઈકે મૂકેલ માહિતી જ આપણને મળે છે.

કોઈ પણ એવી માહિતીને બ્રહ્મવાક્ય માની લેવાની જરૂરી નથી. તારવણી કરવી જરૂરી.

આ સોશિયલ મીડિયાનડિં દરેક પ્લૅટફૉર્મનો યોગ્ય ઉપયોગ કરીએ તો આશીર્વાદ સમાન છે, માહિતીનો ખજાનો છે.

પરંતુ એ માટે....

- ✤ તુલનાત્મક અભિગમ કેળવવો જરૂરી છે.
- ✤ Protocolનું પાલન કરવું જરૂરી છે.
- ✤ તથ્ય ચકાસ્યા વિના ફૉરવર્ડ કરવાનું નિવારવું જરૂરી છે.
- ✤ સંદેશાઓની સંખ્યા નિયંત્રણમાં રાખવી જરૂરી છે.
- ✤ ગ્રુપ જેટલું તદ્દન જરૂરી હોય એમાં જ રહેવું.
- ✤ એનો ઉપયોગ જ્ઞાનવર્ધન માટે થાય એ જરૂરી છે.

પ્રમુખશ્રીની કલમે

✲ ડૉ. મંજુલા વી. શાહ ✲

દીપોત્સવીનાં મંગળ પર્વ આવ્યાં અને વહી નીકળ્યાં. વર્ષભરનાં આર્થિક-સામાજિક, સાંસારિક અને કૌટુંબિક સરવૈયાં કાઢ્યા હશે, કોરોનાને લીધે ઘણું ખોયું છે, તો મેળવ્યું પણ હશે. વર્ષ દરમિયાન થયેલી ક્ષતિઓનું પુનરાવર્તન થવા ન દઈએ, શુભ ધ્યેયને જાળવીને તે પ્રમાણે જીવનને, સંસ્થાને વહેવા દઈએ એ જ મંગળ દીપોત્સવીનું મહામોલું મંત્રસૂત્ર. નવુ વર્ષ સૌ કોઈને મંગળમય અને પ્રગતિમય નીવડો એવી મનોકામના.

સેવા સમાજનું અમૃત મહોત્સવ વર્ષ ચાલી રહ્યું છે. સંતો-મહાત્માઓની કથામાં આને અમૃતવાણી કહેતા હોઈએ છીએ. અમૃત તત્ત્વ એટલે શું ? જીવનમાં તમને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જવાની ગતિ અને મતિ. સંસ્થાને વધુમાં વધુ પ્રકાશ તરફ દોરી જવાની ગતિ માટે યુવાનોને સેવા સમાજ હાકલ આપે છે.

શ્રી. ક.વી.ઓ. સેવા સમાજ એ યુવાનોની એક પ્રગતિશીલ સંસ્થા છે. યુવક એટલે માત્ર વયમાં જ યુવાન નહિ, જેમના વિચારો રચનાત્મક અને પ્રગતિશીલ છે એવા પ્રૌઢ યુવકોની પણ શુભેચ્છાઓ આ સંસ્થાને સાંપડેલ છે. યુવકોની ઊર્મિઓ અને આકાંક્ષાઓનું ''સેવા સમાજ'' મૂર્તિમંત સ્વરૂપ છે. યુવાન વર્ગ શું ખરેખર સામજિક પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રત્યે ઉપેક્ષા સેવી રહ્યો છે કે હાલના આપણા મુરબ્બી કાર્યકર્તાઓના પ્રયત્નોમાં કાંઈ કચાશ છે ? સ્પષ્ટ જવાબ આપવા જરા કઠિન છે. રાષ્ટ્રવ્યાપી સામાજિક પ્રવૃત્તિઓમાં પણ મંદતા છે, તેની અસરથી આપણો કચ્છી સમાજ પણ બાકાત નથી.

અગાઉ કદી નહોતી એટલી જ્ઞાતિના આગેવાનોમાં પક્ષાપક્ષીની ઉત્કટતા તથા કટુતા વર્તાઈ રહી છે. કાર્યકર્તાઓ વિવિધ પક્ષોમાં વહેચાઈ જાય છે. જેમાં સ્વતંત્ર બુદ્ધિના કાર્યકર્તા માટે એકલા ટકી રહેવું મુશ્કેલ બની જાય. વધારામાં આ પક્ષાપક્ષી થકી સામાજિક પ્રવૃત્તિઓમાં ''રાજકારણ''થી વાતાવરણ કલુષિત બનતું જાય છે. તેથી જ નવા નિષ્ઠાવાન

કાર્યકરો આવા વાતાવરણથી દૂર ભાગે છે. કોઈ એકાદ પક્ષનો આશરો લઈ દાખલ થયેલ વ્યક્તિ પોતાનું સ્થાન જમાવી શકે. બીજાઓ કદાચ ફેંકાઈ જાય.

ત્રીજું ખાસ કારણ આર્થિક રીતે ખૂબ સદ્ધર વ્યક્તિઓનો આવા ''રાજકારણ'' વાતાવરણમાં એમનો ઈગો (BIG I) સાચવે એવી વ્યક્તિઓ પણ મળી રહે છે.

સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં જ્યારે કોઈ એકાદ વ્યક્તિનું મહત્ત્વ વિશેષ બને છે ત્યારે શું કરવું ? જે વ્યક્તિના કારણે પ્રવૃત્તિ ટકી શકી છે અને તે વ્યક્તિને ગુમાવવાનો સમય આવે છે ત્યારે એ વ્યક્તિની જગ્યા લેવાનું સામર્થ્ય તરત જ બીજી કોઈ વ્યક્તિમાં નથી આવતું અને તેવી પ્રવૃત્તિમાં ઓટના પાણી વરતાય છે. સંસ્થાઓમાં વર્ષોથી એકના એક અધિકારીઓ અને કાર્યકર્તાઓ ચાલ્યા આવે છે. એમની મરજી, નામરજી, અશક્તિ વગેરે બાબતો પ્રત્યે દુર્લક્ષ કરી તેમને ટકાવી રાખવામાં આવે છે. આવી વ્યક્તિઓ સંસ્થા માટે ધીરેધીરે અનિવાર્યતા પ્રાપ્ત કરતી જાય છે. શું નિષ્ઠાવાન, સમયનો ભોગ આપનાર, સંસ્થા પ્રત્યે કૂણી લાગણી ધરાવનાર વારસદાર શોધી શકાય ?

ઘણા કાર્યકર્તાઓ સમયની સાથેસાથે પોતાના અર્થોપાજન અથવા કૌટુંબિક ઉપાધિઓમાં વધુ ને વધુ ડૂબતા જાય, વયની દૃષ્ટિએ વધુ ને વધુ ડૂબતા જાય અને તેથી સામાજિક પ્રવૃત્તિ કંટાળાજનક કે બોજારૂપ લાગે. કાર્યકર્તાઓનું જૂથ વિવિધ સંસ્થાઓ સાથે સક્રિય રીતે સંકળાયેલું રહે છે. જુદાજુદા હોદ્દાઓ ભોગવે છે. આ વર્ષોથી બનતું આવ્યું છે. નવા લોહીનો ખાસ વધારો થતો નથી. વર્ષોથી એકધારી પ્રવૃત્તિના ભાર તળે દબાયેલ આ કાર્યકર્તાનો ઉત્સાહ મંદ પડે છે. આ પરિસ્થિતિથી આપણા કાર્યકર્તાઓ અજાણ નથી.

આવા સંજોગોમાં આશાસ્પદ, નિષ્ઠાવાન, બિન પ્રોફેશનલ, સમયનો ભોગ આપનાર કાર્યકર્તાઓને આકર્ષવા, એમને મોટીવેટ તથા પ્રોત્સાહિત કરવા સમાજવ્યાપી કોઈ નવી પ્રવૃત્તિ ઉપાડી એકડે એકથી શરૂ કરવું. જે સંસ્થા જુની પ્રવૃત્તિમાં કાર્યરત છે અને એ જ પ્રવૃતિ બીજી સંસ્થા ઉપાડે તે અવ્યવહારુ છે. દા. ત. લોન આપવાની - ભવિષ્યમાં આપણે પોતે જ કચ્છી સમાજને ''આત્મનિર્ભર બનાવવાને બદલે આળસુ બનાવી રહ્યા

છીએ. કચ્છી માણસ જે સ્વમાની છે તેને આપણે હાથ લંબાવવા પોષી રહ્યા છીએ. શ્રી નરેન્દ્ર મોદીના ''આત્મનિર્ભર ભારત''ના વિઝનમાં કચ્છીઓને બાકાત કરી રહ્યા છીએ. કચ્છી સમાજને ''આત્મનિર્ભર કરવામાં નિષ્ફળ જઈશું તો જ્યાં કંઈક કરવા જેવું છે તે થવાનું નથી, જે થયું છે તે ભૂંસાઈ જવાનું છે.''

માર્ચ ૨૦૧૯થી આજ સુધી જેજે પડકારો આવ્યા, એમાંથી ઉદ્‌ભવતી પરિસ્થિતિનો સામનો કર્યો. આ નવા વર્ષમાં આપણે સૌએ નવાં સપનાં જોવાનાં છે જે માણસની પ્રકૃત્તિ છે, પ્રકૃત્તિ પ્રમાણે ચાલવાથી માણસને આંતરિક બળ મળે છે. સપનાં જોતી વખતે શેખચલ્લી નથી બનવાનું, વાસ્તવિકતાથી જાગૃતિ કેળવવાની છે. હવામાં ઊડવાનું નથી, પણ ધરતી પર પગ રાખી ચાલવાનું છે, પુરુર્ષાથના પગલે ચાલવાનું છે.

નવા વર્ષે આ આપણી પહેલી મુલાકાત - નવા વર્ષની નવી શરૂઆતમાં ઉમંગનો માહોલ છે. સાથે વિતેલાં વર્ષોએ આપેલા આઘાતોની વેદના તાજી છે. ઉત્સાહ ઓછો છે, છતાં નવા વર્ષને આવકારવાનું છે.

જૂની નકારાત્મક (નૅગેટિવ) ઘટનાઓને અને ભાવનાઓને સ્પર્શી પણ ન શકાય તેવી શુભેચ્છા સાથે આપણે નવા વર્ષમાં પ્રવેશીએ. પરિસ્થિતિને બદલવા આપણે નક્કરપણે પરિશ્રમ કરવો જ પડશે.

આવો આપણે સૌ કરીએ એક નિર્ધાર - હું મારા સમાજને, ગામને, કચ્છને આત્મનિર્ભર બનાવીને જ જંપીશ. અણહક્ક અને મહેનત વગર મળેલી દરેક ચીજને તિલાંજલિ આપીશ. શુભ થાઓ સમગ્ર કચ્છવાસીઓનું તથા કચ્છનું.

ડિસેમ્બર ૨૦૨૧થી સેવા સમાજ નવનીત ક્રિકેટ હરીફાઈઓથી ધમધમી ઊઠશે તથા ગાલા સ્પ્રીંગ વૉલીબૉલનું રજતજયંતી વર્ષ ભવ્ય રીતે ઊજવાય એની તડામાર તૈયારીઓ ચાલુ છે.

- શેરડી, મો. : ૯૩૭૨૮૮૧૨૮૦

AMBIKA

અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,
મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

પગદંડીને પત્ર

આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ

મારો લેખ મારો વિચાર

આપણી ભૂમિકા.

આપણા ગામમાં દાદા-પરદાદાના ટાઇમે પણ એવું જોવામાં આવતું કે જે લોકો ભલે પૈસે ટકે સુખી હતા તેઓ પણ વ્યર્થના ખર્ચા ન કરતા અને ખર્ચ કરતાં તો જે સામાન્ય માણસ એટલે કે નબળો માણસ જે ખર્ચ કરવાની લાગત હોય એ તોલે ખર્ચ કરતાં.

જેવી રીતે પૈસે સદ્ધર હતા ને એમના ઘરે જો લગ્ન પ્રસંગ હોય તો મિષ્ટાન્નની રસોઈમાં શીરો બનતો ને પૈસે નબળા હતા, જો એમના ઘરે લગ્ન પ્રસંગ હોય તો એમને ત્યાં પણ મિસ્ટાન્નમાં શીરો બનતો.

ત્યારના સમયમાં સંપન્ન હોય કે નબળા, બધાના પ્રસંગોમાં મોટા તફાવતો ન હતાં ને આજે જે લોકો સંપન્ન હોય, તેના ઘરે લગ્ન પ્રસંગ હોય તો ખર્ચાળ બનાવી નાખે છે ને ભોજનમાં સોથી દોઢસો વ્યંજન રાખે છે.

ત્યારે કહેવાનો ભાવાર્થ એ છે કે જે સંપન્ન છે એ લોકોએ અતિખર્ચાળ પ્રસંગ રાખવા જોઇએ નહીં. ને સામાન્ય માણસના તોલે બધાંને પરવડે એવી રીતે બધા પ્રસંગ ઊજવવા જોઈએ. આ લેખ પ્રકાશમાં લાવવાથી કોઈની લાગણી દુભાઈ હોય તો માફી માગું છું. આપણે બધાને રાજી નથી રાખી શકતા, છતાં કરી છૂટવાની ભાવના પ્રબળ છે, જય જિનેદ્ર.

- જયંતીલાલ પાસડ
મુલુન્ડ (ઈસ્ટ), દેઢીઆ
મો.: ૯૯૩૦૫ ૦૩૦૧૮

શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું
બિનધંધાદારી મુખપત્ર
સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૨
પગદંડી
અંક : ૦૯ ડીસેમ્બર - ૨૦૨૧
-: માનદ્ તંત્રીઓ :-
અશ્વિન માલદે, શાંતિ રાંભિયા, ચંદ્રકાન્ત નંદુ
મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**
પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે,
૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪
www.kvoss.org. - email :ksevasamaj@gmail.com
મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફ્ટર્સ,**
૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ,
લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪
-: લવાજમ :-
વાર્ષિક : રૂા. ૧૦૦/-, પંચ વાર્ષિક : રૂા. ૪૦૦/-
આજીવન ૧૫ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-
વિદેશ માટે અમેરિકન ડૉલર ડ્રાફટથી ત્રિવાર્ષિક : ૫૦
ચેક/ડ્રાફ્ટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.

લીલાધર માણેક ગડા-અધા

પુરુષનો તેજોદ્વેષ

જબલપુર - અલાહાબાદ રેલવે રૂટ પર મૈહર નામે રેલવે સ્ટેશન છે અને મૈહર એક સમયનું રજવાડું હતું. મૈહરમાં શારદાદેવીનું મંદિર છે જેનાં દર્શને ઘણા લોકો આવે છે, પરંતુ આ મંદિરનાં દર્શને આવતા વિશેષ લોકો છે શાસ્ત્રીય સંગીતજ્ઞો અને સંગીતશાસ્ત્રીઓ મૈહર રજવાડું ભારતવર્ષમાં વિલીન થયું ત્યારે એના છેલ્લા રાજા હતા મહારાજા બ્રિજનાથ સિંઘ, જેઓ સ્વયં ભારતીય શાસ્ત્રીય સંગીતનાં જાણકાર હતા. તેમણે પોતાના દરબારમાં ઘણા ગાયકો અને વાદ્યકારોને સ્થાન આપ્યું હતું. સુપ્રસિદ્ધ બીનકાર, સરોદવાદક ખાંસાહેબ અલાઉદીન ખાં તેઓને સન્માન પૂર્વક બાંગ્લાદેશનાં શીબપુરથી તેડાવ્યા હતા અને પોતાના દરબારમાં સૌથી ઊંચું સ્થાન આપ્યું હતું. ખાંસાહેબ અલાઉદીન ખાં વાદ્યસંગીતનાં પ્રચંડ સંગીતકાર હતા. સિતાર, સરોદ, સૂરબહાર જેવા તંતુવાદ્યકારો માટે મૈહર એક તિર્થસ્થળ હતું, અને હજી પણ છે. અલબત્ત હવે સંગીતકારોને માટે રાજ્યાશ્રય જેવું નથી રહ્યું એટલે આજીવિકાની નિશ્ચિતતા પણ નથી. પરિણામે પોણી સદી અગાઉની સંગીત અને અન્ય કલાઓને સંપૂર્ણ સમર્પિતતા આપી શકે એવા કલાકારો ઓછા થઈ ગયા છે.

ઉસ્તાદ અલાઉદીન ખાં સાહેબે મૈહરમાં મૈહર-સૈની ઘરાનાની સ્થાપના કરી. ઉસ્તાદ અલાઉદીન ખાંના વડવાઓ પ્રસિદ્ધ બીનકારો હતા અને દોઢ સદી અગાઉ બાંગ્લાદેશનું શીબપુર તંતુવાદ્યોના બજવૈયાના મુખ્યાલય જેવું હતું. ત્યાંના વિખ્યાત ઈમદાદ ખાંના ઘરાનામાં સુપ્રસિદ્ધ સિતારવાદક ઉસ્તાદ વિલાયતા ખાં થઈ ગયા જેઓ ૨૦૦૪ માં અવસાન પામ્યા. ઉસ્તાદ વિલાયત ખાં સિતાર ગાયકીને જે ઊંચાઈ બક્ષી છે તેને કોઈપણ સિતારવાદક આંબી શક્યું નથી. તેમણે મૂળ સિતારમાં ઘણા ફેરફારો કરી આ તંતુવાદ્યને વધારે લોકભોગ્ય બનાવ્યું છે. તેમણે નવા રાગોની રચના કરી છે અને મિશ્ર રાગોની જમાવટ કરી છે.

મૈહર-સૈની ઘરાનાના વટવૃક્ષ જેવા ઉસ્તાદ ખાંસાહેબ અલાઉદીન ખાંના ઘણા શિષ્યો હતા જેમાં તેમના ત્રણ પટ્ટશિષ્યો એમના સુપુત્ર સરોદવાદક ઉસ્તાદ અલીઅકબર ખાં એમના

જમાઈ પ્રસિદ્ધ સિતારવાદક પંડિત રવીશંકર અને એમની સુપુત્રી સુવિખ્યાત સૂરબહાર વાદક રોશનઆરા ખાન ઉર્ફે અન્નપૂર્ણાદેવી છે, જેઓ પંડિત રવીશંકરને પરણ્યાં હતાં.

તંતુવાદ્યકારોમાં એક એવી જ ઉજ્જવળ પ્રતિભા હતા સિતારવાદક ઉસ્તાદ અબ્દુલ હલીમ ઝાફર ખાન તેઓ મધ્યપ્રદેશના જાઓરા શહેરના રહેવાસી હતા જે રતલામથી ૩૫ કી.મી. દૂર છે. તેઓનું ઘરાનું હતું ઇંદોરનું બીનકાર ઘરાનું. ઉસ્તાદ અબ્દુલ હલીમ ઝાફર ખાનનું સૌથી મોટું યોગદાન હતું કર્ણાટકી રાગોને ભારતીય સંગીત શૈલીમાં રજૂ કરવાનું. ૧૯૩૫ થી ૧૯૮૫ પાંચ દાયકા દરમ્યાન તંતુવાદ્યકારોની ગણનાપાત્ર સંખ્યા હતી. ભારતીય તંતુવાદ્ય સંગીતને સરોદ, સિતાર, સંતુર અને સૂરબહાર દ્વારા ભારત સીમાડાઓ બહાર લઈ જવામાં શરૂઆત કરવામાં ઉસ્તાદ વિલાયત ખાં, ઉસ્તાદ અલીઅકબર ખાં, ઉસ્તાદ અબ્દુલ હલીમ ઝાફર ખાન, પંડિત રવીશંકર, પંડિત શિવકુમાર શર્મા મુખ્ય હતા. આ બધા ઉસ્તાદો, પંડિતો, ખાં સાહેબની હરોળમાં અને ક્યારેક એનાથી ઉચ્ચ સ્થાને બિરાજી શકે એવા મહિલા હતાં ઉસ્તાદ અલાઉદીન ખાં સાહેબના સુપુત્રી રોશનઆરા ઉર્ફે પંડિત રવીશંકરના ધર્મપત્ની અન્નપૂર્ણાદેવી જેઓ બહારની દુનિયામાં ઉચિત સ્થાન પ્રાપ્ત કરી શક્યાં ન હતાં, જેમને તેઓ યોગ્ય હતાં.

અન્નપૂર્ણાદેવીનું સંગીત અલૌકિક હતું. શરૂઆતમાં તેઓ સિતાર વગાડતાં હતાં ત્યાર પછી તેમણે સૂરબહાર વાદ્ય વગાડવાનું શરૂ કર્યુ. તેમનું મૂળ નામ રોશનઆરો હતું પરંતુ તેમના વાદ્યસંગીતથી પ્રભાવિત થઈ મહારાજા બ્રિજનાથ સિંહે તેમને નવું નામ અન્નપૂર્ણાદેવી આપ્યું અને ૧૯૪૧માં તેઓએ હિંદુ ધર્મ અંગીકાર કર્યો જ્યારે તેમણે પંડિત રવીશંકર સાથે લગ્ન કર્યાં.

અન્નપૂર્ણાદેવી જ્યારે સૂરબહાર વગાડતા ત્યારે એકએક સૂરથી વાતાવરણમાં આભા ફેલાઈ જતી હતી. સૂરબહાર વાદ્યમાંથી સૂરો બહાર આવે ત્યારે સમજો કે સમય થંભી જતો હતો. વીસમી સદીના છઠ્ઠા દાયકાઓ દરમિયાન મુંબઈમાં બ્રેબ્રોન સ્ટેડિયમ કે રંગભવન જેવા ખુલ્લાપનમાં સંગીતની મહેફિલો યોજાતી. ટિકિટનો ચાર્જ હતો. રૂ. ત્રણ થી રૂા. પંદર. અમે ખિસ્સા ખર્ચી બચાવી એ જલ્સાઓમાં જતા. બે-ત્રણ દિવસ સુધી એક જ ઘરાનાનાં વિવિધ વાદ્યો અને કંઠ્ય સંગીત સાંભળવાનો લહાવો મળતો. અમને રાગ, તાલ, સૂર વિષેની બહુ સમજ ન પડે, પણ સંગીતનો આનંદ માણતા, સંગીતના જાણકારો, રાગો વિષેની ઊંડી જાણકારી ધરાવતા લોકોને મુખે સાંભળ્યાનું યાદ છે કે જો અન્નપૂર્ણાદેવી સૂરબહાર સાથે મહેફિલમાં ઉપસ્થિત ન હોય તો સંગીતની એ મહેફિલ અધૂરી ગણાય.

આવી ઉજ્જવળ સંગીતપ્રતિભાએ ૧૯૬૨માં જાહેરમાં સંગીતના પ્રોગ્રામ આપવાનું બંધ કર્યું, ત્યારે લાખો સંગીત-ચાહકોએ આંચકો અનુભવ્યો. રોશનઆરા ઉર્ફે અન્નપૂર્ણાદેવીનાં ૧૪ વર્ષની વયે પંડિત રવીશંકર સાથે લગ્ન લેવાયાં અને રોશનઆરાએ ત્યારે હિંદુ ધર્મ સ્વીકાર્યો હતો. પંડિત રવીશંકર રંગીનમિજાજી વ્યક્તિત્વ હતું. અન્નપૂર્ણાદેવી સાથેના લગ્નજીવન દરમિયાન તેમના સંબંધો નૃત્યાંગના કમલાશાસી સાથે હતા. ૧૯૬૨માં ૨૧ વર્ષના લગ્નજીવન બાદ તેમણે અન્નપૂર્ણાદેવીથી છૂટાછેડા લીધા. કમલાશાસી સાથેના તેમના સંબંધોનો અંત આવ્યો જ્યારે પંડિતજીએ ન્યૂયૉર્કનાં ઓરકેસ્ટ્રા અને કન્સર્ટ પ્રોડ્યુસર શુ જોન્સ સાથે લગ્ન કર્યાં. સુ જોન્સનાં સંબંધો થકી તેમને નોરા જોન્સ નામ દીકરી થઈ. પંડિત રવીશંકર સુ જોન્સ સાથે ૧૯૮૬ સુધી રહ્યા. તે દરમિયાન તેમના સંબંધો તેમની શીષ્યા સુકન્યા રંજન સાથે બંધાયા. આવા રંગીનમિજાજી ખ્યાતનામ સિતારવાદક પંડિત રવીશંકરે એક પ્રતિભાશાળી, એમનાથી બે વેંત ઊંચા સંગીતકાર અન્નપૂર્ણાદેવીની કારકિર્દીનો ભોગ લીધો.

પંડિત રવીશંકર અને અન્નપૂર્ણાદેવીને સંગીતે ભેગાં કર્યાં અને સંગીતે જ એમના છૂટા થવાનું કારણ બન્યું. ૧૯૪૬ થી ૧૯૫૬ એક દાયકા દરમિયાન મુંબઈ અને દિલ્હીની સંગીત મહેફિલોમાં પંડિતજી અને અન્નપૂર્ણાદેવીની સિતાર અને સૂરબહારની સંગત જામતી અને લગભગ અન્નપૂર્ણાદેવી જલસામાં છવાઈ જતાં હતાં. અહીં પુરુષ અને સ્ત્રી વચ્ચે સંઘર્ષ શરૂ થયો. પંડિતજી તેજો દ્વેષથી પીડાતા હતા. પત્ની પતિથી એક પણ વેંત આગળ જાય એ પતિથી સહન ન થાય એ સ્વાભાવિક છે. અહીં તો બે દિગ્ગજ કલાકારો પતિ-પત્ની હતાં અને મહિલા પુરુષની પ્રતિભાને આંબે એ સહન કરવું કઠીન હતું. પરિણામે પંડિત રવીશંકર અને અન્નપૂર્ણાદેવી ૨૧ વર્ષનાં લગ્નજીવન પછી ૧૯૬૨માં છૂટાં પડ્યાં.

પંડિત રવીશંકરના લગ્નેતર સંબંધો જાહેર હતા એટલે તેઓ જીવનપ્રવાહમાં ગોઠવાઈ ગયા, પરંતુ પતિવ્રતા અન્નપૂર્ણાદેવી માટે આ અસહ્ય હતું. ૧૯૬૨માં તેઓ મુંબઈ આવ્યાં અને જાહેરમાં કાર્યક્રમ આપવાનું બંધ કર્યું. સૂરબહાર વાદ્યને જીવનમાંથી દૂર કરવું એમને માટે અસહ્ય હતું, પરંતુ લાગણીઓ, ભાવનાઓ પર કાબૂ મેળવી બહુ જ દુ:ખ અને ગ્લાની સાથે સંગીતના જાહેરજીવનને તિલાંજલિ આપી.

છતાં સંગીત સાથે તેમણે સંબંધો ચાલુ રાખ્યાં. મુંબઈમાં તેમણે સંગીતનું શિક્ષણ અને તાલીમ આપવાનું ચાલુ રાખ્યું અને તે પણ ગુરુ-શિષ્યની પરંપરા જાળવીને. વાદ્યસંગીતનાં

ગુરુજન તરીકે કોઈ મહિલા હોય તેવો આ એકમાત્ર કિસ્સો છે. અલબત્ત, કંઠ્યસંગીતમાં મહિલા ગુરુઓ છે. અન્નપૂર્ણાદેવીના શિષ્યવૃંદમાં સુપ્રસિદ્ધ વાંસળીવાદક હરિપ્રસાદ ચૌરસિયા, સિતારવાદ નિખિલ બેનરજી અને નિત્યાનંદ હલ્દીપુર મુખ્ય છે. અન્નપૂર્ણાદેવીએ ૧૯૮૨માં જાણીતા સિતારવાદક રૂષિકુમાર પંડયા સાથે બીજાં લગ્ન કર્યાં. દરમિયાન તેમના શિષ્યવૃંદમાં દેવીપ્રસાદ ચંદરજી, પંડિત કાર્તિકકુમાર, ઉસ્તાદ બહાદુરખાન, બસંત કાબરા, પ્રદીપ બારોટ, સુરેશ વ્યાસ જેવા દિગ્ગજ સંગીતકારો જોડાયા.

રૂષિકુમાર પંડયાનું ૨૦૧૩માં હૃદયરોગના હુમલામાં અવસાન થયું અને અન્નપૂર્ણાદેવીના જીવનમાં એકલતા આવી ગઈ. આમ પણ તેઓ છેલ્લાં દશ વર્ષથી એકાકી જીવન જીવતાં હતાં. તેઓ ભાગ્યે જ ઘરથી બહાર નીકળતાં. તેમના વાદ્ય સૂરબહારને તેમણે દાયકા સુધી હાથ અડાડ્યો નહીં. એ કેવી વેદના અને પીડા હશે. આવા ખમતીધર દિગ્ગજ, સંગીતને સાધના અને જીવન માનનાર અન્નપૂર્ણાદેવીનું ૨૦૧૬માં ૯૦ વર્ષની પાકટ વયે અવસાન થયું. અને સંગીતનો સૂરજ અસ્તાચળમાં વિલીન થઈ ગયો.

આવી પ્રતિભાને સંગીતનાં જાહેરજીવનમાંથી દૂર કરનાર, પ્રતિભાને રુંધી રાખનાર પંડિત રવીશંકરને ૧૯૯૯માં ભારતનો સર્વોચ્ચ પુરસ્કાર ભારતરત્ન એનાયત થયો. દેશના એક પણ નારીવાદી સંગઠને એનો વિરોધ નહોતો કર્યો એ વિટંબણા છે.

એ નિર્વિવાદ હકીકત છે કે સમાજના કોઈ પણ સ્તરે, તવંગર કે ગરીબ, શિક્ષિત કે અશિક્ષિત, પૂર્વ કે પશ્ચિમમાં સ્ત્રીઓને ક્યારે પણ પુરુષ સમોવડી થવા દેવામાં આવતી નથી. પુરુષનો અહમ્ ઘવાય છે ત્યારે સારામાં સારી મહિલા પ્રતિભાને રુંધી નાખવામાં આવે છે.

છેક રામાયણકાળથી અત્યાર સુધી પુરુષ મહિમા ગવાય છે તેની સાથે અનાયાસે સ્ત્રીનું નામ આવે છે. રામાયણથી અત્યાર સુધી રામ લક્ષ્મણ જાનકી, જય બોલો હનુમાન કી ગવાય છે. આમાં લક્ષ્મણની પતની ઉર્મિલાનો ઉલ્લેખ ક્યાં છે જેને કોઈ પણ કારણ વિના ૧૪ વર્ષનો પતિવિયોગ ભોગવવો પડ્યો.

ૠણસ્વીકાર: અનુપમાદેવી વિષેના આલેખનમાં ઘણી માહિતીની આપૂર્તિ ગામ કોડાયના હાલે પારલા (ઇસ્ટ) રહેતા શ્રી તિલક એમ. શાહ (રિટાયર્ડ ચીફ ઇજનેર પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા મુંબઈ મ્યુ. કૉર્પો.) એ કરી છે. તે માટે તેમનો આભાર.

મો.: ૯૮૭૯૫ ૦૬૦૫૯

ગતિ

ડૉ. ગિરીશ વીછીવોરા

પવનને ક્યારેય સ્થિર થયેલો જોયો છે ? એના સ્વભાવમાં, એનાં અંગેઅંગમાં, એની પ્રકૃતિમાં જ ગતિ ભરી પડી છે. ગતિ કહો કે સહેજે એનો માપ મનમાં આવે. માપના મૂળમાં જ વિવિધતા છે ? માપ એટલે પ્રમાણ. પ્રમાણના મૂળમાં જ કોઈ ભાવ નથી. એક ભાવ હોય તો એ પ્રમાણ ન જ કહેવાય. એટલે જ પવનની ગતિ ક્યારેય ચોક્કસ હોતી નથી. ગતિના આરોહ-અવરોહ આવે. ગજબના તાનપલટા થાય. કોઈ મહારથી ગાયક પોતાના ગળાની રેંજથી પવનની ગતિને શરમાવે. કોઈ ઉનાળાની બપોરે બળબળતા લૂમાં પવનભાઈ પોરો ખાતા દીસે. પોરો જરૂર ખાય. ગતિ તો સાબૂત હોય જ. ઉપરટપકે બધું સ્થિર ભાસે. જાણે પવનભાઈ પોતાનો સ્વભાવ ભૂલી ગયા દીસે. એવે સમયે આપણી નજર કોઈ વિશાળ વૃક્ષની પ્રશાખાઓને છેડે ચળકતાં, ચમકતાં નવપલ્લવિત પર્ણ તરફ વળે તો એ પર્ણોના દેહમાં ગતિ સ્થિર થયેલી ભાસે. બધું ઉપરટપકે સ્થિર દેખાય. જાણે બધું ઠરીઠામ, સ્થાયી થઈ ગયું. એ એક આભાસી ચિત્ર છે. એ અસત્ય છે. એ રણમાં દેખાતું ઝાંઝવાનું જળ છે. ગતિ એટલે ગતિ, એ ક્યારેય અટકી ન શકે. અટકી એટલે ગતિ ગઈ. પ્રાણ ગયા. મડદું જ રહ્યું. હળવાસા મરુતભાઈના હડદોલાથી હલતા કૂમળાં પર્ણો અવનવી ગતિ સજીધજી શકે. ત્યાં જીવંતતા ભાસશે. પર્ણો નિષ્ક્રિય થયાં ગતિ ગઈ એટલે બધું ગયું.

ગતિ એટલે પ્રાણ, કુદરતનાં હરેક અંગમાં એ પ્રાણ પુરાયેલો છે. કાળમીંઢ પથ્થર સાવ સ્થૂળ દીસે. એવી કાયા સ્થૂળ ભાસે. એમાં સૂક્ષ્મ જીવ છે. જીવ છે એટલે ગતિ છે. કોઈ પણ વસ્તુના સૂક્ષ્મ અંશને (Molecule) સૂક્ષ્મદર્શક યંત્ર નીચે જોઈએ તો એમાં ગજબની ગતિ દેખાશે. એ ગતિમાં ગજબની શક્તિ ભરેલ છે. શક્તિથી ફાટફાટ થતા એ ઘટકોનો વિસ્ફોટ થાય ત્યારે અજબગજબની હલચલ મચી જાય છે. શક્તિનો જ્વાળામુખી ફાટી નીકળે છે ને એક અતિભીષણ સંહારનો દાવાનળ ફેલાઈ જાય છે. શક્તિની તાકતનું એ પ્રદર્શન છે. કોઈ પણ ચીજને બે પાસાં હોય છે. સાચું ને નરસું-હાનિકારક આ હાનિકારક પાસું ઊપસ્યું. એ જ શક્તિનો યોગ્ય ઉપયોગ થાય, થઈ શકે છે, થાય પણ છે, તો લોકોનાં જીવનધોરણને ઊંચે પણ આવી શક્તિ લાવી શકે છે. એ શક્તિમાં છલોછલ ગતિ ભરી પડી છે. એ ગતિનું રૂપાંતર - વિનાશકારી પણ હોય,

સુખાકારી પણ હોય. એ શક્તિની જાણ બે હજારથી વધુ સમયથી આપણા પૂર્વજોને હતી. એમણે Molecules, Afoues વગેરેની ચર્ચા કરી જ છે. હા, એમનો અભિગમ હકારાત્મક હતો. વિનાશ એમને વર્જ્ય હતો. પ્રગતિ, ગતિ, જીવનધોરણનું ઊર્ધ્વપતન એમને કબૂલ હતું. એટલે જ એમણે એ દિશામાં પહેલ કરી. ભારતીય વિજ્ઞાનધારાનો પાયો અધ્યાત્મના પાયા પર જ મંડાયેલો છે. ત્યાં વિનાશને સ્થાન નથી.

પાંચ મૂળભૂત તત્ત્વો, - પૃથ્વી, પાણી, અગ્નિ, પવન ને આકાશ - માંનું પવન એક મહત્ત્વનું અંગ. એની ખૂબી એ છે કે સ્થાયીભાવે એ અદીઠ છે. બાકીનાં ચાર તત્ત્વો સ્થૂળભાવે મોજૂદ છે. હવા છે એની ખબર એના હલનથી થાય છે. અદીઠ હોવા છતાં એ વધુમાં વધુ મહત્ત્વનું અંગ છે. હવાનું એક મહત્ત્વનું ઘટક પ્રાણવાયુ. નામ પ્રમાણે જ પ્રાણવાયુ પ્રાણપોષક છે. પ્રાણવાયુ વગરનું જીવન પૃથ્વી પર કલ્પવું મુશ્કેલ છે. અન્ય ગ્રહો પર કદાચ બીજું કંઈ હોઈ શકે. હવાનું અન્ય મહત્ત્વનું ઘટક ન્યુટ્રોજન છે. ન્યુટ્રોજન વનસ્પતિ માટે એટલું જ મહત્ત્વનું છે. વનસ્પતિનું એ પોષક છે. આમ કુદરતે કેવી અજબગજબની સૃષ્ટિ રચી છે! આવા ઘટકો પાછા પ્રમાણસર રહે એને માટે કુદરતના સંતુલન તંત્રે ગજબનું વહીવટી તંત્ર ઊભું કરી દીધું છે. એ બધાનો વિચાર કરીએ ત્યારે કુદરતની કરામત આગળ શીશ ઝૂકી જાય છે.

મહાસાગર, મહેરામણમાં કુદરતે કેટલી શક્તિ ભરી દીધી છે? જળ તત્ત્વ હવા જેવો જ ચલિતભાવ ધરાવે. એ ચલિતભાવને વધુ ઉત્તેજિત કરે મરુતભાઈ. મહાકાય, વિરાટ, મોજાંઓનો સાથી મરુત. તોફાન-મસ્તી એનું અવનવું અંગ, હસતાં–હસતાં, ઘડીના છઠ્ઠા ભાગમાં કોઈ વિરાટ મોજાંને મોખરે રહેલો મરુત આપણને ધોળે દિવસે આકાશના તારા દેખાડે.

એટલે જ આવી કુદરતી શક્તિઓને જોવા માટે એક વિશિષ્ટ ભાવ આપણામાં જાગૃત થવો જોઈએ. બધેં કુદરતી પરિબળોને સીમા છે. બધાને કુદરત કાબૂમાં રાખે છે. બધાનું સંતુલન બહુ જ વિશિષ્ટ રીતે કુદરત પોતાના અકલ્પનીય વિરાટકાય કમ્પ્યુટરની મદદથી કરે છે. એને સાક્ષીભાવે જોઈએ. એનો મલાજો રાખીએ. એનો ઉપહાસ ન કરાય. એને છંછેડાય નહિ. કુદરતની ઉશકેરણી મહાભયાનક પરિણામો લાવી શકે છે.

કુદરતે જ માણસને બહુ વિકસિત મગર આપ્યું છે. એનો સદ્ઉપયોગ કરવાનો છે. કોઈ પણ શક્તિ બેધારી તલવાર જેવી હોય છે. કઈ ધાર વાપરવી એ કુદરતે કહેલું જ છે. છતાં તુંડમિજાજી માનવ અન્ય ધાર વાપરે છે ને એનાં દુઃખદ પરિણામો ભોગવતો થયો છે. જેના સાક્ષી થવાનું દુર્ભાગ્ય પણ આપણને મળ્યું છે.

મો. : ૯૮૭૦૪ ૦૬૧૭૭

‘અંબોળ’ કે ‘અંબોર’ શબ્દ સાંભળ્યો છે ?

ગુલાબ દેઢિયા

‘અંબોળ’ ખટાશના અર્થમાં વપરાતો શબ્દ છે, પણ આજે એના બીજા અર્થની વાત કરવી છે. ‘અંબોળ’ કે ‘અંબોર’નો બીજો અર્થ મજાનો છે, તેથી તેની વાત પછી જ કરીએ ને !

સવાર પડે તે પહેલાં જ રોજેરોજ બે શબ્દો બોલીએ-સાંભળીએ છીએ: ‘પૉઝિટિવ થિન્કિંગ.’ હકારાત્મક અભિગમ. હા, જરૂર છે, આશાવાદની, સારું વિચારવાની. પૉઝિટિવ થિન્કિંગનો જાપ રોજ કેમ જપવો પડે છે, કારણકે, નકારાત્મકતા, નિરાશા એટલી વહાલી લાગે છે, એવી ગળે વળગી છે કે એના વગર આરો કે ઓવારો નથી. એનાથી બચવા જતાં ફરી હામ હારી બેસીએ છીએ.

થોડાં વર્ષોની આશાવાદની સારી વાતો રોજ સામે આવે છે ત્યારે વિચાર આવે છે કે, પહેલાં શું આની જરૂર નહોતી!

હતી જ વળી. આશા-નિરાશા ત્યારે પણ ફેરફુદરડી ફરતી જ હતી. હકારાત્મક અભિગમ કેળવવા, અપનાવવા, મન મનાવવા માણસોએ કેવા રૂડા ઉપાયો કર્યા હતા! ‘શુભ’ અને ‘લાભ’ જોવાની વાત એ જ હતી. સવાયું કરવું, પચાસ નહિ પણ એકાવન એ પણ શુભ નિહાળવાની વાત થઈ ને !

મુહૂર્ત, ચોઘડિયાં, શુભ તિથિ, પસંદગીના રંગ, શુકન કેટકેટલું પૉઝિટિવ થિન્કિંગ માટે આપણી પાસે ચોમેર વિસ્તરેલું છે. લાલ, સફેદ કે કેસરિયો રંગ રૂડા દેખાય તે માટે બિચારા કાળા રંગને ઓછો નથી વગોવ્યો !

બોણી કરાવવી હજી ચલણી શબ્દ છે. દુકાનદાર કહેશે, ‘લ્યો, તમારા હાથે બોણી થઈ, દિવસ સારો જશે.’ બહારગામ જતી વખતે પાણી ભરીને આવતી પનિહારી સામી મળે કે ગોધણ સામું મળે એને પણ શુકન માનવાની પ્રથા હતી. સારું જોવાના કેવા દેશી, હાથવગાં સંકેત અહીં છે. કાગવાણીમાં શુકન જોયાં, ચૂલે ચડેલી તાવડીની કોર પરનો મેશ બળતો હોય તો કહે, તાવડી હસે છે, આજે જરૂર મહેમાન આવશે કે સારા સમાચાર આવશે. ઉમંગના ભાવ પ્રગટ કરવા કેવા સાદા ઉપચાર શોધ્યા હતા !

કાળા રંગની જેમ ડાબા હાથને થોડું ભોગવવાનું આવ્યું, પણ જમણા હાથને કેવું માન મળ્યું ! વરદ્ હસ્તે આપવું. વરદાનની જેમ આપવું એમાં ડોશીશાસ્ત્ર નથી. સાચા ભાવથી, મન ભરીને, આશીર્વાદ સાથે આપવાની રીત છે. રિવાજો, પર્વો, તહેવારો, જ્યાંજ્યાં મોકો મળ્યો ત્યાં આપણા પૂર્વજોએ શુભ-લાભને સહજ રીતે ગોપવી દીધાં.

દક્ષિણ ભારતીય ગૃહિણી હજીય, મહાનગરમાં નાનકડા ઘરને બારણે, જ્યાં આંગણું નથી તો પણ રોજ પ્રભાતે સાદી, સરળ, સફેદ રંગની કલાત્મક રંગોળી રચે છે. જોતાં જ ગમી જાય એવી. અહીં પણ પેલો શુભ ભાવ જ પછવાડે ઊભો છે. સ્વસ્તિક કે સાથિયા જેવી આકૃતિમાં આપણે કેટલી મનગમતી ભાવનાઓ ભરી દીધી.

શુભ પ્રસંગમાં અખંડની આરાધના કરવા ચોખા, ઘઉં કે જવને અક્ષત કહ્યા. નાનકડા દીવડાને કેટકેટલાં પ્રતીકોથી નવાજ્યો ! કંકુ સાથે કેવી શુભ ભાવનાઓને જોડી દીધી.

ખબર હતી, અનુભવ હતો; પીડાઓ આવશે, વિરહ આવશે, અણધાર્યું, અઘટિત થશે, તોય એમાંથી કંઈક સારું જોવા-શોધવાની પ્રબળ ઈચ્છા જરૂર હતી. સ્વજનના મૃત્યુથી શોક પાળવાથી લઈ શોક ઉતારવો, શોક મૂકવો એ શું છે ? પ્રિયજનનો વિરહ તો અંતરમાં ઊંડેઊંડે રહેશે જ. પણ લોકાચારમાં ભળવા, દૈનિક જીવનને આગળ વધારવા, વ્યવહારોને સહજ બનાવવા શોક મૂકવો જરૂરી હોય છે. બાહ્ય રીતે સૌની સાથે હળવા-મળવા પાછળ સામાજિક ડહાપણની સૂઝ છે. નિરાશાના અંધારમાંથી આશાના ઉજાસ તરફ ડગલું માંડવાની પળ છે.

આપણી સંસ્કૃતિમાં બે સાવ ટચૂકડા શબ્દોની મહત્તા કેવી છે, જરા વિચારીએ: ‘શ્રી’ અને ‘ૐ’ એ બે નાનકડા શબ્દો કે અક્ષર માત્ર નથી, પૉઝિટિવ થિન્કિંગનું જબરું પીઠબળ ત્યાં છે. પત્રને મથાળે શ્રી કે ૐ લખવા પાછળ હેતુ તો શુભ કે લાભનો જ છે. મનને એવા આનંદ માટે તૈયાર કરવાનો છે. સારું થશે, શ્રેષ્ઠ થશે, બધું રંગેચંગે પાર પડશે તે માટે મનને જ સજ્જ કરવાની આ બધી વિધિ છે.

ખેડૂત અનાજ માપીને આપે કે વજન કરે ત્યારે માપિયામાં શગ કરે, છલોછલ ભરીને આપે તે ‘અંબોળ’ કે ‘અંબોર’ છે જેનો અર્થ છે ઉમેરવું, વધારવું કે વધારાનું આપવું. આપવાનું તો છે, એ વ્યવહાર છે, પણ અંબોળ કરીને આપવું એ ઉન્નતિની ભાવના છે. ઉલ્લાસ, હોંશ, ઉમંગ એ બધા શબ્દોને શગમાં સાકાર થતા જોઈ શકીએ.

કાછિયો પણ તે વાત જાણે છે, પોતાના ગ્રાહકને શાક તોળતાં, જરાક નમતે છાબડે આપે છે. ગ્રાહક ખુશ થાય છે. કાછિયાએ જે વધુ આપ્યું એનો લાભ કાછિયાને પછી થવાનો જ છે, જ્યારે ગ્રાહકના પગ એની શાકની લારી ભણી સહેજે વળશે ત્યારે.

યુવાન કે બાળક વડીલના ચરણસ્પર્શ કરે, વડીલ એને માથે હાથ મૂકી આશીર્વાદ આપે એ ભાવધારા શબ્દોમાં ક્યાંથી વ્યક્ત થઈ શકે ! દાદીમા વત્સને માથે હાથ દઈ મૂઠી વાળીને ટાચકા ફોડે, એ દુખડાં લેવામાં, ઓવારણાં લેવામાં ભાવના કેવા ઉચ્ચ સ્થાને બિરાજે છે. આ મારા વહાલાનાં દુઃખ મને દઈ દેજો. આ ભાવનાનું શિખર છે. આ પૉઝિટિવ થિન્કિંગનું એવરેસ્ટ છે.

મો. : ૯૮૨૦૬ ૧૧૮૫૨

કાશ

CA સંજય વિસનજી છેડા

બે અક્ષરનો એક નાનકડો શબ્દ, પણ જો કોઈ પણ વ્યક્તિને આ શબ્દની પાછળ કંઈ લખવા કહો તો કદાચ પાનાંઓનાં પાનાં ભરાય. ''કાશ'' આ શબ્દ એટલે જીવનમાં જે ના કર્યું, જે ના થયું, જે ના પામી શકાયું એનો વસવસો. જે ના થયું કે જે ના પામી શકાયું એ તો થઈ વિધાતાના લેખની વાત, પણ માનવીને સૌથી મોટો વસવસો એ જ રહી જાય, જે એણે શક્ય હોવા છતાં, સામાર્થ્ય હોવા છતાં, એક યા બીજા કારણસર ના કર્યું.

જે ઈશ્વરને મંજૂર નહોતું, એ ના થયું, એ ના પામી શકાયું, એ બધા અફસોસ સામે માણસ મનને મનાવી લે, પણ જે કંઈ એના હાથમાં હતું અને છતાં કોઈ ને કોઈ કારણસર જ્યારે માણસ એ નિર્ણય ન લઈ શકે, એ અફસોસ એટલે જીવનનો સૌથી મોટો અફસોસ. બધું જ બરાબર થઈ જાત, પણ કાશ, એ ક્ષણે, જ્યારે નિર્ણય લેવાનો હતો, ત્યારે સાચો નિર્ણય લીધો હોત તો.....

ઑસ્ટ્રેલિયન નર્સ *બ્રાઉની વૉર*, જે કૅન્સરના અંતિમ તબક્કામાં હોય એવા લોકોની સારવાર કરતી નર્સ હતી અને એણે પોતાની કારકિર્દીમાં આવા કેટલાય લોકોની સારવાર કરી. *બ્રાઉની વૉરે* આવા કેટલાય લોકો, જેમને પોતાના જીવનનો અંત એકદમ સાફ દેખાઈ રહ્યો હોય, એમની પાસે પોતાના જીવનના અનુભવો વિષે પૂછ્યું, એમને રહી ગયેલા અફસોસ, વસવસા વિષે પૂછ્યું અને એવાં અસંખ્ય તારણો પરથી *બ્રાઉની વૉરે* એક પુસ્તક લખ્યું છે, **"The Top Five Regrets of My Life".**

૧. *કાશ. મેં મારી જિંદગી મારી રીતે જીવી હોત*

આપણે સૌ આપણું આખુંય જીવન હંમેશાં બીજાઓની અપેક્ષા પ્રમાણે જીવીએ છીએ. નાનપણમાં પોતાનાં માતા-પિતાની અપેક્ષાઓ પૂરી કરવામાં. યુવાની મિત્રો, પ્રેયસી, જીવનસાથી વગેરેને અનુરૂપ થવામાં, ઑફિસમાં પોતાના ઉપરીઓના ફરમાન સ્વીકારવામાં, એમના ટાર્ગેટ પૂરા કરવામાં, સંતાનો થતાં જ એમની ઈચ્છાઓ પૂરી કરવામાં, એમની ઈચ્છા, અપેક્ષા પ્રમાણે જીવવામાં.

બસ આમ ને આમ જ, પોતાની આસપાસના લોકોને અનુકૂળ થઈને રહેવામાં, અન્યોની આશાઓ, ઈચ્છાઓ, શમણાંઓ, અપેક્ષાઓ પૂરાં કરવામાં, પોતાના હોઠો પર એક પ્લાસ્ટિકી સ્મિત

ચિપકાવી માણસ જીવી તો જાય છે અને જ્યારે હાથ-પગ થાકવા લાગે, વિચારો પણ પોતાની દિશા ભૂલવા લાગે ત્યારે માણસને સમજાય કે, ''હાય, હાય. લખ ચોર્યાશીના ફેરા પછી મળતું આ જીવન, મેં બસ અન્યોને અનુકૂળ થઈ જીવવામાં વેડફી નાખ્યું''.

''કાશ! મેં આ જીવન મારી રીતે, મારા માટે જીવ્યું હોત તો...''

૨. ***કાશ. મેં આખી જિંદગી આટલું ગધ્ધા વૈતરું ન કર્યું હોત***

આખી જિંદગી બસ કામ અને નામ પાછળ દોડતા રહ્યા હોવ, પરિવાર સાથે, મિત્રો સાથે કદી સમય વિતાવ્યો જ ના હોય, પાછલી ઉંમરમાં સારું એવું બૅન્ક બેલેન્સ તો હોય, પણ જે કામ અને નામ પાછળ આખી જિંદગી ખુવાર કરી દીધી હોય, ત્યાં ''હવે તમારો સમય નથી'' એમ સાંભળીને એ ઑફિસથી, એ સંસ્થાઓમાંથી સમસમીને પાછા વળ્યા હોવ.

જે મિત્રો માટે તમે પહેલાં કદી સમય ફાળવ્યો નહીં, હવે એ સૌ પણ તમને સમજાય નહીં એ રીતે તમને ટાળતા થઈ ગયા હોય. દીકરા, દીકરી પરણીને પોતપોતાની જિંદગીમાં એમની પોતાની રફતારમાં દોડી રહ્યાં છે અને હવે તમે એ રફતારને આંબી શકો એમ ન હોય ત્યારે તમારું બૅન્ક બેલન્સ તમને ફક્ત નોકર, ચાકરની ચાકરી અપાવી શકે અને ત્યારે દીવાલો પર મુક્કા વરસાવી આક્રોશ નીકળે કે,

''કાશ, મેં માત્ર કામ અને નામ પાછળ દોટ ના મૂકી હોત...''

૩. ***કાશ. હું મારા મનની વાત, મારી લાગણીઓને ખરા સમયે વ્યક્ત કરી શક્યો હોત***

મનની વાત કરવી હતી, અંતરની લાગણીઓ વ્યક્ત કરવી હતી, પણ ક્યારેક હિંમત ન થઈ તો ક્યારેક સંજોગો પ્રતિકૂળ રહ્યા. પછી એ લાગણીઓ પ્રેયસી પ્રત્યે હોય કે માતા-પિતા પ્રત્યે કે પછી ભાઈ-ભાંડુઓ વચ્ચે.

કોઈ પાસે પોતાનો પ્રેમ વ્યક્ત કરવો હતો, કોઈ પાસે માફી માંગવી હતી, કોઈનો આભાર માનવાનો હતો, પણ ક્યારેક સંજોગોને કારણે તો ક્યારેક એમ વિચારીને કે, ''એમાં કહેવાનું શું હોય?'' તો ક્યારેક એવી ભ્રમણા, કે ''હજી તો સમય છે. ક્યારેક લાગ જોઈને વાત મૂકી દઈશ''.

બસ. એમ જ સમય સરતો ગયો અને મનની મનમાં રહી ગઈ અને જે વાત હોઠો સુધી ન આવી શકી, એ જીવનભરની પીડા બનીને રહી ગઈ અને જ્યારે એ વાત કરવાની આજે માંડ હિંમત ભેગી કરી હોય ત્યાં તો ખબર પડે કે હવે બહુ મોડું થઈ ગયું અને ત્યારે આંસુ પણ સાથ ન આપે

અને બસ એક ઠાલો નિસાસો નીકળે કે,

કાશ! ખરા સમયે મનની વાત કહી દીધી હોત તો...

૪. કાશ. હું મારા મિત્રો સાથે સતત સંપર્ક રાખી શક્યો હોત

બાળમંદિરના મિત્રો, પછી સ્કૂલના મિત્રો, પછી ક્લાસના મિત્રો, પછી કૉલેજના મિત્રો. સમય સાથે સંજોગો બદલાયા, મિત્રવર્તુળ બદલાતાં રહ્યાં. વળી બાલ્યા-વસ્થાની નિરાંત, ફુરસદ, બધું. યુવાનીની દોડાદાડમાં કોરાણે મુકાઈ ગયું. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ સાથે જવાબદારીઓ વધી. અન્ય સંબધોનું વર્તુળ વધ્યું. એમાં વળી સોશિયલ મીડિયાએ ફાજલ સમય લૂંટી લીધો.

પછી તો એવો સમય આવ્યો કે, કામ સિવાય કોઈ સાથે વાતચીત નહીં. કોઈને મળવાનું નહીં. કોઈ કામ વિના મળવા માંગે કે ફોન પણ કરે તો સાવ ઊખડેલો જવાબ આપવો. બસ, એમ નો એમ જવાબદારીઓ વચ્ચે, સ્વાર્થ માત્રની સમજણ વચ્ચે જૂની દીવાલ પરથી ખરતા રંગનાં પોપડાંની જેમ સંબંધો વિખરાતા ગયા, વીસરાતા ગયા.

ગૃહસ્થાશ્રમના સર્વ ધર્મો નિભાવી, સર્વ ફરજો બજાવી નિવૃત થયા ન થયા, સંતાનો પોતાની દુનિયામાં, પોતાના વર્તુળમાં વ્યસ્ત થયાં અને પછી જ્યારે તમે કોઈ મોટા મેન્શનની ગૅલેરીમાં આરામખુરશી પર એકાંત ભાળ્યું, ત્યારે કરોડરજ્જુમાંથી એક કંપારી છૂટી ગઈ. ગયા જન્મદિને સંતાને ભેટ આપેલું ૫,૦૦૦ ગીતોવાળું Caravan, હકીકતમાં એ સંતાનને તમારાથી ફ્રી ટાઈમ મળે એ માટે તમને આપેલ લાંચ જેવું લાગ્યું અને હીંચકાને ઠેસી મારી એક નિસાસો નખાઈ ગયો,

''કાશ! મેં મારા મિત્રો સાથે સંપર્કસેતુ ટકાવી રાખ્યો હોત તો...

૫. કાશ. હું મારી જાતને ખુશ રાખી શક્યો હોત

મને તો આમ જ જોઈએ મને તો આમ જરા પણ ન ફાવે સ્કૂલમાં મારાથી વધુ માકર્સ બીજા કોઈને આવ્યા જ કેવી રીતે, ઑફિસની મિટિંગમાં બૉસે મારી વાતની સિરિયસલી કેમ ના લીધી, એ છોકરો મને ના ગમ્યો, છતાં પણ સાસરિયાંવાળા, નાની સાળી માટે એને સિલેક્ટ કેવી રીતે કરી શકે.

દરેક વાતમાં, દરેક સવાલના મધ્યમાં હું, મેં અને મારું. કોઈ વાતમાં પોતાની જાતને ખુશ રાખવાનો, સંતોષ આપવાનો પ્રયત્ન પણ નહીં. બસ, દુનિયા આપણી રીતે ચાલવી જોઈએ, દરેક વાત પર્ફેક્ટ હોવી જોઈએ. દરેક વાત, દરેક ઘટના અમુક ચોક્કસ રીતે જ થવી જોઈએ એવો આગ્રહ

અને છેવટે હાથમાં શું આવ્યું. માત્ર ઉગ્રતા, વ્યગ્રતા અને છેવટે શૂન્યતા.

બહુ નાનીનાની વાતોમાં ખુશી મળી શકી હોત, પણ ખબર નહીં એ સમયે ખુશ થવાને બદલે પોતાના સાચા પુરવાર થવું, પોતાની જીત, એ જ બધું વધુ મહત્ત્વનું લાગ્યું. હમણાં છેલ્લા ચેકઅપ વખતે ડૉક્ટરે પણ ચોખ્ખા શબ્દોમાં કહ્યું, ''ટેક ઈટ ઇઝી, મિસ્ટર છેડા, તમે આ દુનિયામાં જીવવા આવ્યા છો, જીતવા નહીં'' અને ત્યારે કાર્ડિયોગ્રામની ધીરેધીરે સીધી થતી જતી લાઇન તમારા હોઠે કહેવડાવે કે, ''કાશ, આ વાત કોઈએ મને થોડી પહેલાં કહી હોત...''

બ્રાઉની વોરના પુસ્તકમાં એના દર્દીઓમાં સૌથી સામાન્ય એવા આ પાંચ અફસોસની વાત છે, પણ આપણે સૌ આવા કેટલાય ''કાશ'' પોતાની ભીતર લઈને જીવી રહ્યા છીએ અને એટલે જ આ લેખનો ધ્યેય માત્ર એટલો કે આ ''કાશ''ની બાબતે આપણે, ''કલ કરે સો આજ અને આજ કરે સો અબ''ના ધોરણે, કંઈક એવું કરીએ, કે આ ''કાશ''ને ''હાશ''માં બદલી દઈએ. વળી દરેક ધર્મ એક યા બીજી રીતે એ જ શીખવે છે કે જો કર્મોને આત્મસાત કરશો તો કોઈ ''કાશ'' માટે અવકાશ જ નહીં રહે.

એટલે આજે આપણે સૌ નક્કી કરીએ કે, એક સાંજે, શાંતિથી બેસી આવા બધા ''કાશ'' એક કાગળ પર ઉતારી લઇએ અને પછી રોજ એક ફોન કરી, એ વ્યક્તિઓને મળીને, મન ખોલીને, એ ''કાશ''ની લાઇનને રીતસરનો છેકો મૂકીએ અને ઈશ્વરને પ્રાર્થના કરીએ કે જ્યારે આકાશ ભણી જવાનું થાય તો આ ''કાશ''ની વણજાર સાથે ન હોય.

છેલ્લે...

પ્રખ્યાત ફિલોસોફર ***સ્ટીફન લેવિન***નું એક બહુ પ્રચલિત વાક્ય છે, ''જો તમે જલદી જ મરવાના હોવ અને તમને એક જ ફોન કરવા મળે તો તમે કોને ફોન કરશો અને શું કહેશો ? અને તમે શેની રાહ જોઈ રહ્યા છો ?''

મૃત્યુ સામે દેખાતું હોય, એક જ ફોન કરવા મળે, તો કોને કરશો અને શું કહેશો અને સૌથી મહત્ત્વનો છેલ્લો પ્રશ્ન, ''શેની રાહ જુઓ છો.'' આજે સઓ અને ખબર ન હોય કે કાલે આંખ ખૂલશે કે નહીં. આ નશ્વર શરીર પર શા કારણે એટલો વિશ્વાસ કે, ''હજુ તો ઘણો સમય છે.''

કોઈને દુઃખ પહોંચાડ્યું હોય, કોઈની માફી માંગવાની હોય, કોઈને મનની વાત કહેવાની હતી, પોતાની જાતને એક નાનકડી ખુશી આપવાની હતી, તો એ બધાની છેલ્લી તારીખ તો *''ગઈકાલે''* હતી. તમે પહેલા જ બહુ મોડા પડ્યા છો. તો બસ ફોન ઉપાડો અને મનની વાત કરી. ''કાલ કોણે દીઠી''.

અસ્તુ

- રતાડિયા ગણેશવાલા
મો.: ૯૮૯૨૮ ૧૫૩૬૭

કોલકત્તાની સફરે...

જ્યોતિ મોતા

ગતાંકથી ચાલુ...

લુહાણાવાડીમાં જગ્યા જોઈ લીધા બાદ હું નીકળી એ સાંજે કોલકત્તાની સૌથી સુંદર ધરોહર મેમોરિયલ જોવા.

વિક્ટોરિયા મેમોરિયલ :- ક્વીન્સ વે મેદાન, કોલકત્તા. પશ્ચિમ બંગાળ. સમય: સવારના ૧૦ થી ૬.૧૫. સોમવાર : બંધ. પ્રવેશ શુલ્ક ૩૦ રૂપિયા.

ટિકિટ કઢાવી એક મોટા ઉદ્યાનમાં દાખલ થઈ. ચારેબાજુ દૂરદૂર સુધી હરિયાળી ફેલાયેલી હતી. સુંદર મૂર્તિઓ અને નાના-નાના પ્રકારનાં શિલ્પો, વૃક્ષો, વિવિધ આકારોમાં ઊભી કરેલી હરિત કમાનો અને સ્વચ્છતા ઊડીને આંખે વળગે એવાં હતાં. વિશાળ પાર્કની વચ્ચોવચ એક ધવલ, ભવ્ય, વિશાળ ઈમારત શોભી રહી હતી. આ સ્મારકને દૂરથી જોઈને જ દંગ થઈ જવાય! આટલી ભવ્ય ઈમારતને બે કલાકમાં જોઈ શકાશે? બહારથી તો આ ઈમારત તાજમહેલને પણ ટક્કર મારે એવી દેખાતી હતી. આ ઉજ્જવલ, વિશાળ ઈમારતની ચારેબાજુ અષ્ટકોણીય વિશાળ ગુંબજો અને એની ઉપર છત્રીઓ જોઈને આશ્ચર્ય થયા વિના ન રહે! ૧૩૪ ફૂટ (૫૬ મીટર) ઊંચાઇએ આવેલ આ છત્રીઓ અદ્‌ભુત લાગે છે. આ સ્મારક ચબૂતરા ઉપર ૨૦૦ ફૂટની ઊંચાઈ પર સ્થાપિત છે. એના કેન્દ્રીય ગુંબજના શિખર પર **એંજલ ઑફ વિક્ટરી**ની ૧૬ ફૂટ ઊંચી કલાત્મક મૂર્તિ બૉલ બેરિંગ પર લગાવેલી છે, જે હવાની સાથે ફરતી રહે છે. આ મૂર્તિમાં ચારેબાજુ વાસ્તુકલા, ન્યાય, ચૅરીટી અને સ્થાપત્યની ચાર કલાત્મક મૂર્તિઓ બનાવેલ છે. આ બધી જ મૂર્તિઓ ઈટલીમાં બનાવેલ છે. મેદાનમાં સ્થાપેલી બે સંગેમરમરની મૂર્તિઓ શક્તિનું પ્રતિનિધિત્વ કરે છે. મહારાણીની વિશાળ કાંસ્ય પ્રતિમા ઇંગ્લૅન્ડના સર **ફ્રૅમટન** દ્વારા બનાવવામાં આવી છે.

મકરાણા માર્બલથી બનેલા આ ભવ્ય સ્મારકના વાસ્તુકાર **વિલિયમ ઇમર્સન** (૧૮૪૩-૧૯૨૪) હતા. આ સ્મારકની ડિઝાઇન ઇન્ડો-સારાસેનિક, રિવાઇવલિસ્ટ શૈલીમાં છે. એની સ્થાપત્યકલામાં વીનીશિયન, મોગલ, વેનિશ, મિસર અને ઇસ્લામિક સ્થાપત્યનો પ્રભાવ છે. આ સ્મારકને બનાવવા

તે સમયે ભારતીય રૂપીયા એક કરોડ પાંચ લાખ (૧,૦૫,૦૦,૦૦૦) લાગ્યા હતા. બહારનું સ્થાપત્ય, મૂર્તિઓનું શિલ્પ અને સૌંદર્ય જોઈને વિચાર આવ્યા વગર ન રહે કે બહારની સુંદરતા આટલી બધી છે તો અંદરની સુંદરતા કેટલી ને કેવી હશે !

આસપાસની સુંદરતાને નિહાળતી થોડાંક પગથિયાં ચડી અંદર ગઈ. એક વિશાળ ગુંબજ પાસે પર્યટકોની ખૂબ ભીડ હતી ત્યાં પહોંચી. રાણી વિક્ટોરિયાની આદમકદ મૂર્તિ ખૂબ સુંદર અને બેજોડ લાગતી હતી. આ મૂર્તિની ભવ્યતા આંખોને જકડી લે તેવી છે. ઊંચી, તોતિંગ, વળાંકવાળી દીવાલો ઊપર પણ કલાકૃતિઓને જોઈ મોઢામાં આંગળા નાખી દેવાય. આ ભવ્ય ઇમારતનો પાયો ઈ.સ. ૧૯૦૬માં નખાયો અને ઈ.સ. ૧૯૨૧માં આ સ્મારક જનતા માટે ખોલી દેવામાં આવ્યું. અહીં રાણી વિક્ટોરિયાની અમૂલ્ય વસ્તુઓનો સંગ્રહ કરેલો છે. અહીં ૨૫ ગૅલેરીઓ છે અને ૩૦,૦૦૦થી વધુ કલાકૃતિઓ ! રાણીનું શાહી જીવન દર્શાવતી પશ્ચિમી અને ભારતીય કલાકારો દ્વારા બનાવેલ દુર્લભ ચિત્રકારી (પેઇન્ટિંગ) પણ અહીં છે. ચિત્રકારી દીર્ઘા, મૂર્તિકલા દીર્ઘા, રાષ્ટ્રીય નેતાઓની દીર્ઘા, શસ્ત્રાગાર દીર્ઘા અને નવી બનેલી રોયલ કોલકત્તા દીર્ઘા સામેલ છે. આ બધી દીર્ઘાઓની પોતપોતાની વિશેષતાઓ છે.

અહીં ૧૮મી સદીના **વૉટર કલર કલાકૃતિઓ** બનાવનાર કલાકાર **થોમસ ડેનિયલ** અને એનો ભત્રીજો **વિલિયમ ડેનિયલ** દ્વારા બનાવેલ ચિત્રોનો પણ ઘણો મોટો સંગ્રહ છે. સંગ્રહાલયની અંદર વિલિયમ સેક્સપિયરનાં જૂનાં પુસ્તકો, સંગીતનાં પુસ્તકો અને બીજાં અનેક પુસ્તકોનો મોટો સંગ્રહ છે. બીજી દીર્ઘામાં અબુલ ફઝલ દ્વારા લખેલ 'આઈન એ અકબરી'ની સચિત્ર પાંડુ લિપિઓ પણ છે. અદ્‌ભુત, કલાત્મક, પ્રભાવશાળી ચિત્ર અને ઉત્કૃષ્ટ કૃતિઓથી ભરેલું આ સ્મારક કલાનો એક અદ્વિતીય ભંડાર છે.

પૂરી ઈમારત આરામથી જોવા ઘણો સમય જોઈએ. એકએક દીર્ઘામાં પ્રદર્શિત વસ્તુઓ પર્યટકોને જકડી રાખે તેવી છે. આ પ્રકારનો સંગ્રહાલય કદાચ આ એક જ હોય. ફટાફટ આખો સંગ્રહાલય જોઈ ઈમારતના દક્ષિણ ભાગમાંથી હું બહાર નીકળી. વિક્ટોરિયા મેમોરિયલ બનાવવાની દરખાસ્ત રાખનાર લૉર્ડ કર્જનનું આરસનું પૂતળું ત્યાં બનેલું જોયું. આ ગાર્ડનની અંદર પ્રકાશ-ધ્વનિ શોનું આયોજન પણ રોજ થાય છે. સાંજના અંગ્રેજી અને બંગાળી ભાષામાં અલગઅલગ સમયે બે શો તો રોજ યોજાય છે. અનેકવિધ વૃક્ષો, છોડવાઓ, ફૂલો અને રંગબેરંગી રોશનીથી સુશોભિત આ ઉદ્યાનમાંથી પસાર થઇ હું બહાર

આવી. ૬.૩૦ થઈ ગયા હતા અને બહાર અંધારું જામી ગયું હતું. ભૂખ નગારાં વગાડી રહી હતી. કોલકત્તાની સ્ટ્રીટ ચાટ વિશે ઘણું સાંભળ્યું હતું. અહીં ચાટની ઘણીબધી ટપરીઓ જોઈને મોઢામાં પાણી છૂટ્યું. બે ત્રણ અલગ-અલગ ચાટની ડીશો સફાચટ કરી ગઈ. રાતની રોશનીમાં રંગીન થતું કોલકત્તા સુંદર લાગી રહ્યું હતું. રસ્તા પર મૂકેલ મૂર્તિઓ અને ઈમારતોને જોવાનો પણ આનંદ ઉઠાવ્યો. અહીંથી હું બિરલા ભવન પાસે આવી. ઝળહળતું બિરલા ભવન જોઈ થોડી આગળ વધી. મેમોરિયલની આસપાસ અનેક જોવાલાયક સ્થળો પણ છે. ***બિરલા તારામંડળ, સેન્ટ પોલ કૈથેડ્રલ, ફોર્ટ વિલિયમ પ્રિંસેપ ઘાટ, બી.બી.ડી. બાગ*** વગેરે.

મુખ્ય રોડથી બસ પકડી પોદાર કોર્ટ પહોચી. રસ્તો શોધતીશોધતી મારા ગંતવ્યે પહોંચી. આવતી કાલે વહેલી સવારે મારે કિશનબાબુ સાથે કોલકત્તા હેરિટેજ વૉક માટે નીકળવાનું હતું. આટલી કડકડતી ઠંડીમાં કિસનભાઇએ ચીંધેલી જગ્યા સુધી પહોંચવું મારે માટે એક પડકાર હતો. ત્યાર બાદ મારે મારું રહેવાનું ઠેકાણું બદલી બીજે જવાનું હતું અને પછી એક નવી જગ્યાની મુલાકાતે. આનંદિત મને હું નિદ્રાધીન થઈ.

કોલકત્તા હેરિટેજ વૉક તા. ૩.૧.૧૯

વહેલી સવારે ઊઠી યોગ-પ્રાણાયમ-ધ્યાનનો મારો નિત્યક્રમ મેં પૂરો કર્યો. છ વાગ્યા સુધીમાં નહાઈ ધોઈને તૈયાર થઈ ગઈ. બહાર હજી અંધારું હતું. કોલકત્તા બાબુનો મેસેજ આવ્યો.

''તૈયાર?''

''યસ દાદા.''

એમના સમજાવેલા રસ્તા સુધી જવા ઈઝરા સ્ટ્રીટ પાર કરી મુખ્ય રોડ પર એકાદ કિલોમીટર ચાલતીચાલતી પહોંચી ગઈ દાદા પાસે. હવે અમે બંને ઘુમક્કડ કોલકત્તાની સુંદર, વિશાળ, સડકોને સુપ્રભાત કરવા નીકળી પડ્યાં. સડકો સૂમસામ હતી. મંદમંદ વહેતો પવન બે જેકેટધારીઓને ધ્રુજાવી રહ્યો હતો. કિશનભાઈનો ભલે વધુ પરિચય ન હતો, પણ તેઓ એક ખુશમિજાજ, બિન્દાસ અવ્વલ ઘુમક્કડ છે. વળી એક ઘુમક્કડ માટે તો કોઈ પરાયું હોતું જ નથી, તેનું સગપણ તો એક જ.... અમે ફક્કડ ઘુમક્કડ બંદે!

ચાલતાચાલતા અમે નેતાજી સુભાષચંદ્ર બોઝ રોડ પર આવી ગયાં. અહીંથી અમારી હૅરિટેજ વોક શરૂ થઇ. એક ઈમારતનો પરિચય કરાવતાં કિશનભાઇએ કહ્યું કે, ''આ છે જી.પી.ઓ.! ''

જનરલ પોસ્ટ ઑફિસ : મુંબઈની હૅરિટેજ વૉકમાં પણ આટલી જ વિશાળ જી.પી.ઓ. ફોર્ટ વિસ્તારમાં આવેલી છે, જે અંગ્રેજ શાસન દ્વારા બનાવેલી છે. તેવી જ અહીં છે. આ પણ અંગ્રેજોએ બનાવી છે. ફરક એટલો જ હતો બંનેનાં રંગ અને સ્થાપત્ય શૈલી જુદાં છે. વિશાળ તોતિંગ થાંભલાઓથી બનેલી આ સફેદ રંગની ઈમારત કોલકત્તાની ભવ્યતામાં વધારો કરી રહી છે. એની ઊંચી ગુંબજદાર છત ૨૨૦ ફૂટની છે. આ ઈમારત પહેલાં ફોર્ટ વિલિયમનું ઘર હતું. ૧૮૮૪માં વોલટર બી. ગ્રેનીવીલ દ્વારા આ જી.પી.ઓ. ડિઝાઇન કરવામાં આવી. ૧૭૫૬માં બનેલું આ ઘર 'બ્લૅક હૉલ ઑફ કોલકત્તા' તરીકે કુખ્યાત હતું. આ સ્મારકની ભવ્યતા આકર્ષક છે. અમે જી.પી.ઓ.ના પાછલા બારણેથી અંદર પ્રવેશ કર્યો. કિશનભાઈ અંદરની એકએક ઝીણી વિગતોનું વર્ણન કરતા ગયા. ત્યાં ગોઠવેલ પોસ્ટનાં ચોરસ ખાનાં, ટિકિટ વિતરણ, ડાક ટિકિટ બ્યૂરો, સંગ્રહાલયની કલાકૃતિઓ અને પ્રદર્શિત ટિકિટોની વાતો સમજાવતા ગયા. અંદર ડાક સંગ્રહાલય પણ છે. આ સ્મારકની ભવ્યતા આકર્ષક છે.

અહીંથી બહાર નીકળી અમે રસ્તાની બંને બાજુએ ઊભેલી ઘણી જૂની, કલાત્મક, બ્રિટિશ ઈમારતો જોઈ. આ ઈમારતોની ઊંચાઈ, બારી-બારણાંઓની રચના અલગ તરી આવે તેવી છે. અંગ્રેજોએ બનાવેલી આ ઈમારતો અને એની સ્થાપત્ય રચના વિશે થોડી વાતો કિશનજીએ કરી. મુંબઈના વી.ટી. સ્ટેશનથી ચર્ચગેટ સ્ટેનશન સુધીની હૅરિટેજ વૉકમાં સુંદર ઈમારતોની ભવ્યતાની જે અનુભૂતિ થાય તેવી જ લાગણી કોલકત્તા હૅરિટેજ વૉકમાં હું માણી રહી હતી. આ બંને શહેર દિવસ દરમિયાન ભરચક રહેતાં હોય છે અને વહેલી સવારે કેટલાં શાંત, નીરવ, અને ભવ્ય લાગે. સરકારી કચેરીઓ જોતાંજોતાં અમે એક ખુલ્લી, નીરવ હરિયાળી જગ્યાએ પહોંચ્યાં. ત્યાં એક ચર્ચ જોયું. તે કૈથેડ્રલ હતું.

સેન્ટ જોન્સ ચર્ચ: મૂળ સ્વરૂપે આ ઈમારત ઍંગ્લિકન કૈથેડ્રલ હતું. ૧૭૮૭માં બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા નિર્મિત આ ત્રીજું મોટું ચર્ચ છે. આનો પાયો ૧૭૮૪માં ભારતના ગવર્નર જનરલ વૅરેન હેસ્ટિંગ દ્વારા નાખવામાં આવ્યો, આમ તૌર પર આ ચર્ચ પથ્થરગિરજા 'સ્ટોન ચર્ચ'ના નામે ઓળખાય છે.

તેના વાસ્તુકાર જેન્સ એગ હતા. આ ચર્ચ નિયોક્લાસિકલ વાસ્તુકલા શૈલીમાં મોટી ચતુષ્કોણ સંરચનાથી બનાવવામાં આવ્યું છે. ૧૭૪ મીટર ઊંચું તેનું પથ્થરનું શિખર એ એની વિશેષતા છે. એની અંદર એક મોટું ઘડિયાળ છે જે રોજ એના જખમો બતાવે છે. વાસ્તુકલાનો આ અદ્‌ભુત નમૂનો જોઈ અમે આગળ વધ્યાં રાજ ભવનના રસ્તે.

રાજ ભવન : એક વિશાળ, શાંત, સ્વચ્છ અને શાહી રસ્તા પર ઠેરઠેર સુરક્ષાકર્મીઓ નજર આવી રહ્યા હતા. એ રસ્તે ચાલતાંચાલતાં અમે પહોંચ્યાં રાજ ભવનની ભવ્ય ઈમારત પાસે. શિયાળાની કડકડતી ઠંડી અને બે ઘુમક્કડ મિત્રોને જોઈને અમારી જેમ સુરક્ષાકર્મીઓ પણ અમને ટગરટગર જોઈ રહ્યા હતાં. ધુમ્મસથી વીંટળાયેલી સવાર હતી. કિશનભાઇએ રાજભવનના ભવ્ય દરવાજા પાસે પહેરો આપતા એક સુરક્ષાકર્મી પાસે જઈ રાજ ભવનનો ફોટો કઢાવવાની રજા લીધી. રજા મળતાં અમે બંને રાજી થઈ ગયાં. 'ઘુમક્કડી દિલ સે' (જી.ડી.એસ) ના બેનર સાથે ધડાધડ ફોટો ખેંચી લીધા. અહીં પર્યટકોને અંદર જવાની અનુમતિ નથી.

ઈ.સ. ૧૭૯૯માં આ ઘર બંકિંગહામ હાઉસ તરીકે ઓળખાતું હતું. તે સમયના ગવર્નર માર્કેશ વેલેસ્લીએ ૧૩ લાખ રૂપિયામાં આ ઘર બનાવડાવ્યું અને રહેવા લાગ્યા. ત્યાર બાદ ઈ.સ. ૧૮૫૮ પછી આ વાઇસરોય હાઉસ બન્યું. આઝાદી પછી ૧૯૪૭માં બંગાળ ગવર્નરનું ભવન બન્યું.

આ સમય દરમિયાન આ ઈમારતમાં ઘણા ફેરફાર કરવામાં આવ્યા. આ. ત્રણ માળનું મકાન ચારેબાજુથી ઘુમાવદાર છે. આ રાજ ભવનની અનેક વિશેષતાઓ છે. ૭,૮૦૦ વર્ગ મીટરમાં ફેલાયેલા આ રાજ ભવન આગળ મોટો સુંદર બાગ છે. બહારથી જ રાજ ભવનની ઝલક જોઈ અમે ફરી આગળ નીકળ્યા. ટૅક્સી પકડી અને અમે આવ્યાં પ્રિંસેપ ઘાટ.

પ્રિંસેસ ઘાટ : હુગલી નદીના કિનારે બનેલ આ ઘાટ એક સુંદર છબી ઉપસ્થિત કરે છે. ૧૮૪૧માં રાજકુમાર પ્રિંસેપના નામ પર બનાવવામાં આવેલા ઘાટ ફોર્ટ વિલિયમના વૉટરગૅટ અને સેન્ટ જ્યોર્જ ગૅટ વચ્ચે છે. આ સ્મારક ગ્રીક ગોથીક શૈલીમાં બનાવેલું છે. લોકોનું મનોરંજન સ્થળ બની ગયું હોવાથી અહીં ઘણાં પ્રી-વેડિંગ શૂટિંગ અને ફિલ્મ શૂટિંગ પણ થાય છે. એની પાસે જ પ્રિંસેપ રેલવેસ્ટેશન પણ આવેલું છે.

બે કિલોમીટર અને બે કલાક થઈ ગયા હતા. સવારનો સમય હોવાથી હજી કોઈ દુકાનો ખુલી નહોતી. કિશનભાઇએ ભાભીએ આપેલ ફળો કાઢ્યા અને અમે ફળાહાર કર્યો. મારી સવાર આજે સુંદર બની ગઈ. ટૅક્સી કરી કિશનભાઈ મને ઈઝરા સ્ટ્રીટ મૂકી પોતે દુકાને ગયા.

હું મારો સામાન લઈ નીચે કાર્યાલયમાં આવી. અહીં મારે કેટલું ભાડું આપવું એ મેં ફોન કરી કાંતિભાઈને પૂછ્યું. એમણે કશું નહીં આપવા કહ્યું. આગલા બે દિવસ હજી હું

કોલકત્તામાં રહેવાની હોવાથી હિસાબ પછી પતાવી દઈશ એવું વિચારી હું મારા સામાન સાથે બહાર આવી. બે ગલીઓ પસાર કરી હું લુહાણા ધર્મશાળા પહોંચી. મારાં સામાન બેડ નીચેના લૉકરમાં જમા કરી, કીમતી સામાન અને રૂપિયા સાથે લઈ લીધા.

આજનો દિવસ કોલકત્તાની મુલાકાત માટે હોવાથી કિશનભાઇને પૂછી લીધેલું કઈ જગ્યાએ મારે ક્યારે જવું. મુખ્ય રોડ પરથી બે બસો બદલીને જવું હતું અહીંના જાદુગર સંગ્રહાલયમાં. એ જ રસ્તેથી. આગળ વધતા પાંચ મિનિટના અંતરે એક સુંદર ચર્ચ છે. એને જોવાનું હું કેવી રીતે ટાળી શકું!

સંત પોલ કૈથેડ્રલ: આ ગિરજાઘર લુહાણા વાડીથી પાંચ મિનિટના અંતરે, દક્ષિણ કોલકત્તામાં સ્થિત છે. આ ચર્ચની આગળ વિશાળ બાગ છે. દૂરથી ઈમારતનું સૌંદર્ય અને અદ્ભુત સ્થાપત્ય ઊડીને આંખે વળગે એવું છે. અહીંની શાંતિ અને સ્વચ્છતા તેમ જ ઈમારતની સુંદરતા જોઈ મારા પગ આપોઆપ તે તરફ વળ્યા. ચર્ચ અને કૈથેડ્રલમાં શું ફરક હોય તે પહેલા તો ન સમજાયું. પાછળથી ખબર પડી કે કૈથેડ્રલ એ ચર્ચનું વિશાળ સ્વરૂપ છે. કૈથેડ્રલ એ બિશપ દ્વારા ચલાવવામાં આવે છે. ચર્ચ કૈથેડ્રલથી નાનું હોય. જે કલર્જીમૅન અથવા પાદરીઓના સમૂહ દ્વારા ચલાવાતું હોય છે. પ્રાયઃ બિશપ કૈથેડ્રલ પરિસરમાં જ રહેતા હોય છે. ઈસાઈઓનાં પૂજાસ્થળ ચાર છે. ચેપલ, ચર્ચ, બેસિલિકા અને કૈથેડ્રલ.

સંત પોલ કૈથેડ્રલ એ કોલકત્તાનો સૌથી મોટો અને એશિયાનો પહેલો કૈથેડ્રલ છે. આ ચર્ચના વાસ્તુકાર વિલિયમ નાયરન ફોબર્સ છે. ઈન્ડોગોથીક વાસ્તુશિલ્પ શૈલીથી આ કૈથેડ્રલ બનાવવામાં આવ્યું છે. આ ચર્ચની લંબાઈ ૨૪૭ ફિટ (૭૫ મીટર), પહોળાઈ ૮૧ ફીટ (૨૫ મીટર) અને શિખરની ઊંચાઈ ૨૦૧ ફૂટ (૬૧ મીટર) છે. આ ચર્ચની દીવાલો, બારી–બારણાંઓ રંગબેરંગી કાચથી સુશોભિત કરેલાં છે. અંદર શિખર અને છતના ભાગ પર કરેલી ચિત્રકારી મોહક છે. અહીં સંત પોલના જીવનની કડીઓને ચિત્રરૂપે દર્શાવવામાં આવેલી છે. આ પરિસરમાં બિશપ વિલસનની સંગેમરમરની મૂર્તિ છે. બિશપ વિલસનો અહીંના પુસ્તકાલયમાં પાંડુ લિપિઓનું દાન કરેલ છે. આટલા સુંદર કૈથેડ્રલને નિહાળતી નિહાળતી હું અંદર પ્રવેશી. ત્યાં માસ પ્રેયર ચાલુ હતી. હું પણ એમાં જોડાઈ અહીંના શિસ્ત અને શાંતિ જોવા જેવા હતાં.

અગિયાર વાગી ગયા હતા. હવે મારે બસ પકડી જવું હતું અહીંના જાદુગર સંગ્રહાલયમાં.

ક્રમશઃ

મો. ૯૯૩૦૫૦૮૪૦૭

શોધ કોને કહેવાય ?

✼ તલક શાહ ✼

થોડા સમયથી ભારતના પ્રાચીનકાળની વૈજ્ઞાનિક સિદ્ધીઓ વિશે ઘણું સાંભળવા અને વાંચવા મળે છે. એમાંનું કેટલું સાચું હોઈ શકે અને કેટલું કાલ્પનિક હોઈ શકે એ જાણવું અને સમજવું જરૂરી છે. એના માટે સૌથી પહેલાં વૈજ્ઞાનિક જગત શોધ કોને ગણે છે તે સમજવું અગત્યનું છે.

અંગ્રેજીમાં બે શબ્દો છે: ડિસ્કવરી (Discovery) અને ઈન્વેંશન (Invention). આ શબ્દોના ચોક્કસ અર્થ થાય છે. જે મોજૂદ છે પણ આપણી જાણમાં નથી તે ખોળી કાઢવાની કે શોધવાની ક્રિયાને ડિસ્કવરી કહે છે. જે વસ્તુનું અસ્તિત્વ જ નથી તેને બનાવવાની ક્રિયાને ઈન્વેંશન કહેવાય છે. ગુજરાતીમાં આ બન્ને ક્રિયાઓ માટે એક જ શબ્દ છે. તે છે શોધ. આ લેખના સંદર્ભમાં બીજો એક અગત્યનો શબ્દ સમજવો પણ જરૂરી છે. તે છે અવલોકન (Observation). કોઈ ખાસ કારણસર કરવામાં આવતું અવલોકન કેટલાક સંજોગોમાં શોધ બની શકે છે. આ ત્રણે શબ્દોને ધ્યાનમાં રાખીને આપણે શોધ કોને કહેવાય અને ક્યારે થઈ કહેવાય એ વાત ત્રણ અલગ ક્ષેત્રના દાખલા વડે સમજવાની કોશિશ કરીએ.

આપણી જાણમાં છે એવી દુનિયાની બધી સંસ્કૃતિઓ ૧૨૦૦૦-૧૩૦૦૦ વરસથી વધારે પુરાણી નથી. ત્યારે છેલ્લા હિમયુગનો અંત આવ્યો હતો અને માણસ સારા અને ફળદ્રુપ વસવાટની શોધમાં વિષુવવૃત્તથી દૂર જવા લાગ્યો હતો. સંસ્કૃતિઓની શરૂઆતનાં વરસોમાં માણસને કુદરતી ઘટનાઓની ખાસ સમજ નહોતી. જો કે, એનું મગજ વિકસ્યું હોવાથી એ એનો ભરપૂર ઉપયોગ કરવા લાગ્યો હતો. ત્યારની માણસની બધી પ્રવૃત્તિઓ દિવસનાં અજવાળાંમાં થતી હતી. અંધારું થયા પછી એના માટે માત્ર એક જ પ્રવૃત્તિ શક્ય હતી, આકાશદર્શનની. આ વિષય એના માટે ખૂબ કુતૂહલનો હતો.

આકાશદર્શનમાં ચંદ્રની વધતી-ઘટતી કળા, એના ઊગવા–આથમવાનો ચોક્કસ રીતે બદલાતો સમય વગેરેને જાહેર અવલોકન કહેવાય. અનાયાસે થતા કે પછી જાહેર અવલોકનને શોધ ન કહેવાય, કારણકે તે બધાને દેખાય છે, સમજાય છે અને જાણીતી છે. એમાં કંઈ નવું નથી. વધારે ધીરજવાળા લોકોએ તારાઓનું નિરીક્ષણ કરીને જાણ્યું કે તારાઓ પણ આકાશમાં રોજ થોડા મોડા ઊગે છે પણ એકબીજાની સરખામણીએ પોતાનું સ્થાન જાળવી રાખે છે. શરૂઆતમાં એમણે જુદાજુદા તારાઓના સમૂહોને એમની આછી પાતળી આકૃતિ પ્રમાણે નામ આપ્યાં (જેને આજ આપણે રાશિઓ કહીએ છીએ.) દરેક પ્રાચીન

સંસ્કૃતિના લોકોએ એમની ત્યારની સમાજ-વ્યવસ્થાના આધારે એ નામ પસંદ કર્યાં હતાં. આજે જો કોઈને આ તારાવૃંદોના નામ પાડવાનું કહેવામાં આવે તો એને હરણ કે આખલાને બદલે મોટરસાઈકલ દેખાશે અને સપ્તશીના પતંગને બદલે કદાચ ટીવી કે મોબાઈલ દેખાશે.

માનવસમાજનું બધું જ્ઞાન અવલોકનથી શરૂ થાય છે અને થયું છે, પણ ત્યાં પૂરું થતું નથી. જેણે વધુ બારીકાઈથી આકાશનું અવલોકન કર્યું એને પાંચ અવકાશી પુંજોની ભ્રમણકક્ષામાં કંઈક અનિયમિતતા દેખાઈ. એમનું આકાશમાં સ્થાન નિયમિતપણે બદલાતું હતું. એમણે એમને તારાને બદલે ગ્રહ /પ્લાનેટ કહ્યા. (ગ્રીક ભાષામાં પ્લાનેટ એટલે રખડુ.) અવકાશ તેમ જ ગ્રહો વિશેની આનાથી વધુ સમજ ત્યારે કોઈને નહોતી. તારા અને ગ્રહ વચ્ચે માત્ર એટલો જ ફરક ગણાતો. આને ગ્રહોની શોધ કરી એમ કહી શકાય? જો એને શોધ ગણીએ તોય એનો યશ કોને અપાય? એ તો બધી જ સંસ્કૃતિઓએ સ્વતંત્ર રીતે ગ્રહોને ઓળખીને પોતાને મનગમતાં નામ પણ આપ્યાં હતાં. કોઈ એકને તો યશ ન જ અપાય.

૧) ગ્રહો સાચે જ શું છે એની ખબર તો ઠેઠ સોળમી સદીમાં પડી છે. સૂર્યના ગ્રહોની બાબતમાં તે નિકોલસ કોપર્નિક્સ, જોહનીસ કેપલર, ટાઈકો બ્રાહા અને ગેલેલિયો ગેલેલાઈને સંયુક્ત રીતે અપાય છે. જો કે, દરેકનું યોગદાન અલગઅલગ કારણોસર છે. એના ઊંડાણમાં ન જઈએ. આજે આપણને ખબર છે કે તારા અને ગ્રહ સાવ અલગ પદાર્થ છે. તારા સ્વયંપ્રકાશિત છે જ્યારે ગ્રહો સ્વયંપ્રકાશિત નથી. તારાઓ કરતાં ગ્રહો ઘણા નાના છે. તેઓ કોઈ એક તારાની પ્રદક્ષિણા કરતા હોય છે વગેરે. આપણને દેખાતી ગ્રહોની વિશિષ્ટ ભ્રમણકક્ષાનું સાચું કારણ પણ ખબર છે. સૂર્યમંડળના ગ્રહોનું બંધારણ, કદ, સૂર્યથી અંતર વગેરે બધી ખબર એમનું અવલોકન તેમ જ ગણિતની મદદથી શક્ય બની છે. એટલે આવી શોધનું શ્રેય ચોક્કસ વ્યક્તિને આપી શકાયું છે.

૨) ઘણી જાણીતી અને ચર્ચાયેલી લાઈટ બલ્બની શોધને તપાસીએ. કહેવાય છે કે લાઈટ શોધવા માટે થોમસ એડિસનને એક હજારથી વધારે પ્રકારના પ્રયોગ કરવા પડ્યા હતા. એના એક મિત્રે પુછ્યું પણ હતું કે આટલી બધી નિષ્ફળતાઓ છતાંય તું કેમ હજી હાર સ્વીકારતો નથી? એડિસનનો જવાબ પણ પ્રખ્યાત થયો છે. એના શબ્દો હતા, ''આ નિષ્ફળતાઓ નકામી નથી. હવે મને અને જગતને ખબર પડી છે કે આ હજાર રીતે લાઈટ બલ્બ બનાવી ન શકાય.'' અંતે તે માત્ર લાઈટ બલ્બ જ નહીં, પણ બીજી ૨૦૦૦ જેટલી નાની-મોટી શોધો કરે છે અને એના પરિણામે દુનિયા બદલાઈ ગઈ છે.

૩) આપણા શરીરની અંદર ક્યા અવયવો છે, ક્યાં છે, અન્ય પ્રાણીઓ કરતાં કેટલા જુદા છે, તે કયું કામ કરે છે, કેવી રીતે કરે છે,

વગેરે બધી બાબતે માણસ અજાણ હતો. મૃત્યુ પછી મૃતદેહને કાં તો બાળી નાખવામાં આવતો હતો કાં તો જમીનમાં દાટી દેવાતો. માનવશરીરની ચીરફાડ કરવી ધાર્મિક માન્યતાઓની વિરુદ્ધ હતું. એવું કરનારને ધર્મગુરુ દ્વારા ખૂબ આકરી સજા કરવામાં આવતી.

શરીરની અંદરના અવયવોનો અભ્યાસ કર્યા વગર ચિકિત્સા ક્ષેત્ર અધૂરું રહેતું હતું. એટલે બધાં જોખમો ખેડીને પણ અઢારમી સદીમાં ઈન્ગ્લૅન્ડના જાંબાઝ ડૉક્ટરોએ રાતનાં અંધારાંમાં કબરો ખોદીને, મડદાંઓનાં શરીર ચીરીને, માનવશરીરનો અભ્યાસ કર્યો હતો. એમના પ્રતાપે આજે શરીરના દરેક અવયવનું કાર્ય સમજાય છે, ઑપરેશન શક્ય બન્યાં છે અને પરિણામે ઘણી જિંદગીઓ બચાવી શકાઈ છે. અત્રે ખાસ ઉમેરવાનું કે ઑપરેશન માટે બીજાં કેટલાય સાધનો, યંત્રો, દવાઓ, એનેસ્થેસિયા વગેરે જોઈએ છે જેમનો ફાળો પણ એટલો જ અગત્યનો છે. એમને અવગણાય નહીં. છતાંય એની ચર્ચા કરી નથી, કારણકે આ લેખનો વિષય અલગ છે.

પાયાની શોધો તો હજારો થઈ છે અને થઈ રહી છે. પહેલાંના વખતમાં અને અત્યારની શોધોમાં એક મુખ્ય તફાવત એ છે કે ત્યારે એકલદોકલ વ્યક્તિઓએ શોધો કરી હતી. હજી પણ વ્યક્તિઓ જ કરે છે, જોકે તે બધી વ્યક્તિઓ યુનિવર્સિટી અને કૉર્પોરેશન સાથે સંકળાયેલી હોય છે. સ્વતંત્ર રીતે નવી શોધ કરવી એક વ્યક્તિ માટે ખૂબ અઘરું અને ખર્ચાળ બની ગયું છે.

અત્રે પ્રસ્તુત કરાયેલી ત્રણ શોધોમાંથી પહેલી શોધ ડિસ્કવરી હતી એના માટે માત્ર અવલોકન અને ગણિતનિંાં સમીકરણો પૂરતાં હતાં. (આમેય અવકાશી પદાર્થો પર પ્રયોગ શક્ય નથી.) એ શોધાઈ ત્યારે એનું ખાસ કંઈ મહત્ત્વ પણ નહોતું. જ્યારે બીજી શોધ ઈન્વેન્શન બને છે. એના માટે પુષ્કળ પ્રયોગો કરવામાં આવ્યા હતા. તે ખાસ હેતુસર કરવામાં આવી હતી. ત્રીજી શોધ જેના માટે એ લોકો પોતાની જાનનું જોખમ ખેડતા હતા, તેની શરૂઆત ડિસ્કવરીથી થઈ હતી પણ એના ઉપયોગને ઈન્વેંશન કહેવું પડે.

આ બધી વૈજ્ઞાનિક શોધોના દ્રષ્ટાંત આપવાનો હેતુ શોધ કોને કહેવાય, કેટલી રીતે થઈ શકે વગેરે દર્શાવવાનો છે. એનું કારણ આપણામાં ઘર કરી ગયેલી એક આદત છે. જ્યારે પણ વિકસિત દેશોમાં કોઈ નવી શોધ થાય છે, ત્યારે છાપામાં અવશ્ય વાંચવા મળે છે કે આ બધું તો પ્રાચીન ભારતમાં હતું જ. પ્રાચીન ૠષી-મુનિઓએ અધ્યાત્મ, ધ્યાન અને તપથી બધું જાણી લીધું હતું. પશ્ચિમના લોકોએ આપણા ગ્રંથોમાંથી બધું ઉપાડ્યું છે વગેરે વગેરે. આ ઠાલો પ્રચાર છે. વાસ્તવિકતા શું છે તે સમજવાની કોશિશ કરીએ.

વિજ્ઞાન એ કુદરતના નિયમ સમજવાનું શાસ્ત્ર છે. એ સ્થળ અને કાળથી પર છે. કુદરતના નિયમ માત્ર અનાયાસ અવલોકનથી નથી સમજાઈ જતા. અવલોકન એ કુદરતને સમજવાની શરૂઆત માત્ર

છે. એનો અંત નથી. કુદરતના નિયમ જાણવાની પ્રક્રિયા ઘણી લાંબી છે. એના માટે જિજ્ઞાસા (Curiosity) અવલોકન (Observation) અર્થઘટન (Interpretation) વિશ્લેષણ (Analysis) ચિંતન (Thinking), પ્રયોગ (Experimentation) અને ક્યારેક વીસ્તૃતીકરણ (Extrapolation)નો આશરો લેવો પડે છે. માત્ર અવલોકન કરવાથી કે ધ્યાન ધરવાથી બધું જ્ઞાન ખાસ કરીને કુદરતના નિયમોનું આવી જતું નથી. પ્રાર્થના, ભક્તિ, તપ વગેરેથી સમજવાનો તો કોઈ સવાલ જ નથી. કહેવાતાં દાર્શનિક સત્યો કુદરતના નિયમ સમજવા બાબતમાં ખોટાં પડ્યા હોય એવા ઘણા દાખલા મોજૂદ છે. એ વળી જુદો જ વિષય છે. વ્યક્તિગત જૂજ અપવાદ બાદ કરતાં, પ્રયોગો કરવા જેટલો વિકાસ ભારતીય કે અન્ય કોઈ પણ પ્રાચીન સંસ્કૃતિનો થયો નહોતો. એટલે ભારતના જ નહીં, અન્ય કોઈ દેશના લોકો પોતાની પ્રાચીનતાના મોટામોટા દાવાઓ કરતા હોય તો તેમને પણ આ વાત લાગુ પડે છે.

ભારતના સંદર્ભમાં કહીએ તો પ્રાચીનકાળથી મધ્યયુગ સુધી જિજ્ઞાસુઓ/વિશારદો/ચિંતકો ગણિતમાં આગળ હતા. પણ પદાર્થવિજ્ઞાન વગેરેમાં અવલોકનથી આગળ વધતા નહોતા, ચિકિત્સાશાસ્ત્ર વિકસ્યું હતું, હાથ-પગનાં હાડકાં સંધાતાં હતાં, ઉપરછલ્લી શસ્ત્રક્રિયા થતી હતી. પણ શરીરના અંદરના અવયવોની સર્જરી શક્ય નહોતી. શરીરથી કપાયેલો કોઈ ભાગ પાછો જોડી શકાય એટલી સર્જરી વિકસી નહોતી. આજે ઘણા અવયવ બદલી શકાય છે. પણ માથું છૂટું થઈ ગયું હોય એને પાછું જોડી શકાય એટલી હદે હજી પણ સર્જરી વિકસી નથી. ભવિષ્યમાં એવું શક્ય બનવાની શક્યતા પણ ના બરાબર છે, કારણકે ઑક્સિજન વગરનું લોહી ન મળતાં ૪-૫ મિનિટમાં મગજ કામ કરતું બંધ થઈ જાય.

ભૂતકાળમાં એક માળની મોટી ઈમારત બંધાતી, સુંદર કોતરકામ થતું, કળા, સાહિત્ય વગેરે ખીલ્યાં હતાં, શસ્ત્રો બનતાં હતાં પણ એક તીર સિવાય બંદૂક, તોપ જેવાં અસ્ત્રો નહોતાં બનતાં, વાહનવ્યવહારમાં પ્રાણીઓના ઉપયોગથી આગળ વધી પાયાના યંત્ર જેવી સાઈકલ બનાવવા સુધી પણ આગળ વધ્યા નહોતા. ટૂંકમાં યંત્રશાસ્ત્ર ખાસ વિકસ્યું નહોતું.

પ્રાચીનકાળ તો શું પણ મધ્યયુગ અને ઠેઠ મોગલયુગ સુધી મોટી બહુમાળી ઈમારતો બનતી નહોતી, કારણકે ત્યારે છત/ફરસબંધી/સ્લેબ (slab) બનાવવાની ટૅક્નિક શોધાઈ નહોતી. ઈમારતો બાંધવાની અલગ જાતની સિમેંટ હતી, ધાતુઓ બનાવવાની આવડતેય હતી, પણ આર.સી. (Reinforced concrete) બનાવવાની શોધ કોઈએ કરી નહોતી. એના વગર મોટી સાઈઝની સમતળ છત બની શકે નહીં, પુરાણી બધી ઈમારતોને ગુંબજ હોય છે. (મોગલકાળની) કે પછી શિખરો હોય છે. (હિંદુ અને જૈન મંદિરો). ગુંબજ કે શિખર (Self Supporting Structure) પોતાનો ભાર પોતે ઉપાડનાર બાંધકામ છે. જ્યાં છત બનાવવાની જરૂર પડી છે ત્યાં પુષ્કળ થાંભલા અને પથ્થરના બીમ લગાવવા પડ્યા છે.

(ગુજરાતની વાવ) કારણકે પથ્થરની લંબાઈની મર્યાદા હોય છે. આર. સી. ના સ્લેબ બનાવવા એ પ્રાથમિક ટૅક્નિક ગણાય જે ઠેઠ ઓગણીસમી સદીમાં પશ્ચિમમાં શોધાઈ છે. આજે વપરાતી સિમેંટ પણ એ જ અરસામાં શોધાઈ છે.

હવે વર્તમાનકાળની વધુ વિકસિત શોધોની વાત કરીએ, વિકસિત દેશોમાંથી ક્લોનિંગની સફળતાના સમાચાર આવ્યા એટલે બીજે જ દિવસે છાપામાં મોટા અક્ષરે સમાચાર છપાય કે આપણા દેશમાં તો પહેલેથી જ ક્લોનિંગની જાણકારી હતી. ૧૦૦ કૌરવો ક્લોનિંગથી જ બન્યા હતા. આવા દાવાને બાલિશતા કહેવી પડે. રાજાશાહીના જમાનામાં પૂરી દુનિયામાં બહુપત્નીત્વની પ્રથા હતી. રાજાઓને તો કેટલીય પત્નીઓ હતી. થોડા સમય પહેલાં જ છાપામાં ફોટા સાથે સમાચાર આવ્યા હતા કે આજની તારીખે આફ્રિકાના એક દેશના રાજાને ૧૦૦થી વધારે પત્નીઓ અને ૫૦૦ જેટલા બાળકો છે. હસ્તીનાપુરના રાજા ધૃતરાષ્ટ્રને પણ ઘણી પત્નીઓ હોઈ શકે છે. મહારાણી ગાંધારીના દુર્યોધન અને દુઃશાસન એમ માત્ર બે પુત્રો હોવાનું ક્યાંક વાચ્યું છે. બાકીના ૯૮ કૌરવો અન્ય રાણીઓના હોઈ શકે કે હતા. આમ તો કેટલાક લોકો મહાભારતને ઈતિહાસ નહીં, પણ માત્ર વાર્તા જ ગણે છે. આપણે એના વિવાદમાં ન જતાં એટલું જ ધ્યાન રાખવાનું જરૂરી છે કે દરેક નવી શોધને પ્રાચીનકાળની વાસ્તવિકતા ગણવાને બદલે આવી વ્યવહારું અને વધારે તર્કબદ્ધ શક્યતાઓ વિચારીએ તો સારું.

મહાભારતના યુદ્ધ પહેલાં વેદવ્યાસ સંજયને દિવ્યદૃષ્ટી આપે છે. જે લોકો શ્રાપ, વરદાન, મંત્ર-તંત્ર શક્તિ વગેરેમાં માનતા હોય એમના માટે કંઈ કહેવું નથી. જે લોકો એવો દાવો કરે છે કે દિવ્યદૃષ્ટી એટલે ત્યારે પણ TV હતું એમને પૂછવાનું કે TVની બનાવટ, એનું પ્રસારણ વગેરેમાં કેટલાં ઉપકરણ જોઈયે એનો ક્યારે પણ વિચાર કર્યો છે. TV તો હમણાં શોધાયું છે, સો વરસ પહેલાંના લોકોને TVની કલ્પના પણ નહોતી ત્યારે સંજયની દિવ્યદૃષ્ટિને કઈ આધુનિક શોધ સાથે સરખાવતા હશે ? કે પછી ત્યારના લોકોને પ્રાચીનકાળના ભારતની સિદ્ધિઓની જાણ જ નહોતી. આજે પણ આપણે TV. પર જે સમાચાર જોઈએ છીએ તે સમાચાર બનાવના સ્થળ પર ગયેલ કોઈ પત્રકાર અને કૅમેરામૅન મોકલે ત્યારે જ આપણને દેખાય છે. આપમેળે નથી આવી જતા. તો પછી એમ કેમ નથી વિચારતા કે રાજાના નોકર દર કલાકે યુદ્ધમેદાનથી પાછા આવી રાજાને ત્યાંનો આંખે દેખ્યો અહેવાલ આપતા હશે. રાજા પાસે તો જોઈએ એટલા નોકર ચાકર હોય છે. દિવ્યદૃષ્ટીની સરખામણીયે આ વધારે તાર્કિક અર્થઘટન નથી ? આવા તો ઘણા દાખલા આપી શકાય. મૂળ હેતુ દાખલા આપવાનો નહીં, પણ વાસ્તવિકતા સ્વીકારવાનો છે. વૈજ્ઞાનિક શોધખોળોની બાબતમાં આપણા દરેક દાવાને અલગથી મૂલવવો જરૂરી છે. એટલે આવા અન્ય અ-વૈજ્ઞાનિક દાવાઓની છણાવટ કરી, દરેક વહેતી મુકાતી સ્વ-મહત્તાની વાતને સાચી માનવા અને મનાવવા કરતાં વ્યવહારુ અને વધુ તાર્કિક શક્યતાઓ સ્વીકારીએ એ આપણા હિતમાં છે.

શોધોની સાથે પ્રાચીનકાળની સિદ્ધિઓ સંકળાયેલી છે એટલે આપણે ત્યારની સિદ્ધિઓને પૂરતો ન્યાય આપવો જરૂરી બને છે. ઘણાં ક્ષેત્રોની સિદ્ધિઓ આગળ વર્ણવાઈ છે. એક અગત્યનું ક્ષેત્ર બાકી રહે છે એની પણ નોંધ લઈએ. કુદરતના નિયમ ભલે અફર હોય; સમાજશાસ્ત્રના નિયમ સંપૂર્ણપણે આપણા હાથની વાત છે. સમૂહમાં શાંતિ અને સહકારથી રહેવા માટે ધાર્મિક ભાષામાં નીતિશાસ્ત્ર કે તત્ત્વજ્ઞાન કહેવાતા, શાસન વ્યવસ્થામાં કાયદા કહેવાતા અને સામાજીક ક્ષેત્રે પરંપરા કહેવાતી; સમાજશાસ્ત્રનાં નિયમ/બંધન બનાવવા અને સમજવા પ્રમાણમાં સહેલાં છે. એમને માત્ર વિચારવાથી જ બનાવી શકાય છે. સ્થળ અને કાળ પ્રમાણે તે બદલાય પણ છે. દરેક ક્ષેત્રના ઘણા લોકોએ એમાં પોતાનું યોગદાન આપ્યું છે. ભારતના સંદર્ભમાં પ્રાચીનકાળમાં આ ક્ષેત્રે ઘણું કામ થયું હતું એ નિઃશંક છે. આપણે એનો ગર્વ અવશ્ય લઈ શકીએ. જો કે આજના સમયમાં પ્રાચીનકાળની સમાજવ્યવસ્થાની ઉપયોગિતા કેટલી સુસંગત છે તે વળી જુદો જ વિષય છે.

કુદરતના નિયમો અફર છે. એને આપણે બનાવી કે મિટાવી શકતા નથી. માત્ર જાણી-સમજીને આપણી સગવડ પ્રમાણે એમનો ઉપયોગ કરી શકીયે તેમ છીએ.

- કોડાય, પાર્લા

મો. : ૯૯૬૭૩ ૩૧૪૬૦

મુલચંદ લાલજી એન્ડ કું.

MULCHAND LALJI & CO.

Importers & Wholesale Dealers in:

One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper

Admn. Office : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

Phone: (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

Email : info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

Shop & Reg. Office : 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

'આત્મઅવલોકન' એટલે શું ?

❊ ઍડ્વોકેટ અરુણા કલ્યાણજી સાવલા ❊

'આત્મઅવલોકન' એટલે પોતે જ પોતાનું ઍસેસમૅન્ટ કરવું, પોતે જ પોતાનું ઈન્સ્પેક્શન કરવું, પોતે જ પોતાના કાર્ય પર વિચારવું. આપણને કહેવામાં આવે છે કે, રાતે સૂતાં પહેલાં આપણે તે દિવસે, ક્યાંક્યાં કામો કર્યાં અને તેમાં શું શું ભૂલ કરી? ક્યાંક્યાં સારા કામો કર્યાં? ક્યાંક્યાં નબળા કાર્યો કર્યાં? કેવી રીતે અજાણતાં કોઈના દિલને દુભવ્યું કે અન્યાય કર્યો, સારું કામ કર્યું તો ખરું, પણ એમાં કઈકઈ ઊણપો રહી ગઈ?

આમ, હકીકતમાં, દરરોજ માણસે પોતાના કાર્યોનું બુકકીપિંગ કરવું જોઈએ. જો આપણે આ કરી શકીએ તો આપણે ઘણા સુધરી જઈએ અને છીએ તેના કરતાં પણ ઘણા આગળ વધી શકીએ છીએ.

હાં, જો આપણે સારું કાર્ય કર્યું હોય તો, મગજની કમાન નહીં છટકવા દેવાની, અભિમાન નહીં આવવા દેવાનું, આપણા મગજમાં રાઈ ન ભરાઈ જાય તેનું ધ્યાન રાખવાનું.

અને, મગજમાં રાઈ ન ભરાઈ જાય તેનું પણ 'આત્મઅવલોકન' કરવાનું.

આપણે ક્યાંક ભાષણ આપ્યું હોય તે, ભલે લોકોએ વખાણ્યું હોય, પણ આપણી તૈયારી પ્રમાણે, આપણા જ્ઞાન પ્રમાણે તે બરાબર હતું કે નહીં? તેમાં, ક્યાક્યા અગત્યના મુદ્દાઓ આપણાથી ભૂલાઈ ગયા, તેના વિષે પણ વિચાર કરવો જોઈએ.

આપણે ઑફિસમાં, કાંઈક Action લીધી હોય, તો તેના વાજબીપણાનો પણ આપણે વિચાર કરવો જોઈએ. આવતી કાલે શું કરવા જઈ રહ્યાં છીએ તેના વિષે પણ 'આત્મઅવલોકન' કરવું જરૂરી હોય છે.

'આત્મઅવલોકન' આપણો જ ચહેરો, આપણી સમક્ષ મૂકે છે. જેમ અરીસો જુઠ્ઠું નથી બોલતો. તે પ્રમાણે જ આપણે તેમાં કોઈને પણ જવાબ દેવાનો નથી હોતો. આપણે આપણને જ જવાબ દેવાનો હોય છે. ત્યાં આપણે આપણને છેતરવાની જરૂર નથી અને જો આપણે આપણી જાતને છેતરતા રહીશું તો આપણો કદી ઉદ્ધાર થવાનો નથી. આપણને સાચા સાબિત કરવા અહીં દલીલ નથી કરવાની. 'આત્મઅવલોકન'માં આપણે જ આપણો ન્યાય તોળવાનો હોય છે. નથી તેમાં શરમ

અનુભવવાની કે નથી નાનમ અનુભવવાની. નથી તેમાં આપણા અહંને ઘા થતો.

જો માનવી 'આત્મઅવલોકન' કરતો થાય તો તે પોતાને સુધારવાની સીડી પર છે તેમ સમજવું.

'આત્મઅવલોકન' એ પોતે જ એક મહાન ગુણ છે. અને તો બીજા સારા ગુણોને આપણામાં ઉત્પન્ન કરે છે.

'આત્મઅવલોકન' એ સાચા અને સુંદર માર્ગે જવાનું પ્રથમ સોપાન છે.

'આત્મઅવલોકન' જો કદાચ આપણાને મહાન ન બનાવે, તો પણ તે આપણાને નીચે ગબડતા તો જરૂર અટકાવે જ.

જો આપણે રેડિયો વાર્તાલાપ આપીએ તો તેને સાંભળવો જોઈએ. જેથી આપણે ક્યાં છીએ તે આપણે જાણી શકીએ.

લેખ લખીએ તો તે લેખ આપણે જ વાંચવો જોઈએ. જેથી આપણને આપણી શક્તિ વિષે ખબર પડે.

એ યાદ રાખવું જરૂરી છે કે, ગમે તેટલું સારું આપણું પરર્ફોમન્સ હોય તેમાં વધારે સારાને હંમેશાં અવકાશ હોય છે.

'આત્મઅવલોકન' એ મોટો ગુણ છે અને થોડાક જ લોકોમાં આ ગુણ જોવા મળે છે 'આત્મઅવલોકન' કરવાવાળો માનવી જલદીથી પોતાની જાતને સુધારી શકે છે.

'આત્મઅવલોકન' એ ગંગા જેવી પવિત્ર નદી છે. તેમાં ડુબકી મારવાથી પવિત્ર થઈ શકાય છે. કુંભ જેવા મેળા અને પર્યુષણ જેવા પર્વો 'આત્મઅવલોકન'ના દિવસો છે. જે લોકો દરરોજ 'આત્મઅવલોકન' ન કરી શકે, તેઓ માટે આવા ધાર્મિક અને આધ્યાત્મિક પર્વો, તક પૂરી પાડે છે.

માનવીએ 'આત્મઅવલોકન'ની ટેવ પાડવી જરૂરી છે. તેમાં પણ, અભ્યાસ અને રીહર્સલ કરવા પડે છે.

'આત્મઅવલોકન' આપણાને બતાવે છે કે, આપણે ક્યાં છીએ. (where do we stand!) આપણે આપણી શક્તિ પણ પારખવી જોઈએ અને આપણે આપણી નબળાઈઓ પણ પારખવી જોઈએ. તો જ આપણે બરાબર કામ કરી શકીએ, આપણા કાર્યને ન્યાય આપી શકીએ. આપણે એ જાણવું જરૂરી છે કે, આંગળી સૂઝીને કોઈ દિવસ થાંભલો ન થાય. આપણી શક્તિ મુજબ આપણે કાર્ય કરી શકીએ.

'આત્મઅવલોકન' આપણામાં ધીરેધીરે શક્તિ અને ગુણો વધારી શકે છે અને તે પ્રમાણે આપણે કાર્ય કરી શકીએ, વિચાર કરી શકીએ અને વાસ્તવિક નિર્ણય લઈ શકીએ.

'આત્મઅવલોકન' એ આપણી જાતે, આપણી જાતનું કરેલું દર્શન છે, Realization (રિયલાઇઝેશન) છે. અને તેમાં કોઈ ખોટા input નથી હોતા જે પરિણામ પર અસર કરે.

તેનું પરિણામ પણ સારું જ આવે છે, કારણકે, તેમાં અંદાજ વધારે હોતા નથી. Actual facts પર તે આધાર રાખે છે. તે સ્વપ્ના પર આધારિત નથી. પણ નક્કર ઘનતા પર, આપણા વિચારો અને Action આધારિત બને છે.

જે પોતાની જાતને બરાબર જાણતો નથી તે બીજાને શું જાણી શકવાનો હતો? જે પોતાને અને પોતાનાને પ્રેમ કરી શક્તો નથી, તે બીજાને કેવી રીતે પ્રેમ કરી શકે? કહેવત છે તે કે,-Chairity starts from home 'આત્મઅવલોકન' એક રીતે આપણો સલાહકાર છે, આપણો હિતેચ્છું છે અને આપણો માર્ગદર્શક છે. ગુરુ પણ છે. જે પોતે જ, પોતાનો ગુરૂ બને છે. તે હંમેશાં આગળ ચાલે છે. કારણકે, તેને બીજા પર, બીજાની સલાહ પર, માર્ગદર્શન પર, આધાર રાખવો પડતો નથી. તે - Selfdependant છે. અને એ ક્યારે બને કે જો આપણે- 'આત્મ-અવલોકન' કરતા રહીએ તો...

વરલી, મુંબઈ

મો.: ૯૯૬૭૫૯૧૩૧૪

કલાકાર કલાકારનું ગૌરવ જાળવે છે

હિન્દી ફિલ્મોના સંગીત નિર્દેશકોમાં નૌશાદનું નામ જાણીતું છે. દુલારી, દિદાર, આન, બૈજુ બાવરા, અનમોલ ઘડી, રતન, ઉડનખટોલા, શબાબ, અમર વગેરે ફિલ્મોમાં તેમણે સંગીત આપ્યું હતું. સામાન્યતઃ પુરુષ ગાયકોમાં મુખ્ય મહંમદ રફી હોય. રફીનું સૌથી સારું ટયૂનિંગ નૌશાદ સાથે હતું. નૌશાદ ઊંચા દરજ્જાના સંગીત નિર્દેશક હોવા છતાં કદી એમણે મહંમદ રફી પર વર્ચસ્ જમાવવાની કોશિશ કરી નહોતી. તેઓ રફીનો આદર કરતા.

રેડિયોના વિવિધ ભારતી કેન્દ્ર પર રોજ સવારે ૯.૩૦ વાગ્યે 'આજ કે ફનકાર' કાર્યક્રમ પ્રસારિત થાય છે. (આજકાલ જૂજ લોકો રેડિયો સાંભળે છે.) એકવાર મહંમદ રફીની પુણ્યતિથિ પર નૌશાદઅલીનું અગાઉથી રેકોર્ડ થયેલું વક્તવ્ય રજૂ થયું હતું. તેમના શબ્દો-

ગુંજતે હૈં તેરે નગ્મોં સે અમીરોં કે મહલ
ઝોંપડોં મેં ભી ગરીબોં કે તેરી આવાઝ હૈ
અપની મૌસિકી પર સબકો ફખ્ર હોતા હૈ
મગર મેરે સાથી, આજ મૌસિકી કો
તુઝ પર નાઝ હૈ...

વાહ, કેટલી નમ્રતા નૌશાદજીમાં! કહે છે, પોતાના સંગીત પર બધા ગર્વ કરે છે પણ મારા દોસ્ત, આજે સંગીત પોતે તારા પર ગર્વ કરે છે. એટલે કે સંગીત પોતે તારા કંઠથી રળિયાત છે.

શાંતિલાલ ગઢિયા

ફો. ૦૨૬૫ – ૨૭૫૦૨૭૫

''દીકરી''

કસ્તૂર જે. કારાણી

આજે એકાદ-બે સંતાન હોવાથી લોહીના સંબંધથી વંચિત રહેવું પડે છે. માની કુખે દીકરીનો જન્મ ન થતાં રાખડી વિના સૂની કલાઈ દર્દનો અહેસાસ ભાઈને થતાં બેનની મહત્તા તેમ જ બેનને ભાઈની મહત્તા સમજાય છે. ''આંસુ છુપાવ્યા વગર રડી શકાય એ ખભો એટલે ભાઈ'', ''સંકોચ રાખ્યા વગર મદદ માગી શકાય એ ખૂણો એટલે બેન''. રક્ષાબંધન, કસલી વગાડવી, છેડાછેડી બાંધવી, ચીર જુવાર, નામકરણ વિધિ, ફટાણાં આ શુભ પ્રસંગ દીકરીની હાજરીથી ઘર કિલ્લોલ કરતું લાગે. પિતા પુત્રી પર મૌન પણે અવિરત પ્રેમ વરસાવે છે. જ્યારે મા-દીકરી સુખ-દુઃખની વાતો કરી પોતાનું દુઃખ હળવું કરે છે. કવિ દાદની નદી પરની રચાનાને દીકરી સાથે સરખાવી શકાય. ઊતરતી, પડતી, ઊછળતી, આખડતી જરાય ન ડરતી, હરતી, ફરતી હિલકારા કરતી, ડગલાં ભરતી, હિરણ હલકારી, રૂપાળી, નખરાળી દીકરી.

દીકરીને શાળાએ ભણવા મૂકી ત્યારે અર્ધકન્યા વિદાય હતી પિતા-પુત્રીને વિખૂટાં પડવાનો આરંભ હતો. માનો આંગળી ઝીલ્યા વિના એકલાએકલાએ એકડો ઘૂંટ્યો શાળાના નવા પરિવાર વચ્ચે તારી જાતને ગોઠવતાં પડતાં રમતાં તારી આંખ ભીની થઈ હશે. ત્યાં ન હતા પપ્પા કે ન હતી મમ્મી. દીકરી તું મોટી થતાં આ ક્રમનું પુનરાવર્તન થયું. વડલાનો શીતળ છાંયો છોડી સાસરિયાંની શાળામાં જિંદગીનું ગણિત, જિંદગીનું વિજ્ઞાન અને જિંદગીની ભાષા શીખતાં તારી આંખ ભીની થઈ હશે. ત્યાં ન હતા પપ્પા કે ન હતી મમ્મી.

દીકરીનાં લગ્ન ઘરઆંગણે લેવાતા ત્યારે મહિનાઓ લગી રાતદિવસ તૈયારી ચાલતી. માતાજી તેડાવવા માંડવા, સમુરતા જેવા શુભ પ્રસંગો સગાં વહાલાં આડોશી પાડોશીના સધિયારાથી પરી પૂર્ણ થતાં અને ઉત્સવને મહાઉત્સવમાં પરિવર્તિત કરી શકતા. હવે લગ્ન ઉકેલ્યાં, મહેમાનો વિખરાયા, ઘડીક નિરાંત અનુભવતાં અચાનક દીકરી યાદ આવતાં એનો વિરહ સહવાતો નથી. જયંત પાઠકની રચનાની રજૂઆત ''દીકરીનાં લગ્ન પછી ઘરમા...''

''આખરે ઉજાગરાનો અંત આવ્યો લગ્ન ઊકેલી ગયાં,
મા હવે ઘરની ચીજવસ્તુ ગણે છે,
સંભાળી સંભાળી મેળવે છે,
સંભાળી સંભાળી ગોઠવે છે.
થાળી-વાટકા–ગ્લાસ-ડીશ બધું બરાબર છે.
ક્યાંય કશુંય ખોવાયું નથી. કશું ગયું નથી.
પણ અચાનક કંઈ યાદ આવતા,
એ ઓરડાની વચ્ચે ઊભી રહે છે.

આંખોમાંથી ટપકું ટપકું થાય છે, ખારો ખારો પ્રશ્ન મારી દીકરી ક્યાં ? આ બધાંની વચ્ચે મારદ્ર દીકરી ક્યાં ...?

ભૂખ

☼ રાજેશ સાવલા ☼

☆ મનુષ્ય સજીવ છે. તેથી ઊર્જા મેળવવા એને ભોજન કરવું પડે છે. મનુષ્ય જ્યારથી જન્મે છે ત્યારથી એને ભૂખ લાગે છે માતાના ગર્ભમાં એ ગર્ભનાળથી ભૂખને સંતોષે છે. ગર્ભમાંથી બહાર આવતા એટલે કે પૃથ્વી પર જન્મ લેતાં એ ભૂખ સંતોષવા માતાના દૂધનો આહાર કરે છે અને પછી મોટો થતા બાહ્ય પદાર્થોથી ભૂખ સંતોષ છે. આ થઈ પેટની ભૂખ.

☆ યૌવનમાં આવતાં એને શરીરની ભૂખ લાગે છે. વિજાતીય વ્યક્તિ તરફ આકર્ષણ થાય છે. શરીરની ભૂખ લગ્ન કરીને એ સંતોષે છે.

☆ પેટની ભૂખ એટલે કે આહાર અને શરીરની ભૂખ એટલે કે મૈથુન. આ બન્નો સાહજિક ભૂખ છે, જે લગભગ દરેકને લાગે છે અને બધા સજીવો એને સંતોષવા પોતાનાથી બનતો પ્રયત્ન કરે છે.

☆ પણ એ સિવાયની ભૂખ સંતોષવા મનુષ્ય બહુ જૂજ પ્રત્યત્ન કરે છે. કઈ છે આ ભૂખ.

☆ સાહિત્યની ભૂખ, સદ્‌વાચનની ભૂખ

☆ સત્સંગની ભૂખ, અધ્યાત્મની ભૂખ

☆ સદ્‌વાચન અને સત્સંગની ભૂખનો જરૂરી ભૂખમાં સમાવેશ નથી થતો. આ બન્ને ભૂખ મરજિયાત છે. ફરજિયાત નથી.

☆ મનુષ્યએ સંસ્કારી બનવા ઉપરની બન્ને ભૂખને પ્રથમ તો ઉઘાડવા માટે પ્રયત્ન કરવો જોઈએ. માનસિક પરિશ્રમ કરવો જોઈએ. જો આ બન્ને ભૂખ ઊઘડી જાય તો પ્રથમ બે ભૂખ નગણ્ય બની જશે.

☆ ઉત્તમ સાહિત્યની જગતમાં ખોટ નથી. સાહિત્ય એ મનની ભૂખ છે. એ સંસ્કાર માટે ભૂખ છે. આહાર અને મૈથુનની ભૂખ સંતોષવા મનુષ્ય સદ્‌વાચન અનો સત્સંગની ભૂખને તિલાંજલિ આપે છે, જે અયોગ્ય છે.

☆ મનની શક્તિનો વિકાસ કરવા, પોતાના મનુષ્યજન્મને સાર્થક કરવા, પોતાને આધ્યાત્મિક શક્તિમાં ઉચ્ચ શિખરે લઈ જવા સદ્‌વાચન અને સત્સંગની ભૂખ ઊઘડવી જોઈએ અને ભૂખ લાગ્યા પછી એને સંતાષવા પૂરતો પ્રયત્ન કરવો જોઈએ.

મો. ૯૭૬૯૦ ૦૮૮૧૯

ભોજનની થાળીમાં સોય અને પાણી ભરેલો વાડકો

નીલ વીરેન્દ્ર ગાલા

અન્ન એ જીવમાત્રનું જીવન છે. સંસારના તમામ ધર્મોએ અન્નને દેવતા કહ્યાં છે. ઈશ્વરને અન્ન તેમ જ તેમાંથી બનતી વાનગીઓનું અર્ઘ્ય ધરવામાં આવે છે. અન્ન પવિત્ર અને જીવનદાયી છે. એનો ઉપયોગ ચીવટ તેમ જ જતનપૂર્વક કરવો જોઈએ. અન્નના મૂલ્યને અહીં આપણે ઉદાહરણથી જોઈએ.

કવિ વલ્લૂર, તામિલના મહાન કવિ હતા. તેમણે લખેલા 'કુરલ' નામના ગ્રંથે તેમને સાહિત્યજગતમાં મહાન કવિ તરીકે જાણીતા કર્યા છે. કવિશ્રી સ્વભાવે વિનમ્ર, સરળ, સાલસ, મૃદુભાષી તેમ જ તીક્ષ્ણ બુદ્ધિના હતા. તેમનું જીવન સાદું અને સાત્ત્વિક હતું.

કવિનાં લગ્ન,વાસુકી નામની એક સુંદર અને ગુણસંપન્ન કન્યા સાથે થયાં હતાં. તે પતિવ્રતા નારી પતિસેવાને ઈશ્વરસેવા માનતી હતી.

લગ્નના પ્રથમ દિવસે કવિરાજે પત્ની વાસુકીને પોતાના ભોજનની થાળીમાં નિત્ય એક સોય અને પાણીથી ભરેલો વાડકો મૂકવા સૂચવ્યું હતું.

વાસુકી પતિના ભોજનની થાળીમાં, રોજ એક સોય તથા પાણીથી ભરેલો વાડકો મૂકતી રહી. આ નિત્યક્રમ વરસો સુધી ચાલતો રહ્યો.

વખત જતાં વાસુકીદેવી એક અસાધ્ય રોગમાં પટકાયાં. તેમની બચવાની કોઈ આશા ન જણાતાં, કવિરાજે તેમની પત્નીને તેમની અંતિમ ઈચ્છા જણાવવા કહ્યું. એ સાંભળીને, વાસુકીદેવીએ પતિને પૂછ્યું, આપે મને લગ્નના દિવસે આપના ભોજનની થાળીમાં સોય અને પાણીથી ભરેલો વાડકો મૂકવાનું કહ્યું હતું. અને મેં વરસો સુધી આપની આજ્ઞાનું મૌનપણે પાલન કર્યું છે. હવે આપ મને એની પાછળનું રહસ્ય જણાવશો ?

કવિરાજે જવાબમાં કહ્યું કે, 'પ્રિયે, મેં મારી થાળીમાં સોય અને પાણીથી ભરેલો વાડકો, મૂકવાનું એટલા માટે કહ્યું હતું કે, 'ભોજન પીરસતી વખતે જો અનાજના દાણા જમીન પર પડી જાય તો હું એને સોયથી ઉપાડી, એને પાણીથી ધોઈને ફરીથી ખાઈ શકું.'

કવિરાજની પત્ની વાસુકી દેવીએ, અનાજનો એક દાણો તેમ જ તેના મૂલ્ય વિષેની તેમના અંતરની ઊંડી ભાવના જોઈ, પ્રસન્નતા અનુભવી અને શાંતિપૂર્વક પ્રાણત્યાગ કર્યો.

- બોરીવલી (વે)

મો. : ૯૯૮૭૩ ૩૦૦૪૪

આન પાન પીપળ પાન

વિસનજી જાદવજી ધરોડ 'અબૂધ'

મહાન અંગ્રેજી નાટ્યલેખક શેક્સપિયરના મુખમાંથી શબ્દો સરી પડ્યાં, ''What is there in a name''? હવે એ તો સંશોધનનો વિષય છે કે શેક્સપિયરે આ શબ્દો મજાકમાં કહ્યા, કટાક્ષમાં કહ્યા કે સિરિયસલી કહ્યા? ભારતમાં ખાસ કરીને હિન્દી બોલનારાઓને આ વાક્ય બહુ ગમી ગયું. આપણે ઘણાને બોલતા સાંભળ્યા છે....

नाम में क्या रखा है?

આ સવાલ જો કોઈ દાર્શનિકને પુછ્યો હોત તો જવાબ મળત, ''નામ તેનો નાશ છે'', મતલબ કે ચાહે જડ હોય કે ચેતન વસ્તુ; જો એને નામ અપાયું તો સમજી લો કે એનો નાશ નક્કી છે, એટલે કે નામમાં નશ્વરતા રહેલી છે.

જૈન ધર્મમાં પણ ''ઉપન્નેઈ વા, વિગમેઈ વા, ધુવેઈ વા'' શાયદ કંઈક આવાજ અર્થમાં કહેવાયું છે, પણ મૂળ પ્રશ્ન એ છે કે - નામમાં શું છે? પાંજી કચ્છી મેં પણ પાં બોલુતાં- ''નાં (નાલે) મેં કુરો બચ્યો આય'' અથવા ''નાં (નાલે) મેં કુરો ડટ્યો આય?'' નામમાં તો ચાંદીની ઘૂઘરીઓનો મીઠો રણકાર છે. નહીં સમજ્યા - જ્યારે તમારા કાને શબ્દો પડે પદ્મની, રાગિણી, કામિની, ઉર્વશી, ત્યારે જાણે ઘંટડી વાગતી હોય તેવો અનુભવ થાય કે નહીં ?

અને સિક્કાની બીજી બાજુ પણ છે. જ્યારે તમે કોઈ નામ સાંભળો - જેમ કે કચરો, ઉકેડો, ગાભો, રાવણ, કંસ, ગોડસે, ત્યારે જાણે કાનમાં ખીલા ભોંકાતા હોય એવું ફિલ થાય છે. રાખ્યા છે કોઈએ પોતાના છોકરાના આ નામ?

પણ જેમ કોઈ પ્રેમી પોતાની પ્રેમિકાને કહે, ''તારામાં શું છે એ તો મને ખબર નથી, પણ કંઈક તો છે.'' બસ નામનું પણ એવું જ છે. નામમાં શું છે એ તો ખબર નથી, પણ કંઈક તો છે.

પૂછો પ્રેમજીભાઈને નામમાં શું છે ? તો એ કહેશે, ''પ્રેમ'' છે. લવજીભાઈને પૂછો તો એ કહેશે, ''લવ'' છે અને ધનજીભાઈને પૂછશો કે નામમાં શું છે? તો જવાબ મળશે ધન છે ધન.

બાકી તો શેક્સપિયરે આ પ્રશ્ન એમની પોતાની જ રાશિ - નામ ધરાવતા આપણા પ્રાચીન કવિ શામળ ભટ્ટને જો પૂછ્યો હોત તો તેમને શુદ્ધ અને સાત્ત્વિક જવાબ - કાવ્યરૂપે જરૂર મળી જાત. ચાલો માણીએ કવિ શામળદાસને : -

દીઠો અમર મરંત, નાના કંઈ દીઠા ઘરડા,
નાગો પહેરે વસ્ત્ર, વાઘસિંહને કૂતરા કરડયાં !

વહાલો રાખે વેર, ઝેર જેવા તે મીઠા,
જોગી કરે વેપાર, ભોગી ભીખતો દીઠાં!

દયાચંદમાં દયા નહિં. ખુશાલ રોતો ફરે,
શામળ કહે નામ પનોતિયો, કંઈ લાખ કુંવારા મરે!

હાથી નામ કહેવાય, બીએ ઉંદરના સાદે,
કપૂર કાળો હોય, શામળો સુંદર વાનો!

રૂપો હોય કુરૂપ, ભૂષણમાં દૂષણ ઝાઝાં,
કૃપાળ રાખે કૂડ-કપટ, ભુપત વગાડે વાજા!

આ ચા ઈચ્છા આગળ કરે, કલંક નિર્મળા શીર ચડે,
ફોગટ ફરે કંઈ જોઈતો, શામળ નામને શું રડે?

ભાવાર્થ : અમરચંદ નામ હોય તેનું મૃત્યુ થાય છે. નાનાલાલ ઘરડા થાય છે. નામ નાનજીભાઈ (નાના હતા ત્યારે બધા નાગો કહી બોલાવે) પણ એ તો વસ્ત્ર પહેરે છે. નામ વાઘસિંહ, પણ તોને કૂતરાં કરડે. નામ વહાલો (વાલાભાઈ) પણ વેર રાખે. મીઠાભાઈ (મીઠાલાલ અથવા મીઠુબાપા) ઝેર જેવા કડવા છે તો જોગીભાઈ પણ કરે છે વેપાર. ભોગીલાલ (ભોગીભાઈ) ભીખ માંગતા ફરે છે. દયાચંદમાં દયાનો છાંટોય ન હોય અને ખુશાલ (ખુશહાલ) રોતો ફરે. પનોતિયો એટલે ''પનોતો પુત્ર'', પણ એવા તો બિચારા કેટલાય કુંવારા મરે. હાથીભાઈ ઉંદરથી બીએ. કપૂરચંદ ભાઈ કાળા છે અને નામ છે શામળો, પણ સુંદર એવા કે પનઘટ નજીક પનિહારીઓ એને જોઈ લે તો એવી ભાન ભૂલે કે ગાગરને બદલે પોતાના બાળકના ગળે રસ્સો બાંધી કૂવામાં ઉતારી દે. રૂપો (રૂપાભાઈ) કુરૂપ હોય અને ભૂષણમાં તો દૂષણ (અપલખણ) ઝાઝાં. નામ છે કૃપાળ (કૃપાશંકર), પણ કરે કૂડ-કપટ અને ભુપત એટલે રાજા - જેના ઘરે વાજાં-ભેરીઓ વાગે, પણ અહીં તો ભૂપતભાઈ બીજાના ઘરે લગનમાં વાજાં વગાડતા જોવા મળે.

એલચી દાણો: ૧૮ વર્ષે યુવક કે યુવતીને મળતા મતાધિકાર સાથે એક અધિકાર એ પણ મળવો જોઈએ કે પોતાનું નામ પસંદ ન હોય એ સરળતાથી નામ બદલી શકે અને પોતાનું મનપસંદ નામ રાખી શકે.

બાકી તો જેવી ફોઈની મરજી!

- પત્રી

મો.: ૯૩૨૦૮ ૪૮૮૪૫

પપ્પા

કાંતિલાલ રતનશી ગંગર

બહુ જલદી સમજાતા નથી એટલે એમને સમજવામાં બહુ ઉતાવળ કરવી નહીં પપ્પા બનવું એ 'મા' બનવા જેટલું જ મુશ્કેલ કામ છે 'મા'નું બહાર નીકળેલું પેટ આખી દુનિયા જોઈ શકે છે, પિતા બનતા પુરુષનું પેટ બહાર દેખાતું નથી; ફરક આટલો જ છે; બાકી બાળકના જન્મ સમયે એની હથેળીઓની ધ્રુજારી પણ અનુભવી શકાતી હોય છે.

'હું નહીં હોઉં ત્યારે મારી કિંમત સમજાશે' પપ્પા આવું કહે, ત્યારે બિલકુલ સાચું કહેતા હોય છે. શેવિંગ કર્યા પછી હેન્ડસમ લાગતો આ માણસ રાત્રે ઘરે થાક લઈને લોથપોથ પાછો ફરે, છતાં આઈસક્રીમ ખાવા બહાર લઈ જવાની 'ના' નથી પાડતો.

પપ્પાનાં ચશ્માં આપણા કરતાં વધારે અનુભવી હોય છે એને ખાડા-ખાબોચિયાં વધારે જલદી દેખાઈ જતાં હોય છે એ શબ્દોથી વ્યક્ત નથી થતા, એમની તકલીફો વિશે ખૂલીને કહેતા નથી, આપણી જેમ એ ક્યારે, રડતા નથી. 'પાણી આપ....?' 'પેપર ક્યાં છે!' 'મારો રૂમાલ નથી મળતો' આવી બૂમાબૂમ કરતા આ માણસનો અવાજ એ ધુમાડો થઈ જાય છેક... પછી આપણા સુધી પહોંચે છે.

ઘરમાં કશું પણ કરાવવા પહેલાં એની 'અપ્રુવલ' લેવી પડે છે; કારણકે પૈસા એના ગજવામાંથી આવે છે. એની 'ના' એટલે પથ્થરની લકીર એવું હકીકતે હોતું નથી, કારણકે, દલીલોથી કન્વીન્સ ન થતો આ માણસ આંસુ અને ચઢેલું મોઢું જોઈને પીગળી જતો હોય છે.

ઘરમાં પાંચ લાડુ હોય અને ખાનારા છ હોય તો... મને નથી ભાવતો એમ કહીને લાડુ જતો કરનાર 'મા' જ હોય. આવું કહીને આપણે 'મા'ના ગુણગાન વારંવાર ગાઈ લઈએ છીએ, પણ એ પાંચ લાડુની વ્યવસ્થા કરી આપનાર એને બહુ જ સગવડતાથી ભૂલી જઈએ છીએ, એની સાથે આજીવન 'ઈગો'નો સંબંધ રહે છે.

એને ખોટો પાડવાની આપણને મઝા આવે છે અને આપણે સાચા પડીએ એ માટે આખી જિંદગી ઘસી નાંખે છે. 'તમે ખોટા છો'... આવું કહેતી વખતે આપણા ચહેરા પર એને

હરાવ્યાનો આનંદ હોય છે, ત્યારે આપણે સાચા પડ્યા એ વાતે.... એની છાતી ફૂલી જતી હોય છે ગુસ્સે થતો, અકળાતો અને નાની નાની દરેક વાતમાં 'ના' પાડી દેતો 'હું' કહું એ જ સાચું એવું માનતો આ માણસ તમને જુવાન કરતાંકરતાં ખુદ ઘરડો થઈ જાય છે, અને એ વાત તમારા સુધી ન પહોંચે એટલે.... વાળને 'ડાય' કરાવી લે છે.

ચશ્માં પહેરતો આ માણસ બહારગામ હોય ત્યારે... 'હાશ'... આજે 'જલસા'....! આવું કહીને પોરસાતા આપણે એ કાયમ માટે જતો રહે ત્યારે ખૂલીને રડી પણ નથી શકતા.

વરસમાં એક વખત 'ફાધર્સ-ડે'ની ઉજવણીમાં માનતા હો... કે... ના... માનતા હો... પણ તમારા પપ્પાનો હાથ તમારા હાથમાં લઈને એમને કહેજો.... 'Thank u man' કારણકે પિતા જ એક એવો પુરુષ છે... જે... બોલી શકતો નથી અનો કયારેય બોલવાનો નથી અને વિશેષમાં એટલું જ કહેજો... I need you papa, as alway's!

તમારી આટલી વાત એની છાતીમાં પહેલાં જેવી તાકાત ભરી દેશે. નહીં તો ફ્રેમ થઈ ગયા પછી પપ્પા આળસુ થઈ જતા હોય છે. તસવીરમાંથી હાથ બહાર કાઢી માથે મૂકવા જેટલી તસદી પણ એ લઈ શકતા નથી.

પિતા હોય ત્યારે વર્તાતા નથી, પણ ન હોય ત્યારે છાતીમાં કાચ-પેપર ઘસાયા કરે અને ચીસ પણ ન પાડી શકાય... આવી પરિસ્થિતિમાં મુકાવાનું આવે એ પહેલાં જ પિતાને કહી દો.... Love u Papa.

- પુના (સમાઘોઘા)
મો. : ૯૩૨૫૭ ૨૫૭૭૫

મારા સાહસ મારી ઈજ્જત મારું સમ્માન છે પિતા,
મારી તાકાત મારી પુંજી મારી ઓળખાણ છે પિતા...

ઘરની એક-એક દિવાળીમાં શામિલ એમનો ખૂન પસીનો,
આખા ઘરની રોનક એમનાથી આખર ઘરની શાન છે પિતા...

મારી ઈજ્જત, મારી શોહરત, મારો રૂતબો મારા માટે માં છે પિતા,
મને હિમ્મત આપવા વાળા મારા અભિમાન છે પિતા...

મારા ઘર મારા માટે સૌથી બળવાન છે પિતા,
આખા ઘરના હૃદયની ધડકન, આખા ઘરની જાન છે પિતા...

શાયદ ભગવાન એ આપ્યું છે ફળ સારા કર્મોનું,
એમની રહેમત એમની નિયામત, એના વરદાન છે પિતા....

પપ્પા એટલે
બાળપણમાં સાઈકલમાં
બેસાડી ગામમાં ફેરવે
અને આપણા ચહેરાની
ખુશી જોઈ ખુશ
થાય એ પાત્ર.

✤ ✤ ✤

પિતા
લીમડાના પાંદડા
જેવા હોય છે,
ભલે ને તે કડવા હોય
પણ છાંયો હંમેશા
ઠંડો જ આપે છે.

મને વારંવાર માથાનો દુખાવો (માઈગ્રેન) થાય છે

ભાગ - ૬, સારવાર - ૨

ડૉ. મણિલાલ ગડા - ડૉ. દીપ્તિ શાહ (ગડા)

આગળના લેખોમાં આપણે જાણ્યું કે વારંવાર માઈગ્રેન / માથાના દુખાવા / લાંબા ગાળાના માથાના દુખાવાના કિસ્સાઓમાં યોગ્ય નિદાન ખૂબ જ અગત્યનું છે, જેથી યોગ્ય સારવાર થઈ શકે. નિદાન પ્રમાણે સારવારમાં અલગઅલગ પ્રકારની દવાઓ અપાય છે.

મનની વૈજ્ઞાનિક તપાસ (MSE-Mental Status Examination) તથા માથાના દુખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની વ્યવસ્થિત નોંધ (Scientific Headache Diary) પરથી વારંવાર થતા માથાના દુખાવામાં **૧) મનનાં આંતરિક પરિબળો તથા ૨) બાહ્ય પરિબળો** શું અને કેટલો ભાગ ભજવે છે એ જાણી તથા સમજી શકાય છે. દરદી તથા પરિવારજનોને પણ સમજણ મળે છે. આ માહિતી કાઉન્સેલિંગમાં ખૂબ જ મદદરૂપ થાય છે.

ગયા લેખ ભાગ - ૫માં આપણે દવાઓની સારવાર વિષે વૈજ્ઞાનિક માહિતી મેળવી. સ્નાયુઓના સંકોચાવાથી થતા માથાના દુખાવામાં તથા માઈગ્રેનના દુખાવા માટે અલગ અલગ પ્રકારની દવાઓ વપરાય છે. એટલે યોગ્ય નિદાન અત્યંત અગત્યનું છે.

આ લેખમાં આપણે જાણીએ કે માનસિક સ્ટ્રેસથી માથાના દુખાવા પર થતી અસર કેવી રીતે નાબૂદ કરી શકાય.

માનસિક સ્ટ્રેસ અને શારીરિક દુખાવો:

શારીરિક દુખાવો જે ચાર મહિના કે તેથી વધારે સમયથી હોય છે તેવા કિસ્સાઓમાં રિસર્ચ દ્વારા સાબિત થયેલ છે. કે **માનસિક સ્ટ્રેસનો હિસ્સો ૮૦% જેટલો હોય છે.** શારીરિક દુખાવો અવ્યયમાં શારીરિક કારણોએ શરૂ થાય છે, પરંતુ માનસિક સ્ટ્રેસના કારણે દુખાવો લાંબા સમય સુધી રહે છે. આવા કિસ્સાઓમાં શારીરિક સારવાર (દર્દનાશક દવાઓ) સાથે માનસિક સ્ટ્રેસને કાબૂમાં લાવવાની સારવાર કરવામાં આવે તો શારીરિક દુખાવામાં જલદી અને સંપૂર્ણ રાહત મળે છે.

આપણે સૌ જાણીએ છીએ કે માનસિક સ્ટ્રેસને લીધે શરીરમાં કેમિકલ ઉત્પન્ન થાય છે. જેની અસર બ્રેઈનમાં દુખાવાનાં કેન્દ્રો (Pain perception Centres) પર થાય છે માનસિક સ્ટ્રેસ વધતાં આ કેમિકલ્સનું પ્રમાણ વધે છે જેની નકારાત્મક અસર બ્રેઈનમાં આવેલ દુખવાનાં કેન્દ્રો પર થાય છે આથી દુખાવાનું પ્રમાણ વધી જાય છે. માનસિક સ્ટ્રેસ ઓછો કરવાની સારવારથી આ કેમિકલ્સ ઓછા થાય છે અને શારીરિક દુખાવામાં રાહત મળે છે.

માથાના દુખાવા માટે અપાતી સ્પેસિફિક દવાઓ (pain killers) સાથે **માનસિક સ્ટ્રેસ દૂર કરવા માટેની સારવાર** સાથે શરૂ કરવી હિતાવહ છે જેમાં ૧) દવાઓ ૨) માનસિક શિથિલતા તથા ૩) કાઉન્સેલિંગ મુખ્ય છે.

૧) દવાઓ:

માનસિક સ્ટ્રેસને લીધે બ્રેઈનમાં આવેલા મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ તથા અન્ય અવયવો) રાસાયણિક ન્યુરોટ્રાન્સમીટર્સ) વધઘટ થાય છે. આની અસર સ્નાયુઓ પર થતાં અ) માથાનો દુખાવો શરૂ થાય છે અને/અથવા બ) માથાનો દુખાવો વધે છે.

એન્ટિ એંકઝાઈટી દવાઓ દ્વારા આ નકારાત્મક રાસાયણિક ફેરફારો નૉર્મલ થાય છે, જેથી દરદીને માથાના દુખાવામાં નોંધપાત્ર રાહત મળે છે. માનસિક સ્ટ્રેસનો સામનો કરવાની ઊર્જા વધે છે. આત્મવિશ્વાસ વધે છે. માનસિક ઈમ્યુનિટી વધે છે.

૨) માનસિક શિથિલતા (Mental Relaxation)

માનસિક શિથિલતા મેળવવા સક્રિય પ્રયાસ કરવો જોઈએ. દરરોજ નિયમિત એની પ્રૅક્ટિસ કરવી જરૂરી છે. દિવસના રોજિંદા કાર્યમાં માનસિક શિથલતા માટે **ચોક્કસ સમય ફાળવવો જરૂરી છે.**

સંશોધન દ્વારા પુરવાર થયું છે કે યોગ્ય માનસિક શિથિલતાથી મગજના જ્ઞાનતંતુઓમાં હકારાત્મક રાસાયણિક ફેરફારો થાય છે. માનસિક સ્ટ્રેસની શરીર પર અસર નહીંવત્ થાય છે તથા માથાના દુખાવામાં નોંધપાત્ર રાહત મળે છે.

યોગ, વિપાશ્યના, મેડિટેશન, ધ્યાન, પ્રાણાયમ વગેરે માનસિક શિથિલતા મેળવવાની અલગઅલગ પદ્ધતિઓ છે આમાંની કોઈપણ એક અથવા વધારે પદ્ધતિઓ નિયમિત રીતે, દરરોજ એકચિત્તે ધ્યાનથી થવી જોઈએ.

૩) કાઉન્સેલિંગ - મનોવિશ્લેષણ (Counselling)

દરદીનાં વ્યક્તિત્વ, વલણ, લાગણીશીલતા, સંવેદનશીલતા, અપેક્ષાઓ વગેરે વ્યક્તિત્વનાં પાસાં પર ધ્યાન કેન્દ્રિત કરી સમભાવપૂર્વક (Empathetically) વર્તમાન સમયની સમસ્યાઓ પર નિખાલસપણે દરદી સાથે ચર્ચા કરવામાં આવે છે.

૧) કાઉન્સેલિંગની અલગઅલગ પદ્ધતિઓ છે જેવી કે કોગનિટિવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy - CBT)

૨) ઈન્ટરપર્સનલ થેરાપી (Interpersonal Therapy)

૩) એસરટિવ થેરાપી (Assertive Therapy).

દરદીની જરૂરિયાત પ્રમાણે એક અથવા વધારે પ્રકારની પદ્ધતિનો ઉપયોગ કરાય છે. માથાના દુખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની નોંધ પરની માહિતી કાઉન્સેલિંગ માટે અત્યંત ઉપયોગી નીવડે છે. દરદી જાતે નિર્ણય કરે છે. મનોચિકિત્સક નિર્ણય લેવામાં મદદ કરે છે. મનોચિકિત્સક દરદી માટે નિર્ણય કરતા નથી દરદી નિર્ણયનો અમલ કરે છે. મનથી યોગ્ય બાંધછોડ કરે છે. જેથી સમસ્યાઓનું યોગ્ય નિરાકરણ થાય છે. હકારાત્મક પ્રતિભાવ તથા સકારાત્મક પ્રતિક્રિયાથી માનસિક શાંતિ મળે છે. સ્ટ્રેસ નાબૂદ થાય છે તથા દુખાવા પર કાબૂ મેળવાય છે.

સારાંશ:

૧) માઈગ્રેન તથા લાંબા ગાળાના વારંવાર થતા માથાના દુખાવામાં માનસિક સ્ટ્રેસ મહત્ત્વનો ભાગ ભજવે છે.

૨) યોગ્ય નિદાન માટે મનની વૈજ્ઞાનિક તપાસ તથા માથાના દુખાવાની વૈજ્ઞાનિક પદ્ધતિની નોંધ મહત્વની છે.

૩) દર્દનાશક દવાઓની સારવાર તાત્કાલિક રાહત આપેછે.

૪) લાંબા ગાળાની રાહત માટે માનસિક સ્ટ્રેસ ઓછો કરવાની સારવાર કરવી જરૂરી છે.

૫) ઉપરોક્ત સારવારનાં અપેક્ષિત પરિણામો મળે છે.

સંપૂર્ણ.....

સ્વાદ છોડો તો શરીરને ફાયદો,
વિવાદ છોડો તો સંબંધો ને ફાયદો,
ચિંતા છોડો તો જીવ ને ફાયદો.

ઊર્મિલહર

સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

ગે મૉણોં પાં ''લજ'' જા અરથ ગોત્યા. લઠેડ઼ીવારેં શબ્દપિપાસુ લહેરીભા જૅડ઼ા મિત્ર ''લજ'' = ગોતી ડૅ, ઍડ઼ો શબ્દ હલાયાં, જુકો કાનેમંતર વિગર જે લિસ્ટમેં ઉમેરી સગાજે. પણ શબ્દકોશ જે નિયમ પ્રમાણે 'લજ' ઈ સ્વતંત્ર નાંય પણ ''લજણૂં-ગોતવું'' જો આજ્ઞાર્થરૂપ આય. ઍડ઼ી રીતેં ક્રિયાપદ જા કાળ ને પુરુષ જે હિસાભેં ઘણો શબ્દરૂપ ભની સગેં, જુકો સ્વતંત્ર શબ્દ ન ગણાંજે. અચ, રમ, ખમ ઈ અચણૂં, રમણૂં, ખમણૂં જા આજ્ઞાર્થ સ્વતંત્ર શબ્દ તરીકે ન હલેં. ઈ હિકડ઼ો સાધો નિયમ સ્વીકારી લહેરીભા ક લાલજી ભા શોઠિયા (નાગપુર) જેડ઼ેં ભાષાજે રઙમે રઙેલ ભાષા પ્રેમીઓંકે ઈનજ રીતેં ઈગીયા શબ્દેં જી સોજાર ચાલુ રખેલા નોંતરો !

પાં ઈગીયા પગ મંઢિયૂં !

'લજ' કે છડીને ઈગીયા મીટ કિઈ ત હિકડ઼ી નીંગરી (દીકરી) પિઈ હલઈ અચે, જિરા નિરખી નેર્યો ત ઈગીયા મોં તે લટ પિઈ લટકે ને બાઈ પિઈ ખિલે !

(૧) લટ (સ્ત્રી) - લટ, થોડા વાળની સેર (f) lock or tress of hair

(વાક્ય) ''મૂરેં બાઈ રૂપારી ને મથા વાર ઍડ઼ા વેડ઼ે જ લટૂં પિઈયૂં લટકેં, પોય ત ઈનજી શોભા નેર્યો વિઠા ! ''

સંસ્કૃત **લટ્વા** મિંજા નિકરલ ઈ શબ્દ આય જ રૂપારો, અરથ કોં સમજાયો ન સમજાજે ય ધીયડ઼ી જે મોંકે જિરા ટૅમ કઢી નેર્યૂં ત પિનંઈ પધરો થિઈ વિઞે !

'લટ' મિંજા નિકરલ હિકડો શબ્દ આય જુકો. કાનેમંતર વિગર જો ન હું ધે પણ અપવાદ તરીકે ગિને વગર રઈ નતો સગાજે ! કો જે કારાણીબાપા ઈન શબ્દ કે પિંઢજે કાવમેં ગિની અમર કરી છડયાં અયાં ! ઈ શબ્દ આય...

(૨) લટિયર વિ. - લટોવાળું (સુંદર, શોભતું) (adj) having locks of hair (in front of face)

''જિન શબ્દ જે ઉચ્ચારણમેં જ લટકો આય તેંજા વરી કુરો વખાણ કેણાં ?''

(૩) લટકમટક (અ.) લટકમટક, લટકા - અદાથી (adv) stylishly
લટકો - મોહક હાવભાવ મિંજા નિકરલ લટક મટક આય ત કાનેમંતર વિગરજો પ કેડ઼ો શોભે તો ?

(વાક્ય) ''છોરી નેર્યો તાં ! કૅડ઼ી લટકમટક તી વિઞે ! ''

અજ પાં હાણે નિયમનું બારં નિકર્યા જે અયૂં ત ... જિરા ''લટકો ચટકો'' કરી ગિનો !

(૪) લટકે-ચટકે (અ.) - લટકે–ચટકે, પ્રસંગોપાત ખાસ અવસરે (adv) occasionally

સસ નોંકે ચ્યાં,''બાઈ ગિન ગિન ઈ સાડી કડેંક લટકે-ચટકે પૅરાજંધી!''

(મોંઘી સાડી કીં જાથૂ (કાયમ) પૅરાજે ? લટકે ચટકે - તિથોવાર વૅ તૅર જ પૅરાજે !)

અજ હાણે 'લટકમટક ત અઆ' સુણાજંધો પ 'લટકે ચટકે' કડે સુણબો ?

પનપટી : ''લટિયર'' કે અજ 'લટ' જે નિમિત્તે સંભાર્યો ને સોનગઢ રત્નાશ્રમ જા પૂર્વ વિદ્યાર્થી સાભરાઈવારા પ્રસિદ્ધ સંગીતકાર -સ્વર સાધક વસંત ગડા જાધ પ્યા, જુકો બચેં વટા કારાણી બાપા જો ઈ ગીત ગારાઈધાવા જે મેં 'લટિયર' શબ્દ અંકિત આય,

''અસીં તાં કચ્છ ધરા જા બાલ !

કચ્છ જા લટિયર બેટા લાલ !!''

હિકડી સિલામ ભા વસંત (વિશનજી) ગડા કે

ને સૉ સૉ સિલામીઉં યુગસર્જક

દુલેરાય કારાણી કે !!

-વિશન

બેઠો છું

શબ્દથી શણગારેલી મહેફીલ ભરી બેઠો છું,
સ્વનાં સંભારણાંની યાદ ભરી હવે બેઠો છું.

મન ભટકે ત્યારે અક્ષર અજવાળે બેઠો છું.
ને શબ્દ તણો દરબાર ભરી હવે બેઠો છું.

અંધકાર હટાવવા સાભર સંગાથે બેઠો છું,
શબ્દ સંગાથે સાહિત્ય જ્યોત જલાવી બેઠો છું.

માનવ માનવના વેર ભુલાવવા હવે બેઠો છું,
ને શબ્દ સથવારે દીપ લઈને હું હવે બેઠો છું.

અક્ષર દીપક જ્ઞાન પ્રકાશે સૌને જોવા બેઠો છું,
''દિલકશ''સૌના મનમાં પ્રકાશ કરવા બેઠો છું.

દિલીપ આચાર્ય, ''દિલકશ'' (ભુજ)
મો : ૯૯૨૫૪૨૬૯૮૮

'ભાઇ? - સાંભળ'

કોઇની ગાળોને પણ જો ખમી શકો તો ઠીક,
સાદી વાત માની જો સમજી શકો તો ઠીક.
આતો સ્વર-વ્યંજન છે બારાખડીનાં છતાં,
શબ્દોની જાત છે એને ન સમજો તો ઠીક.

હશે પીધેલી હાલતમાં 'પ્રેમ' આપણે તો પીધું નથી,
આખરે કંઇક આપ્યું છે, આપણાથી કશું લીધું નથી.
છે રકમ આતો વ્યાજ વગરની વાપરી નાખો,
કે તમે પણ આપો પાછી એવું એ
બિચારાએ કીધું નથી.

પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર
ફોન : ૨૮૯૫ ૩૪૫૯

સત તરાઈયૂં : કવિ જયૂ ભાનુશાલી

અસાંજ્યું વાડૂં

મીંયડ઼ા આયા નેં સંભરેંત્યું વાડૂં,
વાડ઼ વલી તૉજો કિડાં રે વ્યો ટાંણું.

વાડ઼ તૉજા કિત-કિતરા, રઙ નેં રૂપ વા,
વાડ઼ તૉજી સૂરેંજા સૉ સૉ સ્વરૂપ વા,
વાડ઼ વલી તૉ વટ તાં નેહ જો નાંણું.

બર-બરંધે ઊનારે બરી થીએં કારી તું,
વાગ઼ા ભધલાય વરી થીએં રૂપારી તું,
વાડ઼ વલી તૉ વટ અઙણજ્યું ઉમાણું.

સી જલીયેં સીયારે, ગભરો ભનેતી લાટ,
બરી ડીંયેં હૂંફ ઍડ઼ી, ગુણીયલ તૉજી રે જાત.
વાડ઼ વલી તૉ વટ તાં, ખુસીયેંજ્યું ખાણું.

ચૉમાસે નીલી નવેલ ફૂલેં ફૂલડ઼ેં સેં,
વાલપ જ્યું વલૂં તૉકે ભેટેંતીયું ધિલડ઼ેસેં.
વાડ઼ વલી તૉ વટતાં કરીયું હટાણું .

સંભારે સંભારે

અંધર જે ચંધર જે ઉજારે ઉજારે,
અસીં પોખીયા કણ સુજારે સુજારે.
ઘણે માંણેયા હીં અસીં મીં જ્યું મુંધૂં,
વડર કે પનેં તેં ઉતારે ઉતારે.
સચા કિત ઠર્યાસીં? વર્યાસીં હમેશાં,
વ્યાસીં જિડાં પણ વીચારે વીચારે.
ધિલડ઼ી બચી કે નં ભાષા ક બાસા,
અસીં કાવ ક્યાસીં, મઠારે મઠારે.
પુરેંતાર પીડ઼ા મેં પગ઼ પગ઼ પખેરા,
ટુબી ડીજ તારૂ સંભારે સંભારે.

ખ્યાલ કર

પ્યારજી પારસમણીજો ખ્યાલ કર.
વિઈ નિકા વેંધી ઘડ઼ીજો, ખ્યાલ કર.

ફેરીયેંતો આંગરી તલવાર તા,
વઢ વિજાઈનેં અણીજો, ખ્યાલ કર.

નેપે બટકણી ચીજ બૉરી આય ઈ,
ભા, મિઠા તું લાગ઼ણીજો, ખ્યાલ કર.

ઊ ભલેં ડાતાર-ડાની આય પણ,
તૂં ત તૉજી માઙણીજો ખ્યાલ કર.

ખુંચધી અખીંમેં ઈ ખીલે વાંજીં નિકી,
વૅર જી ઉડંધલ કણીજો, ખ્યાલ કર.

જોખીયેંતો કૂડ઼ સે, રૂંનેં ભલા!
આય હથમેં તાંકડ઼ીજો, ખ્યાલ કર.

મઞીયાં તૉકે

જાધૂ ઍડ઼ો સિખી સગ઼ેં ત મઞીયાં તૉકે,
રુગી માક કે તિકી સગ઼ેં ત મઞીયાં તૉકે.

સબધેં જા હી ગામ, સીમનું પાર લંગીને,
ધિલજ્યું ગ઼ાલીયું લિખી સગ઼ેં ત મઞીયાં તૉકે.

વધ વધણી કેંણી ઈ જ નતો વે માપ તાડ઼ જો,
ખારે રિણમેં ફુટી સગ઼ેં ત મઞીયાં તૉકે.

ફૂલ વાંજી તું ખિલી સગ઼ેંતો ઇતરે ચાંતો,
સુગંધ વાં જીં, લિકી સગ઼ેં ત મઞીયાં તૉકે.

રામ મિલેલા અચેં નાં અચેં, રામજી મરજી,
શબરી થિઈ નેં સિકી સગ઼ેં ત મઞીયાં તૉકે.

ખરાખરી

રઙ વિગર પણ વૅ રઙાણું તૅર થીઍતી ખરાખરી,
અખીએં સેં વૅ સિજ઼ રીસાણું તૅરથી ઍતી ખરાખરી.

કૈક અધૂરેં અરમાને જો, મૉલ જડેં કો મઈ રૅયો વે,
ઉભૅલ ખેતર પૅ રંભાંણું, તૅર થીઍતી ખરાખરી.

અમરતજી આશાએં તેં, સત સાગર જઙણા સૅલા ઐં,
જેર નિડ઼ીમેં હૂવૅ પચાણું તૅર થીઍતી ખરાખરી.

ધિલ તાં આયે ધરીયા જૅડ઼ો, કૈક પી વિઝે પીડ઼ાઊં.
અખીએં મેં વૅ ધરધ લિકાણું, તૅર થીઍતી ખરાખરી.

સાઈ થેઍતી ઝાંખી-પાંખી, પીડ઼ા અકબંધ પિઈ વૅ તીં,
લૂઈ ઉકારે કાવ કમાણું, તૅર થીઍતી ખરાખરી.

કવિ : જયૂ ભાનુશાલી

ગુરુ

ભીતર ભરે તું ભાવ ડૅ ગુરુ,
આતમ ઉજારે કાવ ડૅ ગુરુ.
અઘડ઼ રુગ઼ા પ્યો ખોધીયાં ખડા,
આરાધ તું અજાઓ ડૅ ગુરુ.
તૉજે ડીએં જે આસરે હલાં,
સુરતા મેં તું સુજાવ ડૅ ગુરુ.
જબકે હીયેંમેં, જ્યોત પ્રેમજી,
જગ઼ાય મૂકે સાઓ ડૅ ગુરુ.
વાડ઼ી ફુલેંજી જોતરઈ વડી,
અંતર અમીં જી આવ ડૅ ગુરુ.
અડ઼થેજા સમંધર તરણ મૂંકે,
સમજણ જી સુઠી નાવ ડૅ ગુરુ.

સજ્જન તો મેરુ

વેદનાઓ લાખ આવનાર
સજ્જન કદી ના ડરનાર

સજ્જનનો સંગ કરતાં તો
સુખી થઈ જાય સંસાર

દુર્જનોની વાણીના ચાબખા
સજ્જન સમતાથી સહેનાર

સંકટ વેળાએ દુર્જનને
પ્રેમથી સહાય કરનાર

''લઘુગોવિંદ'' સજ્જન તો મેરુ
દુઃખો સામે ના કદી ડોલનાર

-લઘુગોવિંદ

કલ્યાણ - ૪૨૧ ૩૦૧

મજા આય ઇનમેં

ધરધ કે લિકાયું, મજા આય ઇનમેં,
ખુસી કે વિરાઈયું, મજા આય ઇનમેં.

રુને સેં નં ધૂચે અંધારા હીયેં જા,
ડીએ કે જાગ઼ાયું, મજા આય ઇનમેં.

ન વૅ ગ઼ાલ નામે, છતાં ભીડ઼ થિઈ પૅ,
ઉતા જટ સિરાયું, મજા આય ઇનમેં.

કુછોં પાં નતા સે કુછૅતી હી સૂરત,
છડે ડૅ વડાઈયું, મજા આય ઇનમેં.

હજારેં પુઝે સેં અમી હી જુડૅતો,
કચ્છી મેં કુછાઈયું, મજા આય ઇનેમેં.

માનવ સીખી ગયો

સીખી ગયા ભાઈ સીખી ગયા
કોરોના વાયરસથી સીખી ગયા...

બહારનું તામસી ખોરાક ભૂલી ગયા
ઘરનું સાદું ભોજન ખાતા સીખી ગયા... સીખી ગયા...

ખોટી દોડા-દોડી કરતા ભૂલી ગયા
ઘરમાં હળી-મળી રહેતા સીખી ગયા.... સીખી ગયા...

કામવાળી ની આદત છૂટી ગયા
જાતે કામ કરતા સીખી ગયા....સીખી ગયા...

ખોટા ખર્ચા કરતા ભૂલી ગયા
જરૂરત જેટલું લેતા સીખી ગયા.... સીખી ગયા...

કરકસર કરતા સીખી ગયા
સાદું જીવન જીવતા સીખી ગયા.... સીખી ગયા...

માનવ ઘર આંગણ ને માણતો થઈ ગયો
સ્વમાં રહેતા સીખી ગયો.... સીખી ગયો...

શાંતિનું જીવન જીવતા સીખી ગયો.
સ્વ માં રમણતા કરતા થઈ ગયો

સીખી ગયો ભાઈ સીખી ગયો
કોરોના વાયરસ થી સીખી ગયો....

- દીના વીરેશ સંગોઈ
કપાયા - માટુંગા
મો. : ૯૮૧૯૭૧૫૧૭૦

વલો લગે તો ઘર

પાંકે વલો લગે તો ઘર,
ભેરુ પાંકે વલો લગેતો ઘર!
બ્યેં જ્યૂં મોલાતું નેં મેડીયૂં ભલેં હૂએં સખર,
પાંકે વલો લગે તો ઘર!

જનમ ગિનીને જિત અવલમેં અખિયૂં પાં ઉપટઇયૂં,
મા જે ખોરે વડે ચાગસેં મિઠીયૂં પાં માણઈયૂં,
જિત છિલક્યો જીજલજે ધિલસેં
હુભજો ઊ સાંયર!
પાંકે વલો લગે તો ઘર!

પેલવેલા જિન અઙણમેં પાં,
પા પા પગલા મંઢેયા,
ભા-ભિંઢનેં ભાંઢરુંએં ભેરા રાંધ રાંધ પાં રમેયા,
તીં સિખ્યાસીં ગાલબોલનેં ઉથ-વેજા અખર,
પાંકે વલો લગે તો ઘર!

મેંમાણોંકે હિત મુરકી-મુરકી
ખિલી ખિલી ખીંકાર્યૂં,
રેયાણ રસમેં વડા સણાઇયેં
પિરોલિયૂં-આખાણિયૂં,
ખલક સજે મ્યાં ઘુમી ફિરીને
પુજોં હિતે આખર!
વલો લગે તો ઘર!

રામજી જોશી ''રામ''

સાંત્વન

અવસાન નોંધ

(તા. ૧ ઑક્ટોબર ૨૦૨૧ થી તા. ૩૧ ઑક્ટોબર ૨૦૨૧)

ચક્ષુદાન : દેહ /ત્વાચાદાન : અવયવદાન :

પ્રાર્થના રાખેલ નથી

નામ	ઉંમર	ગામ	હાલે
દામજી કલ્યાણજી ગડા	૭૪	ખારૂઆ	સાંતાક્રુઝ
મહેન્દ્ર ખીમજી ગાંગજી સાવલા	૬૮	વડાલા	મીરા રોડ
અ.સૌ. પ્રેમીલા નવીનચંદ્ર માલસી મારુ	૭૧	હાલાપુર	હૈદરાબાદ
વેલજી દેવજી કચુ મારુ	૭૫	બિદડા	ભાંડુપ
ભાઈલાલ હીરજી પાસુ ગાલા	૭૯	મો. આસંબિયા	બોરીવલી
સુશીલા પ્રવીણ પ્રેમજી છેડા	૮૦	નવાવાસ	સાત રસ્તા
અ.સૌ. દુલારી મુલચંદ લખમશી સાવલા	૮૧	નવાવાસ	કૅમ્પસ કોર્નર
નિર્મળાબેન નેમજી ગાંગજી શાહ ગંગર	૯૫	બારોઈ	માટુંગા
ભરત જેવત ધનજી પોલડિયા	૬૫	બિદડા	મલાડ
કલ્યાણજી મેઘજી વેલજી ગોગરી	૭૭	સંભવપુર(ત્રગડી)	મુલુંડ
કસ્તૂરબેન દામજી શિવજી ગાલા	૮૦	સમાઘોઘા	કાંદિવલી
મા. લક્ષ્મીબેન કુંવરરજી દેવશી વીરા	૯૩	દેવપુર	વિદ્યાવિહાર
વિનોદ લાલજી ઉમરશી વોરા	૬૫	બેરાજા	વડાલા
અ.સૌ. વાસંતીબેન જયંતીલાલ દામજી મારુ	૭૧	ડોણ	મુલુંડ
મુલચંદ કેશરજી થોભણ ગડા	૭૦	મોટા લાયજા	ખેતવાડી
મુકેશ માવજી વીરજી શાહ / દેઢિયા	૭૦	કુંદરોડી	માટુંગા
લતાબેન લાલજી લખમસી છેડા	૭૪	ભુજપુર	ગોરેગામ
નેમજી પ્રેમજી હરશી ગાલા	૭૪	નાના ભાડિયા	બોરીવલી
મા. પ્રભાબેન લાલજી વીરજી નંદુ	૮૨	કોડાય	દહીંસર

નામ	ઉંમર	ગામ	હાલે
લીલબાઈ ઉમરશી વાલજી ગોસર	૮૨	ડુમરા	વાશી
અતુલ માવજી પુનશી ગાલા	૫૩	રતાડિયા ગણેશ	કાંદિવલી
હિંમત ભાણજી પ્રેમજી ગાલા	૬૮	સમાઘોઘા	ડોંબવલી
અમૃતલાલ નાનજી જેઠા દેઢિયા	૭૨	ટુંડા	ખાર
દેવરાજ તેજપાર ધરમશી હરિયા	૭૮	નરેડી	મુલુંડ
ડુંગરશી ગાંગજી નેણશી દેઢિયા	૭૮	કોટડી (મહા)	મુલુંડ
વસંત દેવજી વીરજી ગોગરી	૮૧	ભુજપુર	ચેમ્બુર
ખીમજી હીરજી દેવશી છેડા	૮૪	મો. આસંબિયા	થાણા
પ્રવીણ વિશનજી ખેતુ દેઢિયા	૬૬	ભોરારા	ભાંડુપ
પ્રભાબેન પ્રેમજી વેરશી ગોસર	૭૧	કોકલિયા	દહીંસર
લખમશી મોમાયા શાંતિલાલ સૈયા	૭૯	સમાઘોઘા	અંધેરી
શાંતિલાલ રામજી ટોકરશી ગડા	૮૦	બાડા	મુલુંડ
શા. કલ્યાણજી ગાંગજી ઉમરશી ગડા	૮૨	બાડા	કાંદિવલી
મા. મણિબાઈ રાયશી જેઠા દેઢિયા	૯૧	મોખા	બોરીવલી (૫૮ ઉ)
શ્રીમતી રંજનબેન વિનોદ ખીમજી સાવલા	૫૮	કોડાય	ભુજ
વિનોદ (ભોજાયનાં મા. ભાનુમતી મગનલાલ ગાલાના જમાઈ)	૬૦	—	ગોરેગામ
અ.સૌ. લેખા અરવિંદ મુરજી મારુ	૬૨	દુર્ગાપુર	પ્રાર્થના કચ્છ
હરિલાલ વેલજી ગોસર ગોગરી	૮૨	ગુંદાલા	ડોંબિવલી

નામ	ઉંમર	ગામ	હાલે
રાજેશ વસનજી દેવરાજ ધનાણી/મામણિયા	૫૩	બેરાજા	બોરીવલી
રમણીકલાલ કુંવરજી મોરારજી વીરા	૭૮	દેશલપુર (કંઠી)	માટુંગા
મા. વેજબાઈ ધનજી હીરજી વિસરિયા	૯૦	ભોજાય	મુલુંડ
વિશનજી રવજી કોરશી મારુ	૯૧	ડેપા	મલાડ
કુંવરજી નાયા કરમણ ગાલા	૮૮	આધોઈ	બોરીવલી
પરેશ નવીનચંદ્ર રામજી ગાલા	૪૯	પ્રતાપર	સાંતાક્રુઝ
ચુનીલાલ નરશી હીરજી દેઢિયા	૭૨	સાડાઉ	મલાડ
રતિલાલ ગાંગજી ચાંપશી નંદુ	૭૫	નાના આસંબિયા	નાલાસોપારા
ઉમાબેન શિવજી લખમશી ભેજા	૮૦	ભુજપુર	સાંતાક્રુઝ
પુરબાઈ લાલજી ખીંયશી ગડા	૮૦	મંજલ રેલડિયા	મુલુંડ
મા. હેમલતાબેન ડુંગરશી લખમશી સાવલા	૮૫	બેરાજા	ડોંબિવલી
હિતેશ્રી દિલીપ આણંદજી સોની	૨૪	બાંભડાઈ	નાલાસોપારા
વિજય ગાંગજી ભાણજી ભેદા	૫૬	કપાયા	સાંતાક્રુઝ
અ.સૌ. સ્વાતિ મહેશ કલ્યાણજી ગાલા	૬૪	મોટા લાયજા	માટુંગા
કાંતિલાલ દેવરાજ મુલજી ગાલા	૬૮	રામાણિયા	ચેમ્બુર
મા. લક્ષ્મીબેન પોપટલાલ કાનજી માલદે	૯૩	ભુજપુર	મુલુંડ
મા. દિવાળીબેન મેઘજી રવજી શાહ/ગડા	૯૪	બાડા	થાણા
ઉમેશ રતનશી કેશવજી ગાલા	૫૮	કાંડાગરા	ફોર્ટ
રીટા (કુંદરોડીનાં શાંતાબેન આણંદજી વિરજી શાહ	૬૩	—	પેડર રોડ (લંડન)
અરવિંદ મુરજી મોના મારુ	૭૧	દુર્ગાપુર	મુલુંડ
શાંતિલાલ વસનજી હીરજી શાહ/ગડા	૭૨	કોડાય	સાંતાક્રુઝ
ભાણજી રતનશી મેઘજી લાલન	૯૩	કોડાય	ચેમ્બુર
બિપીન મોરારજી વેરશી ગાલા	૫૧	નાના ભાડિયા	ભાંડુપ
હેમંત ખીમજી હંસરાજ સાવલા	૬૪	બિદડા	મલાડ
મા. પ્રેમીલાબેન હરશી દેવજી નાગડા	૭૨	નરેડી	કોટડા રોહા
જયંતીલાલ મેઘજી ઘેલા રાંભિયા	૭૫	ગુંદાલા	બોરીવલી
મણિલાલ દામજી મોણશી કેનિયા	૮૪	બારોઈ	જોગેશ્વરી
મા. જમકુંવરબેન તલકશી નરશી શાહ /છેડા	૯૨	નાની તુંબડી	બોરીવલી

નામ	ઉંમર	ગામ	હાલે
અ.સૌ. રમીલાબેન પ્રેમજી થાવર શાહ	૫૭	શિવલખા	પાર્લા
હેમંત ચુનીલાલ દામજી વીરા	૬૦	દેશલપુર	કોડાય
અ.સૌ. પુષ્પાબેન ઉત્તમચંદ ખીમજી દેઢિયા	૬૭	ભોજાય	મુલુંડ
હેમચંદ રામજી ઉમરશી મારુ	૭૦	બિદડા	મઝગામ
અ.સૌ. પ્રેમીલા હરખચંદ મોરારજી સાવલા	૭૨	નાના ભાડિયા	ડોંબિવલી
મા. શાંતાબેન ધારશી લાલજી નાગડા	૯૫	કોટડા રોહા	મીરા રોડ
મા. ચંચળબેન દેવચંદ શિવજી સાવલા	૭૩	કોડાય	ડોંબિવલી
અમૃતલાલ દેવશી વીરજી ગોગરી	૮૧	ભુજપુર	બોરીવલી
કસ્તૂરબેન ચુનીલાલ હંસરાજ ગંગર	૭૭	મોટી ખાખર	મઝંગામ
રતનબેન કુંવરજી લીલાધર છેડા	૮૬	કાંડાગરા	ગોરેગામ
મા. વિમળાબેન વશનજી પાલણ બૌઆ	૮૮	નાની તુંબડી	માટુંગા
અ.સૌ. નિર્મળા હરખચંદ હીરજી વોરા	૬૮	બિદડા	માટુંગા
અ.સૌ. દમયંતીબેન કાંતિલાલ ધારશી ભેદા	૬૮	મેરાઉ	થાણા
લાલજી વાઘજી આસમલ સાવલા	૭૪	કારાઘોઘા	અંબરનાથ
કિશોર મગનલાલ ભીમશી દેઢિયા	૫૫	ભોરારા	ડોંબિવલી
અ.સૌ. વાસંતીબેન ભાઈલાલ કુંવરજી ગોસર	૬૬	વિઢ	કાંદિવલી
કાંતિલાલ લીલાધર લખમશી છેડા	૮૮	ગોધરા	તિલકનગર
અમિત શામજી માલસી સાવલા	૪૨	દેશલપુર	પ્રભાદેવી
અ.સૌ. પુષ્પાબેન અમૃતલાલ હરીજી વીરા	૬૩	ભુજપુર	ડોંબિવલી
કલ્યાણજી હીરજી શામજી સાવલા	૬૯	ડોણ	ભાંડુપ
નુરખાન (લાખાપુરનાં નીરુબેન અરવિંદ મારુના જમાઈ)	૫૫	-	કાંદિવલી
હેમંત પ્રેમજી લાલજી લાલન	૬૪	કોડાય	દાદર
દેવજી દામજી પાલણ નાગડા	૯૨	ભોજાય	કાંદિવલી
નાનબાઈ વશનજી ગોવર છેડા	૯૨	પુનડી	ચેમ્બુર
અ.સૌ. વનિતા જયંતીલાલ કુંવરજી છેડા	૬૦	પુનડી	બોરીવલી
નવીનચંદ્ર કુંવરજી શિવજી ગડા	૭૪	સાભરાઈ	ડોંબિવલી
નવીનચંદ્ર રવજી લાલન	૭૫	કોડાય	ગોરેગામ
બુદ્ધિબાઈ ઉમરશી ખીમજી કારાણી	૭૫	નારાણપુર	ડોંબિવલી

નામ	ઉંમર	ગામ	હાલે
જયવંતી ધનજી રવજી છેડા	૮૩	પુનડી	મલાડ
બા.બ્ર. હંસાબેન રવજી મુરજી કેનિયા	૬૫	બારોઈ	થાણા (૧૫ ઉ)
લખમશી દેવજી શિવજી સૈયા	૮૧	ગેલડા	ડોંબિવલી
કુ. ગીત જયેશ હીરજી સોની	૧૦	લુણી	ભાઈંદર
વિમળાબેન અમરશી પાલણ ગાલા	૬૨	લાકડીયા	નવી મુંબઈ
અ.સૌ. વીણાબેન પ્રબોધ નરશી દેઢિયા	૬૮	ગઢશીશા	ઘાટકોપર
રોહિત પ્રેમજી નરશી દેઢિયા	૭૦	ભુજપુર	ઘાટકોપર
ખીમજી ટોકરશી વેલજી દેઢિયા	૭૩	ગઢશીશા	ભાંડુપ
સુશીલા વસંત લાલજી શાહ /વોરા	૭૩	કુંદરોડી	ચિંચબંદર
ઝવેરચંદ ચના જીવરાજ ગાલા	૭૫	ભોજાય	ચેમ્બુર
શા. લાલજી મેઘજી વીરજી મામણિયા	૭૭	પુનડી	બોરીવલી
વલ્લભજી નાગજી મુરજી છેડા	૮૮	હાલાપુર	વાશી
દેવકાંબેન ભવાનજી મુરજી નાગડા	૯૨	કારાઘોઘા	ઘાટકોપર
વિમળા વલ્લભજી મેઘજી સાવલા	૭૪	ડેપા	હૈદરાબાદ
મા. મંજુલાબેન રામજી લખમશી વિસરિયા	૮૭	કોડાય	અંધેરી
મા. વેજબાઈ કરમશી ધારશી સતરા	૯૪	ગુંદાલા	મુલુંડ (૪૮ ઉ)
મા. મણિબેન કેશવજી મોણશી રાંભિયા	૯૭	રામાણિયા	બીજાપુર
જયેશ લક્ષ્મીચંદ ઘેલાભાઈ ગાલા	૫૬	બિદડા	બોરીવલી
મનસુખ દામજી નાનજી પોલડિયા	૬૧	તલવાણા	થાણા
જિતેન્દ્ર વીરજી પદમશી દેઢિયા	૫૭	ભોરારા	વિરાર
જયંતી ચાંપશી છેડા	૬૧	લાકડિયા	મહાલક્ષ્મી
અરવિંદ ભવાનજી નાનજી ગાલા	૫૮	પત્રી	દહીંસર
હેમંત મણિલાલ ભાણજી લાલન	૬૧	કોડાય	જબલપુર
મણિલાલ રવજી નિસર	૬૮	આધોઈ	ચેમ્બુર
કુસુમબેન પ્રેમજી હીરજી કેનિયા	૭૭	બારોઈ	ઘાટકોપર
ગ. સ્વ. વિમળાબેન હરિલાલ મણશી દેઢિયા	૯૦	પત્રી	ડોંબિવલી
લક્ષ્મીચંદ શામજી કચુ ગોગરી	૭૩	પત્રી	પત્રી
મંજુલાબેન વિશનજી વીરજી ગોગરી	૮૯	કપાયા	નાલાસોપારા
મા. કસ્તૂરબેન વેરશી રવજી સાવલા	૯૮	નાની તુંબડી	ચિંચપોકલી

નામ	ઉંમર	ગામ	હાલે
ચુનીલાલ તેજશી માલશી ગલિયા	૭૬	લુણી	દહીંસર
પ્રેમજી મુલજી માણેક કારાણી	૮૫	ડુમરા	અમદાવાદ
ભારમલ ખાખમ માલા ડાઘા	૮૭	આધોઈ	અંધેરી
પાનબાઈ ખીમજી ડુંગરશી મામણિયા	૯૧	મેરાઉ	હૈદરાબાદ
લતા હિતેશ ખીમજી ગડા	૪૭	લાયજા	નાલાસોપારા
અ.સૌ. હંસાબેન ખુશાલ હીરજી ગાલા	૫૨	કાંડાગરા	નાલાસોપારા
રમણીક રામજી રવજી મોતા	૬૭	ભુજપુર	બારામતી
શાંતિલાલ શામજી માણેક ગાલા	૭૧	રાયણ	નાલાસોપારા
કાળધર્મ પામેલ છે.			
નિર્મલગુણાશ્રીજી મ. સા.	૯૦		
મહાપુરુષ લીલાધરસ્વામી	૯૦		
પ્રાર્થના રાખેલ છે.			
તારાબેન કોમલ રવજી છેડા	૬૬	બિદડા	બોરીવલી
હંસરાજ ખીમજી લખમશી ગોસર	૭૭	કોટડા (મહા)	બોરીવલી (ઝૂમ)

મુક્તકોનો ચોક

મોટા નામનાં પાછળ દોડવાથી
કોઈ કંઈ ફાયદો નથી દોસ્તો
નદીને મૂકીને દોડ્યો દરિયા પાછળ
તો ખારાશ સિવાય કંઈ ન મળ્યું

✤ ✤ ✤

ઈચ્છા હોય તો એ જગ્યા પર
ફૂલોના રોપા વાવજો
બાકી મારૂ પૂતળું ન મૂકતા
નાહક ખોટી જગ્યા રોકશે

✤ ✤ ✤

દેખાય છે એ બધું
સત્ય નથી હો તું
આડસમાં એની કદાચ
ઝૂક પણ હોઇ શકે

શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ

સંજીવની સ્વાસ્થ્ય યોજના

બુક બેંક

પગદંડી

સાંસ્કૃતિક કાર્યક્રમ

સમુહ લગ્ન

સ્ત્રી ઉત્કર્ષ લોન

શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ

રમતગમત

વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET

રહેઠાણ લોન

શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ

WPP Licence No.:- MR/Tech/WPP-215/East/2020-22
PAGDANDI (Monthly) DECEMBER 2021 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Mumbai Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Postal Regd. No. MCE/251/2020-2022

DIVERSE RANGE | UNMATCHED QUALITY

Industry Leading Technology, Driving Sustainable Growth.

Trusted Products, Proven Expertise.

MOLDED INDUSTRIAL PACKAGING



HOSPITAL FURNITURE PARTS

AUTOMOTIVE COMPONENTS

INFRASTRUCTURAL FURNITURE PARTS

WELFARE ACTIVITIES:

- Reusable and Recyclable Products
- Rain Water Harvesting Systems
- Constant Quest To Find New Ways To Be More Efficient And Green
- 100% Virgin Material
- Employee Welfare Practices, Understanding Their Personal Matter And Hand-holding Them During Times Of Need
- Empowering Physically Challenged Women

Mitsu
You visualise...we mold

Mitsu Chem Plast Ltd.
Blow Moulding | Injection Moulding | Custom Moulding

+91 22 25920055 | sales@mitsuchem.com | www.mitsuchem.com
329, Gala Complex, Din Dayal Upadhyay Marg, Mulund (W), Mumbai - 400 080., Maharashtra, India.